श्रीमद्दयानन्दप्रकाश

[illegible]

ओ३म्

आर्य-साहित्य-मण्डल-अजमेर.

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગુજરાતી સરલાર્થરૂપે

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ

અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ પહેલી, પ્રત ૨૦૦૦૦; સંવત. ૧૯૮૮

સાદુ પૂંઠું ૧।। આનો, પાકું બે આના


મુંબઇ તથા બીજે ૦)ાા વધુ.

"છાપવા છપાવવાની સર્વને છૂટ છે."

"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" અમદાવાદમાં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત
જેઠ-૧૯૮૮ ઈ૦ ૧૯૩૨

जयसच्चिदानंद

જે જે સજ્જનોને
આમાંનું જ્ઞાન સમજવા–પાળવામાં
કાંઇ પણ પ્રીતિ પ્રકટી હોય
તેમને સવિનય સાધુવાદ;
અને જેઓ નિત્યપ્રાત
ગીતા ગ્રંથનો જ્ઞાનપ્રકાશ
હૃદયમાં પાડ્યા કરી
મોહરૂપી અંધકારને
તેના પરિવાર સાથે
હાંકી કહાડવા
મથતા હોય
તે તે સર્વ
દિવ્યાત્માને
વંદનપૂર્વક
जयसच्चिदानंद





यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

समर्पण

नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये
सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते
सहस्रकोटी युगधारिणे नमः ॥

असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्राविणं त्वमेव
त्वमेव सर्वं मम देवदेव ॥

कायेन वाचा मनसेन्द्रियैर्वा
बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात् ।
करोमि यद्यत्सकलं परस्मै
नारायणायेति समर्पयामि ॥

समर्पणनो भावार्थ

હજારો રૂપવાળા; હજારો ચરણ, આંખો, મસ્તકો, સાથળો અને બાહુઓવાળા; હજારો નામવાળા; સહસ્ત્ર કોટી યુગોને ધારણ કરનારા અને સદાય શાશ્વત એવા આપ અનાદિ–અનંત પરમ પુરુષને નમસ્કાર હો.

જો નીલપર્વત જેટલું કાજળ હોય; મહાસાગર જેવડો ખડીઓ હોય; કલ્પવૃક્ષના ડાળની કલમ હોય; પૃથ્વી જેવડો કાગળ હોય અને એ બધું લઇને તેના વડે સાક્ષાત્ સરસ્વતી સદાકાળ લખ્યા કરે, તોપણ હે નાથ! આપના દિવ્ય ગુણોનો પાર આવે નહિ.

હે દેવોના દેવ! મારે માતા પણ આપ છો અને પિતા પણ આપ છો; બંધુ પણ આપ છો અને મિત્ર પણ આપ છો; વિદ્યા પણ આપ છો અને દ્રવ્ય પણ આપ છો; ટુંકમાં હે સર્વેશ્વર! મારૂં તો સર્વ કાંઇ એક આપજ છો.

માટે કાયાવડે, વાણીવડે, મનવડે, ઇંદ્રિયોવડે, બુદ્ધિવડે, ચિત્તવડે, અહંકારવડે અથવા પ્રકૃતિના સ્વભાવવડે જે જે કંઇ કરૂં છું; તે સર્વ હે પરબ્રહ્મ નારાયણ! આપના ચરણકમળમાં સમર્પણ કરૂં છું.

निवेदन

કેવું ગરવું ગીતાજ્ઞાન, જેના ગાયક શ્રીભગવાન;
સીધે પંથ સુણાવે શ્રેય, વ્યવહારે પણ મોક્ષજ ધ્યેય.
તે ભૂલી ભારતસંતાન, ભૂલ્યાં ભવ્ય ધર્મનું ભાન;
ધર્મ કર્મથી થઇને ભ્રષ્ટ, સર્વ પ્રકારે પામે કષ્ટ.
તેહતણી સેવાને કાજ, સુલભ કરવા ગ્રંથસમાજ;
સુજનોના પુણ્યે સૌ થાય, કર્તા ધર્તા શ્રી હરિરાય.

મૂળ તથા સરલાર્થવાળી ગીતાની ૧૦ મી આવૃત્તિ છપાયા પછીથી આ સરલાર્થવાળી ગીતા છપાઇ છે; તેથી એ કરતાં આમાં સરળતા, સ્પષ્ટતા અને ભાવવાહકતા વિશેષ લાવવા થોડો થોડો સમય મળ્યો છે. સુયોગ્ય જનોને એ યત્ન કાંઇ પણ સફળ થયેલો જણાય તો તેનો યશ તે પરમ પ્રેરક સર્વેશ્વરને ઘટે છે અને ઓછપ દેખાય ત્યાં ત્યાં આ સેવકની અયોગ્યતા સમજવાની છે. આશા છે કે આમાં ભૂલ દોષ ઇત્યાદિ જણાય તે તે સજ્જનો સુધારી મોકલવા કૃપા કરશે, કે જેથી નવી આવૃત્તિ-પ્રસંગે તેનો યથામતિ લાભ લઇ શકાય.

આ સરલાર્થવાળી ગીતા પણ વહીવટી ખર્ચ ચઢાવ્યા વિનાની કિંમતે નીકળી છે અને થોડા માસ સુધી એથી પણ ઓછા મૂલ્યે મળશે. પરંતુ

એ ઉપરથી એ ખોટ પૂરવા વગેરે માટે કોઇ સજ્જન આર્થિક સહાય મોકલવા શ્રમ લે નહિ; તથા કોઇ આ સેવકને દાતાર કે માલીક માની લઇને મફત માગવાનો પણ શ્રમ લે નહિ એવી વિનતિ છે. સર્વ શુભોનો અખૂટ ભંડાર, સાચો સ્વામી, પરમ દાતાર અને પરમ પ્રેરક તો તે શ્રીહરિ છે; અને આ સેવક તો આ કાર્યમાં એક અયોગ્ય અને નામમાત્રનોજ સેવક હોઇ તેનો અધિકાર ગાડા નીચેના કૂતરા કરતાં જરાય વધારે આ સંસ્થારૂપી ગાડા સાથે અને તેના ધરાર ઉલાર સાથે રહેલો નથી. જે જનસમાજના નિમિત્તે આવા અયોગ્ય સેવકને આ સંસ્થારૂપી ગાડાની છાયામાં તે સર્વેશ્વર કૃપા કરીને ચાલવા દે છે; તે બદલ તેનો અને પાઠકસમાજનો ઉપકાર માનવાને બદલે પ્રયત્ન કે પરોપકાર કરનાર તરીકેનો દેહાભિમાનભર્યો દાવો તો નાલાયક મનજીભાઇ આવે પ્રસંગે કરવા ઇચ્છેજ; અને તે દયાસિંધુ બચાવે તોજ બચાય. 'હું આવો છું', તેવો છું' ઇત્યાદિ આન્તરિક મોહમદિરાની પેઠે બહારથી પણ 'તમે આવા છો, તેવા છો' ઇત્યાદિ "અભિમાનં સુરાપાનં" પાનારા તો મળે; તે છતાં પણ મૂર્ખ મનજીભાઇ જ્યારે જ્યારે એ પ્યાલા ગટકા-

વવાની મોજ માણી શકે નહિ; ત્યારે ત્યારે તે કૃપા-સાગરની કૃપાપ્રસાદીજ કારણરૂપે હોય છે. આ અયોગ્ય સેવકને એવી પ્રસાદી જરાતરા પણ મળતી હશે, તો તો વહેલે મોડે પૂરેપુરી પણ મળશે એવી શ્રદ્ધા છે. પણ આવી અંતરંગ વાત આ સ્થળે શાથી લખાઈ? ઉંડે ઉંડે પણ બાહ્ય પ્રતિષ્ઠા મેળવવાનો લોભ તો એમાં નથી રહેલો? ખરી વાત તો સર્વજ્ઞ જાણે; પણ એવાં લોભલાલચ હોય તો તે હવે સર્વેશ્વરના શરણ તરફજ વળી જાય એવી કૃપા અને યોગ્યતા તે કૃપાસાગર અને સિદ્ધાત્માઓ શું નહિ પ્રેરે!

આગલી સં. ૧૯૭૦ વાળી પાંચમી આવૃત્તિ-થી અત્યાર સુધી નિવેદનરૂપે જે વિચારો સંયો-ગાનુસાર થોડા ફેરફાર સાથે અપાતા આવ્યા છે તે આ નીચે પણ સહેજ ફેરફાર સાથે આપ્યા છે.

બાઇબલ સોસાઇટિ અને ખ્રિસ્તી મિશનો-દ્વારા ભારતવાસીઓને ખ્રિસ્તીઓ બનાવવા વગેરે માટે દરવર્ષે જે કરોડોનાં ફંડ ક્રિશ્ચિયન ધનિકો વહેવરાવતા આવ્યા છે; એવા બુદ્ધિમાન દાતાઓ અને પરોપકારી કાર્ય કરનારાઓ આ દેશમાંથી નીકળી આવે અને અગ્રેસરો, ધનિકો, ધર્મગુરુ-ઓ વગેરે એવી અનેકવિધ ઉપકારક બાબતો

સમજે તથા પાળે ત્યારની વાત ત્યારે.

ગીતા આદિ અસામાન્ય ગ્રંથોની તથા મહાન પૂર્વજોની જયંતિઓ સ્થળે સ્થળે જગવીને સૂતેલા સુસંસ્કારોને જગાડનારા; યોગમય પુરુષાર્થી જીવન-કથનવડે પ્રતાપી પ્રવાહ ફૂંકનારા; અનેકાનેક અનાથ બાળકોને, દીન વિધવાઓને, તથા વગર સમજ્યે-દેખાદેખી-એદીપણાને લીધે-વિના સંયમે અને વિના અધિકારે ત્યાગીનો વેષ લેનારા વગેરેને દેશની દુર્દશા વધારતા રોકી એમાંથી (ખ્રિસ્તીઓની પેઠે) પોતાના દેશ અને ધર્મને માટે થોકબંધ સાચા બ્રહ્મચારીઓ, પંડિતો, કથાકારો, ઉપદેશકો, દેશભક્તો, લેખકો, શિક્ષકો, પ્રચારકો, વૈદ્યો, વીરાત્માઓ, સ્વયંસેવકો અને સૈનિકો વગેરે પ્રકટાવનારા; તથા એવી બાબતો પાછળ સર્વભાવે એકનિષ્ઠ અને સમર્પિત થઇ જઇ બહુ બાબતોના બખેડામાં બનવાના લોભથી બચી જાણનારા સાચા કર્મવીર અને ધર્મવીર ભારતવર્ષમાં ક્યાં અને કેટલા ? એકાદ પાંદડાજોગી વાતને અને વિદેશી-વિધર્મીઓનેજ સર્વ દુઃખની જડ સમજી લઇ ભ્રમ્યા-ભ્રમાવ્યા કરનારા બખેડાંઓ ભલે તાળીઓ ને થેલીઓ મેળવ્યા કરે; અને ભલે

ધનિકોનાં છોકરાંને સરકારનું કે એવું તેવું શિક્ષણ
આપ્યા કરી દેશનું ઘર ઘાલવા છતાં તેમાં દેશસેવા
માન્યા-મનાવ્યા કરે! આવી અવળી રીતે પણ જ્યાં
સહેલાઇથી યશ અને પૈસા મેળવી શકાતા હોય,
ત્યાં પછી ઉંડા તળસ્પર્શી વિચાર તથા નિશ્ચય કરી-
ને માત્ર અમુક કે તમુક બાબતમાંજ એકનિષ્ઠ બની
ઉંડા ઉતરવા જેટલી પાયાભૂત ગરજ-ફરજ અને
ગતિ મતિ જાગવી, એ તો કોઇ દિવ્યાત્મા માટેજ
હોઈ શકે. બીજાઓને લેવાદેવાજ શી હોય! પછી
ભલેને પરધર્મીઓના વિઘાતક, વિશાળ અને ગુપ-
ચૂપ હુમલા ગમે તેટલા ચાલ્યા કરે! ભલેને લાખો
વિધવાઓના આંતરિક આર્તનાદ હિંદુજાતિને
રસાતળમાં પહોંચાડી દે! ભલેને બધાય અંત્યજો
તથા કાળી પરજને વિધર્મીઓ અપનાવી લે! ભલેને
ધર્મને નામે ગમે તેટલાં ધતીંગો, યુક્તિઓ અને
દુરાચારો ચાલ્યા કરે! ભલેને બધાય હિંદુઓ આર્ય
પ્રજા મટી જઇ કુરકુરિયાંની પ્રજા બની જાય કે
સાવ ઉખડી જાય! એવું તેવું જાણવાવિચારવાની-
જ કોને પડી છે? આર્યસમાજીઓ, યુવકો કે
બીજા કોઇ એવું તેવું કાંઇ કરે કરાવે તેમને ઉત્સાહ
આપવા જેટલી પણ જ્યાં અક્કલ કે લાગણી હોય;

નહિ ત્યાં સહાયની તો વાતજ કેવી !

ધનિકવર્ગ પણ જ્યાંસુધી આવી તેવી દેશ-કાળને અનુસરતી અનેક બાબતો નહિ સમજતાં માત્ર ગાડરીઆ પ્રવાહે—અર્થાત્ દાનપુણ્યના ચાલ્યા આવતા પ્રકારે—કે જેમાંના ઘણા પ્રકાર તો અત્યારે ચોખ્ખા નુકસાનકારક છે તેજ રસ્તે—તણાયા કરશે; જ્યાંસુધી સરકાર માબાપ રાજી થઇ જઇ એકાદ ઇલ્કાબનું પૂછડું વળગાડી દે, એવાંજ કામો કરવા જેટલી અક્કલ રહેશે; જ્યાંસુધી ધર્મ-ગુરુઓ પોતાની રાજસ તામસ વૃત્તિઓને પોષવા માટે શિષ્યવર્ગના તન મન ધનને પોતાનાજ ચરણ-માં સમર્પાવ્યા કરશે; જ્યાંસુધી તેઓ પોતેજ ખરી નિષ્કામતા અને સાદાઈ ધારણ કરીને સાત્વિક દાનના દેશકાળને અનુસરતા પ્રકારો પોતાના કથન ઉપરાંત આચરણથી પણ ઉપદેશવાની અક્કલ આવવા દેશે નહિ; જ્યાંસુધી એ સ્વાર્થસાધુ ગુરુ બાપલિયાઓના બાહ્ય ઠાઠ અને વાણીચાતુર્યથી અંજાયલા રહીને **વૃથા વૃષ્ટિ સમુદ્રેષુ** કર્યા કરનારા અંધશ્રદ્ધાળુ શિષ્યો એમની સ્વાર્થલોલુપતા સમજી જઇ તેમને સુધારવાના તરંગ જવા દઇને હાંકી કહાડશે નહિ; જ્યાંસુધી અગ્રેસરો દેશની અનેક-

વિધ દુર્દશાને માટે બીજાઓનેજ દોષ આપ્યા કરશે; અને ખુદ પોતામાં, ઘરમાં, જ્ઞાતિમાં, સમાજમાં અને ધર્મને નામે વ્યાપી રહેલા અવળા વિચારોને, ઉપલકિયા આચારોને, વિઘાતક શાળાશિક્ષણો તથા ધર્મને નામે ચાલતાં ધતિંગો અને અયોગ્ય રૂઢિ રિવાજોને ખરા કારણરૂપે સમજી શકશે નહિ અને એવી તેવી બાબતોને ટાળવા–સુધારવાના પ્રબળ પ્રયત્ન કરવા માંડશે નહિ; જ્યાંસુધી તાત્કાલિક કીર્તિવિનાનું અને અધિક શ્રમસાધ્ય એવું સ્વાર્પણનું અમોઘ સત્ત્વ ધરાવનારા એવા અનેક બુદ્ધિમાન સાધકો, પુરુષાર્થી સ્વયંસેવકો, ભામાશાહ જેવા ધનિકો, ધુરંધર ધર્મગુરુઓ, કુશળ કથાકારો અને ઉંડી ધગશવાળા અગ્રેસરો વગેરે નીકળી આવશે નહિ; જ્યાંસુધી કર્મયોગના, દાનદયાના, તત્ત્વજ્ઞાનના, અનાસક્તિના, અનન્ય ભક્તિના, સમભાવના, સત્યાગ્રહના, દેશાભિમાનના, નીડરતાના, વિદ્વત્તાના, દુરાચારવિરોધના, સત્યોપદેશના, સાદા જીવનના, સર્વાર્પણના અને સહનશીલતા વગેરે દૈવી સંપત્તિના શતાવધિ વીરાત્માઓ ભારતની ઝુંપડીઓમાંથી બહાર આવીને સમરાંગણમાં ઝોકાવશે નહિ અને

દેશના ખૂણેખૂણાને એ તલસ્પર્શી સંપત્તિના પ્રખર પ્રકાશથી ભરી કાઢશે નહિ; ત્યાંસુધી દેશમાં ઉંડી જડ ઘાલી બેઠેલો અજ્ઞાન અને કુચારિત્રરૂપી અંધકાર તો તેનાં બાળબચ્ચાંરૂપ દુઃખ, દારિદ્ય અને દુર્ગુણો સાથે દૂર થવો તથા તેનાં ફળ ભોગવાવનારાં અનેકવિધ બાહ્ય નિમિત્તો ટળી જવાં એ બધું મુશ્કેલજ છે.

યુનિવર્સિટીની પરીક્ષામાં પાસ થનારા નવયુવકોને પદવીની સાથે ક્રિશ્ચિયનો તરફથી બક્ષીસ અપાતી બાઇબલની ભપકાદાર બુકો મળેલી કોણે નહિ જોઇ કે જાણી હોય? છતાં પણ અફસોસ છે ઓ ધર્મપ્રેમી હિંદુ–આર્ય સંતાનો! કે તમારા ગીતા અને રામાયણાદિ મહાન ધર્મગ્રંથો વિષે એવા તેવા કોઇ વિચાર તમને કેમ નથી આવતા? એકાદ મૂર્ખ પણ સમજી શકે એવી અને પરોપકારના પુણ્ય સાથે પુષ્કળ કીર્તિ અપાવે એવી સાદી સીધી બાબતો પણ સમજવા અને સાધવા જેટલાં તમારાં હૃદયકપાટ હજી નથી ખુલી શકતાં? શું હજી પણ તે બંધજ રહેશે?

બંધુઓ! હવે તો લોકોની ખરી સ્થિતિ અને હાજતોને બંધબેસતા પરોપકારના સન્માર્ગોએ તમારે જરૂર વળવું ઘટે છે. તમારા, તમારી

સંતતિના અને સર્વ કોઇના સાચા હિત માટે પ્રભુ તમને એવી સદ્બુદ્ધિ આપો.

મહાન અવતારો, આચાર્યો અને ઋષિમુનિઓથી ઉતરી આવેલા સનાતન આર્ય ધર્મના સારભૂત સિદ્ધાંતો, સ્વધર્મ કર્મો અને ઉંડાં રહસ્યો સમજાવીને વ્યવહાર તથા પરમાર્થને રૂડે પ્રકારે સાધવાનો સુંદર માર્ગ દર્શાવનારા—સાચો ધર્મ શીખવનારા જે ગીતા રામાયણાદિ મહાન ધર્મ-ગ્રંથો, તેને નિત્યપાઠ માટે ગ્રહણ કરીને તથા અન્યોને દાનભેટ આપીને સમજુ હિંદુ—આર્ય સજ્જનો પોતાનો હાથ પવિત્ર કરે; પાઠ કરીને વાણી પવિત્ર કરે; ઉદ્દેશ અને રહસ્ય સમજી લઇ હૃદય પવિત્ર કરે; તથા તેના પરિપાલનરૂપ કર્મયોગ (નિષ્કામ પરોપકાર) તથા આંતરિક સાધના સાધીને સુકીર્તિ સાથે શાશ્વત સ્વારાજ્યસિદ્ધિ (અર્થાત્ સચ્ચિદાનંદઘનરૂપ પરમ પદ) પણ પ્રાપ્ત કરી લે એવી ભિક્ષા—યાચનાપૂર્વક ॐ तत्सत्

જ્યેષ્ઠ માસ—સં. ૧૯૮૮

જાણે તેટલું પળાય નહિ ને પરોપદેશે
પાંડિત્ય જેવું લખે, તેથી ગાળોના દાવનો
ખરાબ ભિક્ષુ—અખંડાનંદ

ગીતાનો સદુપયોગ અને લાભ

ખરેખર ગીતાના જેવો ઈશ્વરી આદેશ પહોંચાડનારો દિવ્ય ગ્રંથ આજ સુધી બીજો નથી-જ રચાયો. ગીતા વિષે માનવજાતએ એટલી બધી આલોચના અને પ્રત્યાલોચના કરી છે કે જેટલી આજસુધી બીજા કોઇ ગ્રંથની થઈ નથી. ગીતાના કેવળ અંતરંગ રૂપ ઉપરજ એટલું બધું લખાયું છે કે જો તે બધાનો સંગ્રહ કરાય તો મહાભારત જેવડા કેટલાય ગ્રંથ ભરાઇ જાય.

ગીતાના **કાવ્યમાધુર્ય** ઉપર કવિ વિમુગ્ધ થાય છે તો ગીતાનાં **સાર્વભૌમ નીતિશાસ્ત્ર** ઉપર નીતિજ્ઞ ગળગળો થઇ જાય છે. ગીતાના **નિષ્કામ કર્મયોગ** ઉપર કર્મયોગી આફરીન થાય છે તો ગીતાની **વીર વાણી** ઉપર દઢપ્રતિજ્ઞ માનવી આસક્ત થાય છે. કોઇ ગીતાને **જ્ઞાનનો સાગર** કહે છે તો કોઈ તેને **ઉપનિષદોનું હૃદય** કહે છે. કોઇ એને **કર્મયોગશાસ્ત્ર** કહે છે તો કોઇ **ભકિતસૂત્ર** કહે છે. વાસ્તવમાં ગીતા એ નટવર **શ્રીકૃષ્ણચંદ્રની** એક એવી **અલૌકિક ઝોળી** છે અને એવું **સ્વર્ગનું કલ્પવૃક્ષ** છે,

કે જેની પાસે માનવી જે કંઇ જોઇએ તે મેળવી શકે છે. જો એમ ન હોત તો ગીતામાંથી લોકોની ભિન્ન ભિન્ન રુચિ પ્રમાણે કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, પ્રવૃત્તિ, નિવૃત્તિ વગેરેના રૂપમાં ચિત્રવિચિત્ર ફળો ક્યાંથી નીકળી શકત?

એક દિવસે રોમન જાતિનું નામ સાંભળતાં યુરોપની જાતિઓ ભીંજાયલી બિલ્લીની પેઠે ધ્રૂજતી હતી. એક સમયે બેબીલોનિયનોના ડરથી યુરોપિયનો થરથર કંપતા હતા. એક જમાનામાં યુરોપ, એશિયા અને આફ્રિકામાં ઇજીપ્શિયનોનો દમામ ચાલતો હતો અને એક કાળમાં ગ્રીકોની ધાક સમસ્ત યુરોપમાં ફેલાઇ ગઇ હતી; પરંતુ એ બધી જોરાવર જાતિઓ કાળરૂપી સમુદ્રમાં ક્યાંની ક્યાંય વિલીન થઇ ગઇ અને આ હિંદુ-જાતિ–કે જે કાસ્પિયન, ઝીલ, બલ્ક, હિરાત અને ત્રિવિષ્ટપ(તિબેટ)માંની આગલી જાતિઓથી ઘણા કાળ પહેલાં ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં સુરસ શ્રુતિમંત્રોની લહરિમાં અવગાહન કરતી હતી તે–આજ-પર્યંત ટકી રહી છે એનું કારણ શું? અમારા અભિપ્રાય પ્રમાણે એનું જબરદસ્ત કારણ તેનું

સર્વોત્તમ સાહિત્ય (અને તેનો પ્રચાર તથા પાલન) છે. વળી આ વાત પણ સત્ય છે કે, એ મહાન સાહિત્યનું મંથન કરીને તેનું હૃદય ગીતામાં યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્રે એવી અજબ અને સુંદર રીતે ગોઠવી દીધું છે કે એના જેવો હિંદુજાતિની પ્રતિષ્ટા અને મહત્તાનો સર્વત્ર પ્રચાર કરનારો બીજો એક પણ ગ્રંથ સમગ્ર સંસારમાં નથી.

આજે હિંદુજાતિ ગુલામ છે, દરિદ્ર છે, છિન્નભિન્ન છે અને ધૂર્ત જાતિઓ તો તેને "કપિલા ગાય" જેવી ભલી અને ભોળી માને છે. પરંતુ જ્યારે એ કપિલા ગાય–એ હિંદુજાતિ–ગીતાની અભય વાણી તરફ કાન માંડે છે ત્યારે તેઓ એને ભૂખ્યા વાઘ જેવી ભયંકર જુએ છે અને તેમનાં એકે એક ગાત્ર ઢીલાં ઢબ થઇ જાય છે! જ્યારે એ જાતિઓ જુએ છે કે, એ ગરવી ગીતાના અનુવાદ ફૈઝીએ ફારસીમાં, અબુ સુલેહે અરબીમાં, સ્લેગને લેટિનમાં, ડિમિટ્રિયસે ગ્રીકમાં, બર્નુફે ફ્રેન્ચમાં, લોરિંજરે જર્મનમાં, સ્તાનિસલસ ગેટીએ ઇટાલિમાં અને ટૉમ્સન, આર્નોલ્ડ, ડેવિસ, બીસેન્ટ તથા

ચાર્લ્સ વિલ્કિન્સને અંગ્રેજી ભાષામાં કરીને ઘણીખરી નીતિશૂન્ય જાતિઓમાં આ **સદાચારશાસ્ત્ર**નો પ્રકાશ ફેલાવવા પ્રયત્ન કર્યો છે; ત્યારે એ પ્રજાઓ શરમાઇ જઇને હિંદુજાતિને મસ્તક નમાવે છે અને તેને આદિગુરુ, આદિસભ્ય, આદિવીર, આદિનીતિજ્ઞ અને આદિશાસક તરીકે સ્વીકારે છે. ચાર્લ્સ વિલ્કિન્સનના ગીતાના અનુવાદની ભૂમિકા તે સમયના હિંદના વાઇસરૉય વૉરન હેસ્ટિંગ્સે લખી છે તેમાં મુક્તકંઠે સ્વીકાર્યું છે કે "કોઇ પણ **જાતિને ઉન્નતિના શિખરે ચઢાવવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે.**" અમેરિકાનો સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર એમર્સન તો ગીતાના પુસ્તકને પોતાની દૃષ્ટિ સામેજ રાખતો. કેમકે ગીતાને તે **સમગ્ર વિશ્વના સાહિત્યમાં સર્વોત્તમ ગ્રંથ**, માનવના **ચિંતનની સર્વશ્રેષ્ઠ સામગ્રી તથા** અનુભવની **સૌથી મહાન સંપત્તિ** માનતો હતો. જ્યારે તે ગીતાનો **"सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि"** એ શ્લોક વાંચતો ત્યારે તેનું આખું શરીર પુલકિત થઇ જતું; તેનું

હૃદય નાચી ઉઠતું અને તે કલાકોના કલાકો સુધી આનંદાશ્રુ વહાવતો! તે પોતાના ગીતા પુસ્તકને **ઈષ્ટની મૂર્તિ** સમાન ગણતો અને તે પુસ્તક હજી-સુધી ન્યુયૉર્કની એક લાયબ્રેરીમાં સુરક્ષિત છે. ચીની ભાષામાં ગીતાનો અનુવાદ કરનાર ચીનો માણસ તો શ્રીકૃષ્ણના જ્ઞાન ઉપર એટલો બધો મુગ્ધ હતો કે તે દરરોજ તેનું વાચનમનન કરીને ત્રણ ચાર વાર પ્રેમરુદન કરતો હતો. ચીનાઓ-એ તો એનુંજ નામ કિશનજી (કૃષ્ણજી) પાડી દીધું હતું. અને હજી પણ તે એજ નામથી ઓળ-ખાતો હોઇ તેનું અસલ નામ ભુલાઇ ગયું છે!

બાલી અને જાવા એટલાં ગીતાના કેટલાયે ગદ્યપદ્ય અનુવાદ છે અને ફિલ્મોમાં ગીતાનાં બધાં દૃશ્યો દેખાડવામાં આવે છે. આ વિશાળ ભારતમાં તો વેદો કરતાં પણ ગીતાની પ્રતિષ્ઠા વધારેજ છે.

આપણે ત્યાંની તો વાતજ જુદી છે. અહીં તો જેણે ગીતા ઉપર કંઇ પણ લખ્યું ન હોય તે સમર્થ આચાર્યજ ગણાતો નથી. કેમકે તેમનો કોઇ પણ મત કે સિદ્ધાંત એવો હોતો નથી, કે જેનું તેમણે ગીતાથી સમર્થન ના કર્યું હોય. એજ કારણથી અદ્વૈતવાદી શંકરાચાર્ય, વિશિષ્ટાદ્વૈત-

વાદી રામાનુજાચાર્ય, વિશુદ્ધાદ્વૈતવાદી વલ્લભાચાર્ય, દ્વૈતવાદી મધ્વાચાર્ય અને દ્વૈતાદ્વૈતવાદી નિમ્બાર્કાચાર્ય વગેરેએ અને તેમના અનુયાયીઓએ ગીતા ઉપર એટલાં ભાષ્યો, વ્યાખ્યાઓ, વૃત્તિઓ, વિવૃત્તિઓ, ટીકાઓ, ટિપ્પણીઓ, આલોચનો, રહસ્યો અને વિવરણો સંસ્કૃતમાં લખ્યાં છે કે એ બધું જો કોઇ વાંચવા માગે, તો તે પાછળ બે-ચાર જન્મ ગાળવા પડે! આ સાંપ્રદાયિક વિવેચનો ઉપરાંત ગીતા ઉપર સેંકડો સ્વતંત્ર વ્યાખ્યાગ્રંથો પણ સંસ્કૃતમાં લખાયા છે. ભારતની પ્રાકૃત ભાષાઓમાં પણ શ્લોકાનુવાદ, ભાવાનુવાદ, છાયાનુવાદ, આલોચના, અંતરંગ વિવરણ અને બહિરંગ સમાલોચનાના અગણિત ગ્રંથો નીકળ્યા છે. એમાં લોકમાન્ય તિલક, હીરેન્દ્રનાથ દત્ત અને અરવિંદ ઘોષના ગ્રંથો સર્વોત્તમ ગણાય છે.

તુલસીકૃત રામાયણ સિવાય ભારતની કોઈ ભાષામાં એવો કોઇ ગ્રંથ નથી કે જેનો ગીતા જેટલો પ્રચાર હોય. પ્રત્યેક ધર્મપ્રેમી હિંદુ તેનો નિત્યપાઠ કરે છે. મરણ વખતે પણ ગીતોપદેશ સંભળાવવાની અત્યંત પ્રાચીન પરિપાટી આપણે ત્યાં છે. વધારે તો શું, ભારતના જડચેતન સર્વમાં

ગીતોપદેશના સંસ્કારો ભર્યા પડયા છે. અલબત્ત તે અવ્યક્ત છે, વ્યક્ત નથી; સૂતેલા છે, જાગ્રત નથી.

ગીતાના આ દિવ્ય કિંતુ અવ્યક્ત અને સૂઇ રહેલા ઉપદેશને વિકાસ અને જાગૃતિના નવીન સ્વાંગ સજાવવા એ હિંદુજાતિનું હાલનું પરમ આવશ્યક કર્તવ્ય છે. આપણે તો ગીતા-જ્ઞાન માત્ર વાંચીએ છીએ; તેનો સદુપયોગ કરવાનું જાણતા નથી. આપણે "निर्वैरः सर्व भूतेषु" નો પાઠ કરીએ છીએ પણ ઘરમાં તો વેરઝેરના દાવાનળ સળગતા હોય છે! આપણે "युध्यस्व विगतज्वरः" નું રટણ કરીએ છીએ પણ ધર્મ અને જાતિની રક્ષાર્થે રણાંગણ-માં કૂદી પડતાં ડરીએ છીએ! આપણે "क्लैब्यं मा स्म गमः पार्थ"નું પારાયણ કરીએ છીએ પણ માબ્હેનોની આબરૂ લૂંટાતી જોવા જાણવા છતાં નપુંસકતાજ દર્શાવીએ છીએ! આપણે "सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम्" નો દમ મારીએ છીએ; પણ દેશની સ્વાધીનતાના સંગ્રામમાં નાગી તલવારોની ધારો ઉપર નાચતાં ડરીએ છીએ! આપણે "क्षुद्रं

हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप"ની બુલંદ ગર્જના કરીએ છીએ, પણ વ્યવહારમાં તો હીજડાઓની પેઠે માર જ ખાયા કરીએ છીએ! આપણે "नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः"ની બડાઇ હાંક્યા કરીએ છીએ, પણ ધર્માત્માઓના તનતોડ પરિશ્રમ છતાંયે આત્મબળ ખીલવીને સંસારને ચકિત કરી શકતા નથી!

ગીતાનો નિત્યપાઠ કરો; તેને સમજો અને તે પ્રમાણે આચરણ કરો. જો તમે એ પ્રમાણે કરો; જો ગીતાનો વ્યાવહારિક ઉપયોગ કરો; તો તો એનો એકાદ શ્લોક પણ તમારી નસોમાં ચેતના જગવવાને પૂરતો છે. ગીતાનો એક એક શબ્દ અભયવાણીનો એક એક એવો નમુનો છે કે જો આ અભય વાણીનો ભક્ત આદરી બેસે તો તે કૃતાંત કાળને પણ ધૂળભેગો કરી શકે; તો પછી મનુષ્યોના તે શા હિસાબ? હકીકત આવી હોવાથી પ્રત્યેક દેશાભિમાનીએ આ અભય વાણીને પોતાના હૃદયપટ ઉપર સુવર્ણાક્ષરે લખી લેવી જોઇએ. હિંદુ સંગઠનના નશામાં મસ્ત રહેનાર વ્યક્તિઓએ એવો પ્રખર પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી પ્રત્યેક હિંદુગૃહમાં આ અભય

વાણીનું—આ ગીતોપનિષદનું રટણ રામ-
નામની પેઠે થયા કરે. જેઓ સંસ્કૃતમાં ગીતા
સમજી શકતા નથી તેઓ પોતાની માતૃભાષામાં
વાંચે; અને જેઓ વાંચી જાણતા નથી તેઓ
બીજા પાસે વંચાવીને સાંભળે. આ રીતે જે
દિવસે બધા હિંદુઓ ગીતાભક્ત થઇ તેનો વ્યાવ-
હારિક ઉપયોગ કરશે; અથવા કરવા માટે હિંદુ-
જાતિ સમક્ષ જાગૃતિનો શંખનાદ ગજશે; તે
દિવસે આ ભૂમંડળમાં એવી કોઇ પણ જાતિ
નહિ રહે કે જે આપણી સામે આંખ પણ
ઉંચી કરી શકે! જે દિવસે આપણે ધર્મરક્ષણ
અને દેશાભિમાનને ખાતર વીરવ્યાઘ્ર અર્જુનની
પેઠે ત્રિલોકવિજયી ગાંડીવનો વિજયટંકાર
કરીશું; તે દિવસે આ સંસારમાં એવી કયી પ્રબળ
શક્તિ છે કે જે ઘુંટણીએ પડીને શિર નમાવે
નહિ? ગીતાસિદ્ધાંતના પાયા ઉપર જે દિવસે
આપણે સંગઠન કરી લઇશું તે દિવસે વિશ્વની
પ્રભુતામત્ત શકિતઓ પણ ધ્રૂજી ઉઠશે અને કૃતાંત
કાળ પણ કંપી ઉઠશે.

(કલકત્તાના "હિંદૂપંચ" ઉપરથી સારાનુવાદ)

पुस्तकोनां मूल्य अने उपकार

("ભાગ્યના સ્રષ્ટાઓ" પૃ૦ ઉપરથી)

હવે છાપખાનાં તમને ઉત્તમ ગ્રંથો થોડામાં આપે છે; પણ તમે તેમાંના દિવ્ય જ્ઞાનભંડારનો જેટલી સહેલાઇથી લાભ લઈ શકો અને તેથી તમને તથા આસપાસનાંઓને જે દિવ્ય અસર થાય તે ઉપરથી તેની કિંમત આંકો તો કેટલી બધી થાય!

સદ્ગ્રંથોના રૂપમાં હવે તો આપણે જૂજ ખર્ચે સમર્થ ઋષિમુનિઓ અને વિદ્વાનોનું એક આખું સૈન્ય આપણી સેવામાં હાજર કરી શકીએ છીએ! થોડાક પૈસાનો આવો મહાન બદલો આપણને બીજે ક્યાંય મળે ખરો? કે જેનો સદુપયોગ આપણે જેમ વધુ વિચાર અને લક્ષ્યપૂર્વક કરીએ તેમ આપણને વધુ લાભ થાય?

ઉત્તમ ગ્રંથોમાં જે બહુ ઉપકારક જ્ઞાન અને ચારિત્રની પ્રેરણા રહેલાં છે તે જોતાં ગરીબ માણસ પણ કેવા થોડા ખર્ચથી એવા ગ્રંથો વડે પોતાના જ્ઞાન, ચારિત્ર્ય અને સામર્થ્યમાં ભારે વધારો કરી શકે છે! વાલ્મીકિ અને વ્યાસ, જ્ઞાનેશ્વર અને રામદાસ, શ્રીરામ અને કૃષ્ણ,

ગૌરાંગ અને રામકૃષ્ણ, હ૦ મહમ્મદ સલ૦ અને ખ્રીસ્ત તથા પ્લેટો અને સૉક્રેટિસ જેવા અનેકાનેક દિવ્યાત્માઓના અલૌકિક બુદ્ધિવૈભવ તથા ચારિત્રસંદ્રોદયમાં તે કેવી સહેલાઇથી આળોટી શકે છે વળી તે સઘળા યુગના મહાત્માઓ, મહાકવિઓ, તત્ત્વજ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ, રાજદ્વારીઓ, મહાવીરો અને ગ્રંથકારો સાથે વાતચીત કરીને જ્ઞાન-વિજ્ઞાનનાં ગૂઢ રહસ્યો કેવાં સરસ ઉકેલી શકે છે; તથા શ્રીરામ, અર્જુન, ભીષ્મ, દ્રોણ, પ્રતાપ, શિવાજી, સિકંદર અને નેપોલિયન જેવાઓની પાછળ પાછળ તેમનાં યુદ્ધક્ષેત્રોમાં પણ કેવા સહજે પહોંચી જાય છે!

વ્યાસ, વાલ્મીકિ અને તુલસીદાસ ઇત્યાદિ પરમસિદ્ધો તો ગરીબમાં ગરીબની ઝુંપડીઓ સુધી કશી પણ માન-મોટપ વિના ગ્રંથરૂપે પહોંચી જાય છે અને રામાયણ તથા મહાભારત ઇત્યાદિની અતિ ઉપકારક અને અસરકારક કથાઓ ચિંથરિયા માણસો પાસે પણ ગાય છે!

ભલે તમારૂં ઘર કિંમતી રાચરચીલાં, ચિત્રો, પડદા, ગાલીચા વગેરેથી ભરેલું હોય; પણ જો તેમાં ઉત્તમ ગ્રંથો ન હોય તો તે કેવું ખરાબ!

છતાં અફસોસ છે કે, એવાં ઘણાંયે ઘરોમાં સારાં પુસ્તકોજ હોતાં નથી!

જો પૈસા ઓછા હોય તો બીજી વસ્તુઓ પછી લેજો, પણ સારાં પુસ્તકો તો તરત ખરીદજો.

લૂગડાં ભલે થીંગડાવાળાં પહેરજો, પણ પુસ્તકો લેવામાં કંજુસ થશો નહિ.

તમારાં બાળકોને પણ ઉત્તમ પુસ્તકો જરૂર આપજો, કે જેથી તેઓ ઉન્નત થઇ જ્ઞાન મેળવે. જે બાળકોના હાથમાં ઉત્તમ ગ્રંથો આવે છે તેઓ હાલની શાળાઓ કરતાં તો ઘણું સરસ અને વિશેષ શિક્ષણ મેળવી શકે છે.

માટે ભાઇઓ! અજ્ઞાનીઓને જ્ઞાનપ્રકાશનાં લહાણાં આપો અને ભણેલાઓને એથી પણ વધુ પ્રકાશ આપો. ગરીબો પાસે તો જ્ઞાનનો પ્રકાશ પહોંચાડોજ, પણ ધનિકો પાસે તો વધુ પ્રકાશ પહોંચાડો. કેમકે તેમના હૃદયમાં અંધારૂં વધારે હોય છે.

દરેક માનવીને સમજાવો કે—આ બધા જુદા જુદા ધર્મો તો માત્ર ઇશ્વરરૂપી એકજ મૂળ અને થડને પહોંચવા માટેનાં જુદાં જુદાં ડાળો અથવા માર્ગો માત્ર છે; માટે દરેક ભલે પોતાને મનગમતો માર્ગ પસંદ કરે.

ગીતાજી એટલે ?

૧–માનવજીવનની નૌકાને ભવસાગરના દુર્ઘટ ખડકો વચ્ચેથી પસાર કરાવી સદાને માટે સચ્ચિદાનંદમય સાચા સ્વદેશમાં પહોંચાડનારું **હોકાયંત્ર.**

૨–જીવનરથનાં વ્યવહાર–પરમાર્થરૂપ પૈડાંને વિકટ સ્થળે પણ ગતિમતિ દેનારી **અખૂટ શક્તિ.**

૩–ઉપનિષદોરૂપી દિવ્ય ગૌમાતાઓનું ભગવાન શ્રીકૃષ્ણ જેવા અદ્‌ભુત ભરવાડે દોહી કાઢેલું અને વ્યાસ જેવા અસામાન્ય મહર્ષિએ મહાભારતમાં સરસ પ્રકારે યોજીને સર્વભોગ્ય બનાવેલું સર્વ શાસ્ત્રોનું **સારામૃત.**

૪–વહેમ અને ઉપલકીઆ આચાર વિચારની ગલીકુંચીઓમાં રવડતા રોકીને જ્ઞાન–ચારિત્રની સીધી સડકે ચઢાવનારો જુગજૂનો સદાનો સુહૃદ **ભોમીઓ.**

૫–દૂરથી સાચા ને સુખપ્રદ જણાતા ઝાંઝવાંના જળ જેવા જૂઠા પદાર્થો તરફ જીવને અનેક જન્મો થી તરસાવી–ભટકાવીને દોડાવી મારનારી તથા 'વિદ્યા'નું સાવ ખોટું નામ ધારણ કરીને લોકોને મોહજાળમાં ફસાવી રહેલી પ્રપંચના પૂતળીરૂપ 'અવિદ્યા'ને હાંકી કાઢીને મોક્ષદ્વારની સરલ સુંદર ચાવીઓ સીધી જિજ્ઞાસુનાજ હાથમાં સોંપી દેવા માટે પ્રભુએ પોતે પ્રેરેલી **ભોળી ભટાક બ્રહ્મવિદ્યા.**

ગીતા એટલે તો બસ ગીતા ! ગીતા ! ! ગીતા ! ! !

ग्रंथसमागमना लाभ

સારા ગ્રંથ પ્રત્યેનો સ્નેહ એ પ્રભુના રાજ્યમાં જવાનો પરવાનો છે.

ખરાબ ચોપડીઓ વાંચવી એ ઝેર પીવા સમાન છે.

મહેલોથી તથા અખૂટ ભંડારથી જે સંતોષ નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે.

લીલા વનમાં ભૂખે મરનારા પશુમાં અને આટલે આટલે સાધને જ્ઞાનહીન રહેનારા મનુષ્યમાં ફેર શો ?

સદ્‌ગ્રંથવિનાનું ઘર નિર્જીવ મુરદાની ઘોર જેવું છે.

જેના ભાગ્યમાં સારા ગ્રંથો વાંચવાના હોય, તેને ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શી ગણતરીમાં ?

સ્વામી વિવેકાનંદ-તમે ગમે તેવી નવલકથાઓ અને જે મળે તે વાંચવા મંડો છો; પણ એવું તો તમે વાંચો નહિ એજ ઠીક. ગીતાજી વાંચો, અને બીજાં એવાં સારાં પુસ્તકો વાંચો; કેમકે તેની મૈત્રીની તમારે આખા જીવન સુધી જરૂર છે.

મ૦ ગાંધીજી-પુસ્તકોમાં હું ગુંથાયલો રહી શકતો તેથી મને વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત, એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકી ઉલટો વધારે સુખચેનમાં રહેત. × × જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે; તે ગમે ત્યાં એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતરવિચાર પણ કરી શકશો.

શુભ ગ્રંથોનું સામર્થ્ય

સોરઠા

માનવ મોટું ભાગ્ય, જો તું ઈચ્છે તાહરૂં;
તો તો ઝટપટ જાગ્ય, સદ્‌ગ્રંથો હાકલ કરે.
મહાપુરુષનો સંગ, માનવ મળવો દોહ્યલો;
આપે એનો રંગ, ઉપદેશોના ગ્રંથ શુભ.
અંધકાર અજ્ઞાન, દૂરજ કરવા ઉગીયો;
જ્ઞાન-સૂર્ય એ જાણ, તુજ પૂર્વજનો વારસો.
લોહ સમું જે મંન, માટીમાં માટી બને;
કર એનું કાંચન, પારસગ્રંથ સમાગમે.
માનવ મોંઘો દેહ, એહ થવા નવ ખો વૃથા;
અમરપણું લે તેહ, જ્ઞાન ભજન શુભ કર્મથી.
વહેવા ચાહો મીત્ર, મ્હોટા જનને મારગે;
જુઓ જ્ઞાનચારિત્ર, ચરિત્ર વાંચી તેમનાં.
જીવન ઉત્તમ થાય, ચરિત્ર ઉત્તમ વાંચતાં;
એ અર્થે વંચાય, કથા ગ્રંથ બહુ ચાહથી.

દોહરા

પરમ શ્રેયને પામવા, રાજી કરવા રામ;
ઉત્તમ વાંચન વાંચજો, કરજો રૂડાં કામ.
વૃથા વહેતા સમયની, લેવા શુભ સંભાળ;
ભજજો વીર વિવેકથી, વિવિધ ગ્રંથની માળ.

सज्जनोने सूचना

૧–પોતેજ પૂર્ણજ્ઞાની થઇને બીજાઓને જ્ઞાન આપવું એ તો કોઇકથીજ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના જ્ઞાનચારિત્રથી ભરપૂર ઉમદા પુસ્તકો તો હરકોઈ બીજાઓને આપી શકે.

૨–દેશ દશાજ એવી છે કે, લખી–વાંચી જાણનારા પણ ઘણાખરા માણસો સારા ગ્રંથ લઈ શકતા નથી. માટે તેઓમાં સારભૂત અને જ્ઞાન–ચારિત્રવર્ધક વાંચન ફેલાવવું એ પણ સજ્જનોનો ખાસ ધર્મ છે.

૩–સારા ગ્રંથ વારંવાર વાંચવા-વિચારવાની જેઓ કાળજી રાખે, અને જ્ઞાન સાથે ચારિત્રનો પણ સુધારો વધારો કરતા ચાલે તેમના વ્યવહાર પરમાર્થ બંને સધાય એમાં સંશય નથી.

૪–વાંચી ન જાણે તેમને સારાં પુસ્તક વાંચી સંભળાવવાં, એ પણ લોકસેવા અને ઈશ્વરસેવાનો ઉત્તમ માર્ગ છે; પરંતુ સ્ત્રીવર્ગમાં તો સ્ત્રીઓએજ એ કાર્ય બજાવવું જોઈએ.

૫–નાના મોટા પ્રસંગો ઉપર બીજા ખર્ચમાં કસર કરીને પણ અતિ અગત્યના માનસિક ખોરાકરૂપ જ્ઞાનચારિત્રવર્ધક વાંચન મહેમાન, પડોશી, મિત્રો, જ્ઞાતિજનો, ગામલોકો વગેરેમાં વહેંચીને તથા વહેંચવા પ્રેરીને ઉમદા રૂઢિરૂપે બનાવવું જોઇએ.

अनुक्रमणिका

શ્રીગીતામાહાત્મ્ય

શ્રીગણેશાય નમઃ

શ્રીપૃથ્વીદેવી પૂછે છેઃ-

भगवन्परमेशान भक्तिरव्यभिचारिणी ।
प्रारब्धं भुज्यमानस्य कथं भवति हे प्रभो ॥

હે ભગવન્! હે પરમેશ્વર! હે પ્રભો! પ્રારબ્ધને ભોગવી રહેલા મનુષ્યના હૃદયમાં અનન્ય ભક્તિ કયા ઉપાયથી ઉપજે? ૧

શ્રીવિષ્ણુ ભગવાન બોલ્યાઃ-

પ્રારબ્ધને ભોગવનારો જે મનુષ્ય સદા ગીતાના અભ્યાસમાં રત રહેતો હોય, તેજ લોકોમાં મુક્ત ને સુખી હોઇ કર્મથી લેપાતો નથી.

જેમ કમળપત્રને જળનો સ્પર્શ થતો નથી; તેમ જે ગીતા-જ્ઞાનનું ધ્યાન કરે છે તેને મહાપાપાદિ પાપો કદી સ્પર્શ કરતાં નથી. ૩

જ્યાં ગીતાનું પુસ્તક હોઇ તેનો પાઠ થતો હોય, ત્યાં પ્રયાગાદિ સર્વ તીર્થો રહે છે.૪

જ્યાં ગીતા પ્રવર્તે છે ત્યાં સર્વ દેવો, ઋષિઓ, યોગીઓ, નાગો, પાર્ષદો, ગોવાળો, ગોપીઓ, નારદ તથા ઉદ્ધવ છે અને સહાયતા પણ શીઘ્ર આવી મળે છે. ૫

જ્યાં ગીતા સંબંધી વિચાર અને પઠન-પાઠન-શ્રવણ ચિંતનાદિ ચાલે છે; ત્યાં હે પૃથ્વિ! હું નક્કીપણે અને સદૈવ નિવાસ કરૂં છું.

હું ગીતાના આશ્રયે વસું છું; ગીતા સારૂં ઉત્તમ ઘર છે; અને ગીતાના જ્ઞાનનો આશ્રય લઇને હું ત્રિલોકીનું પાલનપોષણ કરૂં છું.૭

ગીતા મારી બ્રહ્મરૂપિણી પરમા વિદ્યા છે; તથા અવિનાશી અર્ધમાત્રારૂપ, નિત્ય અને અવર્ણનીય પદોવાળી છે; એમાં સંશય નથી.

વળી તે સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણે સ્વમુખે અર્જુનને કહેલી છે; ત્રણે વેદરૂપ, પરમાનંદદાયક તથા જ્ઞાનના તત્ત્વાર્થથી ભરપૂર છે.૯

જે મનુષ્ય સ્થિર મનથી નિત્ય ગીતાના અઢારે અધ્યાયનો જપ કરે છે; તે જ્ઞાનની સિદ્ધિ પામે છે ને તેથી પરમ પદ પામે છે.

સંપૂર્ણ પાઠ કરવાને અસમર્થ હોય તે તેથી અર્ધો પાઠ કરે તોપણ ગોદાન જેટલું પુણ્ય લાભે છે, એમાં સંશય નથી. ૧૧

ત્રીજા ભાગનો પાઠ કરનારો ગંગા-સ્નાનનું ફળ લાભે છે અને છઠ્ઠા ભાગનો પાઠ કરનાર સોમયાગનું ફળ લાભે છે. ૧૨

જે ભક્તિપૂર્વક નિત્ય એક અધ્યાયનો પણ પાઠ કરે છે તે રુદ્રલોક પામે છે અને શિવજીનો ગણ થઇને ઘણો કાળ વસે છે.૧૩

જે મનુષ્ય એક અધ્યાય, શ્લોક અથવા ચરણનો નિત્ય પાઠ કરે છે તે પણ હે પૃથ્વિ! મન્વંતરસુધી મનુષ્યદેહને પામે છે. ૧૪

ગીતાના દશ, સાત, પાંચ, ચાર, બે, ત્રણ, એક કે અર્ધા શ્લોકનો પણ જે મનુષ્ય નિત્ય પાઠ કરે છે તે દશહજાર વર્ષ સુધી

ચંદ્રલોકને પામે છે; ગીતાના પાઠસંયુક્ત મરનારો પાછો મનુષ્યદેહ પામે છે અને ત્યાં ફરીથી ગીતાનો અભ્યાસ કરી ઉત્તમ મુક્તિ લાભે છે; તથા "ગીતા" એવા ઉચ્ચાર સાથે મરનારો ઉત્તમ ગતિ પામે છે. ૧૫,૧૬,૧૭

મહાપાપવાળો પણ ગીતાનો અર્થ સાંભળવામાં આસક્ત થાય તો વૈકુંઠને પામી વિષ્ણુ સાથે આનંદમાં રહે છે. ૧૮

અનેક કર્મો કરતો છતો જે મનુષ્ય નિત્ય ગીતાના અર્થરૂપ સચ્ચિદાનંદઘન પરમાત્માનું ધ્યાન કરે છે; તેને જીવન્મુક્ત જાણવો. અને દેહાન્તે તે પરમ પદને પામે છે.૧૯

ગીતાના જ્ઞાનનો આશ્રય કરીને જનકાદિ ઘણા રાજાઓ પાપરહિત થયા છે અને લોકમાં ગવાતા થકા પરમ પદમાં ગયા છે.૨૦

જે મનુષ્ય ગીતાનો પાઠ કરીને માહાત્મ્યનો પાઠ કરતો નથી; તેનો પાઠ વૃથા થાય છે અને શ્રમ પણ વૃથા કહ્યો છે. ૨૧

આ માહાત્મ્યસહિત જે ગીતાભ્યાસ કરે છે; તે પૂર્વોક્ત ફળ તથા દુર્લભ ગતિ પામે છે.

સૂત કહે છેઃ-

જે મનુષ્ય મેં કહેલા ગીતાના આ સનાતન માહાત્મ્યનો પાઠ ગીતાના અંતે કરે છે; તે ઉપર જે કહ્યું તે ફળ પામે છે. ૨૩

ઇતિ શ્રીવારાહપુરાણે શ્રીગીતા-
માહાત્મ્યં× સંપૂર્ણમ્ ॥

×ગીતાનો રહસ્યાર્થ સમજી તે પ્રમાણે વર્તવા-થીજ એવું મહાન ફળ મળે છે, એ ધ્યાનમાં રાખવું.

મંત્ર, ન્યાસ અને ધ્યાન

શ્રીગીતામંત્રના ઋષિ ઇત્યાદિ

ભગવદ્‌ગીતા, એ ભગવાન શ્રીકૃષ્ણની વાણી હોવાથી મંત્રરૂપ છે. મંત્રના ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ અને કીલક, આ છ વાનાં હોય છે; તે આ ગીતાનાં નીચે પ્રમાણે છેઃ–

ૐ આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી માળામાં આવેલાં ભગવદ્‌વચનોરૂપી મંત્રોના ઋષિ–દ્રષ્ટા–ભગવાન વેદવ્યાસ છે; છંદ અનુષ્ટુપ છે અને દેવતા શ્રીકૃષ્ણ પરમાત્મા છે. “શોક નહિ કરવા યોગ્ય તેનો તું શોક કરે છે અને પંડિતના જેવા શબ્દો બોલે છે” એ વચન ગીતામંત્રનું બીજ એટલે કે ગીતાના આરંભનું કારણ છે; “સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને એક મારેજ શરણે આવ” આ વચન

ગીતામંત્રની શક્તિ છે અને "હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, તું શોક ન કર" એ આ ગીતામંત્રની કીલક એટલે ખીલી છે.

ન્યાસવિષે સમજણ

મંત્રનું પઠન, પૂજન કે જપ ઇત્યાદિ કરવા પહેલાં શરીરની શુદ્ધિ ઉપરાંત જુદાં જુદાં અંગોમાં મંત્રોનું આરોપણ કરીને મંત્રરૂપ બનવું જોઇએ. તે ન્યાસના બે વિભાગ છે. **કરન્યાસ** અને **અંગન્યાસ.** ગીતાનો પાઠ કરનારે પ્રથમ ગીતામંત્રના ઋષિ, છંદ, દેવતા ઇત્યાદિનું ઉપર પ્રમાણે સ્મરણ કર્યા પછી નીચેના વિધિ અને ક્રમ પ્રમાણે ન્યાસ કરવા.

કરન્યાસનો વિધિ

"આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી અને અગ્નિ બાળી શકતો નથી" આ મંત્ર ભણી બંને હાથના અંગુઠા ભેળા કરીને "અંગુષ્ટાભ્યાં નમઃ" એમ બોલીને તેને નમસ્કાર કરવા.

"આ આત્માને પાણી પલાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી" આ મંત્ર ભણીને બંને હાથની તર્જનીઓ (અંગુઠા પાસેની આંગળીઓ) અંગુઠાઓને અડાડીને "તર્જનીભ્યાં નમઃ" એમ બોલીને તેને આત્મભાવે નમસ્કાર કરવા.

"આ આત્મા છેદી શકાય નહિ તેવો, બાળી શકાય નહિ તેવો, ભીંજવી શકાય નહિ તેવો અને સૂકવી શકાય નહિ તેવો છે" આ મંત્ર ભણીને બંને હાથની વચલી આંગળીઓ અંગુઠાઓને અડાડીને "મધ્યમાભ્યાં નમઃ" એમ બોલીને તેને આત્મભાવે નમસ્કાર કરવા.

" આ આત્મા નિત્ય, સર્વવ્યાપક, સ્થિર, અચળ અને સનાતન છે " આ મંત્ર ભણીને બંને હાથની અનામિકાઓ (ટચલી આંગળી પાસેની આંગળીઓ) અંગુ-ઠાઓને અડાડીને "અનામિકાભ્યાં નમઃ" એમ

બોલીને તેને પરમાત્મભાવે નમન કરવું.

"હે પાર્થ ! મારાં સેંકડો અને હજારો રૂપોને તું જો" આ મંત્ર ભણીને બંને હાથની ટચલી આંગળીઓ અંગુઠાઓને અડાડીને "કનિષ્ઠિકાભ્યાં નમઃ" એમ બોલીને તેને નમસ્કાર કરવા.

"મારાં રૂપ અનેક પ્રકારનાં, દિવ્ય તથા અનેક વર્ણ અને આકારનાં છે" આ મંત્ર ભણી બંને હાથની હથેળીઓને તથા પાછલા ભાગોને સ્પર્શ કરીને "કરતલકરપૃષ્ઠાભ્યાં નમઃ" એમ બોલીને તેને નમસ્કાર કરવા. આમ કરન્યાસ કરીને પછી હૃદયાદિ અંગન્યાસ કરવો.

હૃદયાદિ અંગન્યાસનો વિધિ

"આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી અને અગ્નિ બાળી શકતો નથી" એ મંત્ર ભણીને "હૃદયાય નમઃ" એમ બોલીને જમણા હાથની આંગળીઓના છેડાઓને હૃદયે અડાડીને નમસ્કાર કરવા.

"એને પાણી ભીનો કરી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી" આ મંત્ર ભણીને "શિરસે સ્વાહા" બોલીને જમણા હાથની આંગળીઓના છેડાથી મસ્તકને સ્પર્શ કરવો.

"આ આત્મા છેદી શકાય નહિ તેવો, બાળી શકાય નહિ તેવો, ભીંજવી શકાય નહિ તેવો અને સૂકવી શકાય નહિ તેવો છે" આ મંત્ર ભણીને "શિખાયૈ વષટ્" એમ બોલીને જમણા હાથની આંગળીઓના છેડાથી ચોટલીને સ્પર્શ કરવો.

"આ આત્મા નિત્ય, સર્વવ્યાપક, સ્થિર, અચળ અને સનાતન છે" આ મંત્ર ભણીને "કવચાય હુમ્" એમ બોલીને બંને હથેળીઓ બંને ખભાને અડાડી અદબ વાળીએ તેમ કરવું. આથી કવચ પહેર્યાની ભાવના થાય છે.

"હે પાર્થ ! મારાં સેંકડો અને હજારો રૂપોને જો" આ મંત્ર ભણીને "નેત્રત્રયાય વૌષટ્" એમ બોલીને બેઉ હાથના અગ્રભાગ-

વડે બંને ચક્ષુઓને અને બંને ભ્રમરો વચ્ચેના ત્રીજા ગુપ્ત જ્ઞાનચક્ષુને સ્પર્શ કરવો.

"મારાં રૂપ અનેક પ્રકારનાં, દિવ્ય તથા અનેક વર્ણનાં છે" આ મંત્ર ભણીને "અસ્ત્રાય ફટ્" એમ બોલીને જમણા હાથને માથાપરથી ફેરવી તેનાવડે ડાબી હથેળીમાં તાળી વગાડવી.

વિનિયોગ

શ્રીકૃષ્ણ પરમાત્માની પ્રીતિ પામવાનેજ આ પાઠનો વિનિયોગ—વિશેષ ઉપયોગ છે.

ધ્યાનનો વિધિ

આગળ પ્રમાણે અંગન્યાસ કર્યા પછી ગીતાના ઋષિ વ્યાસ ભગવાનનું તથા દેવતા શ્રીકૃષ્ણ પરમાત્માનું નીચે કહેલી ભાવનાઓ તથા નમસ્કારસહિત ધ્યાન કરવું.

ૐ ભગવાન નારાયણે પોતે અર્જુનને ઉપદેશેલી, પ્રાચીન મહામુનિ શ્રીવેદવ્યાસ-

જીએ મહાભારતમાં ગુંથેલી, અદ્વૈત-જ્ઞાનામૃતને વર્ષાવનારી, ભગવતી-એટલે ઐશ્વર્ય, શક્તિ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યના કારણરૂપ અષ્ટાદશ અધ્યાયવાળી અને (જન્મ-મરણને તથા અહંતા-મમતારૂપ) સંસારને ટાળનારી હે માતા ! હે ભગવદ્‌ગીતા ! હું તારૂં ધ્યાન કરૂં છું.

વિશાળ બુદ્ધિવાળા અને ખીલેલા કમળ જેવાં વિશાળ નેત્રવાળા હે વ્યાસ ભગવાન ! આપને નમસ્કાર હો. આપેજ મહાભારતરૂપી તેલ પૂરીને આ ગીતાજ્ઞાનરૂપી દીપક પ્રકટાવ્યો છે. ૨

શરણ થનારને કલ્પવૃક્ષ પેરે ઇચ્છિત ફળ આપનારા, એક હાથમાં ચાબુક ધારણ કરનારા, જ્ઞાનમુદ્રાયુક્ત અને ગીતારૂપી અમૃતનું દોહન કરનારા હે શ્રીકૃષ્ણ ! આપને નમસ્કાર હો. ૩

સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે; તેના

દોહનારા ગોપાલનંદન શ્રીકૃષ્ણ ભગવાન છે; અર્જુનરૂપ વત્સ (વાછરડો) છે; બુદ્ધિશાળી પુરુષો તે દૂધના ભોક્તા (પીનારા) છે અને મહાન ગીતામૃતરૂપી દૂધ છે. ૪

વસુદેવના પુત્ર, દિવ્ય રૂપવાળા, કંસ અને ચાણૂર દૈત્યોનો નાશ કરનારા અને દેવકીને પરમ આનંદ આપનારા એવા જગદ્-ગુરુ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. ૫

ભીષ્મ અને દ્રોણરૂપી કિનારાઓવાળી, જયદ્રથરૂપી જળવાળી, શકુનીરૂપી નીલ પથ્થરવાળી, શલ્યરૂપી ઝૂડવાળી, કૃપાચાર્ય-રૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી મોજાંવાળી, અશ્વત્થામા અને વિકર્ણરૂપી ભયાનક મગર-મચ્છવાળી અને દુર્યોધનરૂપી ઘુમરીવાળી, એવી યુદ્ધરૂપી નદીને શ્રીકૃષ્ણરૂપી સુકાની-વડેજ પાંડવો તરી ગયા હતા. ૬

ગીતાના અર્થરૂપ ઉત્કટ સુગંધવાળું, નાના પ્રકારનાં આખ્યાનોરૂપી કેસરવાળું,

હરિકથાના ઉપદેશવડે પ્રફુલ્લ થયેલું, જગત-માંના સજ્જનરૂપી ભમરાઓ નિરંતર આનંદ-પૂર્વક જેના રસનું પાન કરે છે એવું, કળિ-કાળનાં પાપનો વિનાશ કરનારૂં અને પરા-શરના પુત્ર શ્રીવ્યાસ મુનિના વાણીરૂપી સરોવરમાં ઉગેલું મહાભારતરૂપી કમળ અમારૂં કલ્યાણ કરનારૂં થાઓ. ૭

જેમની કૃપા મુંગા માણસને વાચાળ કરે છે અને પાંગળાને પર્વત ઓળંગાવે છે; તે પરમાનંદસ્વરૂપ માધવને હું વંદન કરૂં છું.

બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર અને મરુત વગેરે દેવતાઓ દિવ્ય સ્તોત્રોવડે જેમની સ્તુતિ કરે છે; સામવેદનું ગાન કરનારા મુનિઓ અંગ, પદ, ક્રમ અને ઉપનિષદ્ સહિત વેદોવડે જેમની સ્તુતિ ગાય છે; ધ્યાનમાં સ્થિર થયેલા મુનિઓ તેમાં રહેલા મનવડે જેમનાં દર્શન કરે છે; અને દેવો તેમજ અસુરો જેમના પારને જાણી શકતા નથી; એવા પરમાત્મદેવને નમસ્કાર હો. ૯

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

ગુજરાતી સરલાર્થરૂપે

અધ્યાય ૧લો-અર્જુનવિષાદયોગ

ધૃતરાષ્ટ્ર કહે છેઃ-

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय॥१

હે સંજય! ધર્મભૂમિ કુરુક્ષેત્રમ ભેગા થયેલા યુદ્ધની ઇચ્છાવાળા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું? ૧

ત્યારે વ્યૂહમાં ગોઠવાયલી પાંડવોની સેના જોઈને રાજા દુર્યોધને દ્રોણાચાર્ય પાસે જઈ આ વચન કહ્યું.૨

હે આચાર્ય ! આપના બુદ્ધિમાન શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહરચનામાં ગોઠવેલી પાંડવોની આ મોટી સેના જુઓ. ૩

એ સેનામાં મોટા ધનુર્ધારી અને યુદ્ધ-માં ભીમ તથા અર્જુન જેવા અનેક શૂરવીરો છે; જેમકે યુયુધાન (સાત્યકિ) અને વિરાટ, મહારથી દ્રુપદ, ધૃષ્ટકેતુ અને ચેકિતાન, બળ-વાન કાશીરાજ, પુરુજિત્ અને કુંતીભોજ, નરશ્રેષ્ઠ શૈબ્ય, પરાક્રમી યુધામન્યુ, બળવાન ઉત્તમૌજા, સૌભદ્ર અભિમન્યુ તથા દ્રૌપદી-ના પાંચે પુત્ર; આ બધાજ મહારથી છે. ૪થી૬

હે દ્વિજોત્તમ ! હવે અમારા પક્ષમાંના પણ જેઓ શ્રેષ્ઠ છે અને મારી સેનાના નાયકો છે; તે આપની જાણ માટે કહું છું તે સાંભળો.

આપ અને ભીષ્મપિતામહ, કર્ણ અને

સમરવિજયી કૃપાચાર્ય; તથા અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્તનો પુત્ર ભુરિશ્રવા અને બીજા પણ મારે માટે જીવ આપનારા તથા નાના પ્રકારનાં શસ્ત્ર ચલાવનારા પુષ્કળ શૂરવીરો છે અને તેઓ બધા યુદ્ધકળામાં ચતુર છે.૮,૯

ભીષ્મપિતામહદ્વારા રક્ષાયલી અમારી સેના અગણિત છે; અને ભીમથી રક્ષાયલી આ તેમની સેના તો આપણા કરતાં ઓછી છે.

માટે હવે બધા મોરચાઓ ઉપર પોત-પોતાના વિભાગમાં સ્થિત રહીને આપ સર્વ ભીષ્મપિતામહનીજ સર્વ બાજુથી રક્ષા કરો.

પછી કૌરવોમાં વૃદ્ધ અને મહાપ્રતાપી ભીષ્મપતિામહે દુર્યોધનને હર્ષ ઉપજાવવા માટે સિંહનાદની પેઠે ગર્જના કરીને મોટેથી શંખ વગાડયો. ૧૨

ત્યારે અન્ય યોદ્ધાઓ તરફથી પણ એકસાથે શંખ, નગારાં, મૃદંગ, ઢોલ અને રણશિંગાં વાગવા માંડયાં અને તેનો એકત્ર

નાદ ઘણો ભયંકર થયો. ૧૩

તે પછી ધોળા ઘોડાવાળા મહાન રથમાં બેઠેલા માધવ અને અર્જુને પણ દિવ્ય શંખો વગાડયા. ૧૪

શ્રીકૃષ્ણે પાંચજન્ય, અર્જુને દેવદત્ત અને ભીમકર્મા ભીમે મોટો પૌંડ્ર શંખ વગાડયો.

કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરે અનંતવિજય, નકુલે સુઘોષ અને સહદેવે મણિપુષ્પક નામે શંખ વગાડયા.૧૬

હે પૃથ્વીપતિ ! મહાધનુર્ધારી કાશીરાજ, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, અજિત સાત્યકિ, દ્રુપદ, દ્રૌપદીના પુત્રો અને મહાબાહુ અભિમન્યુ, એ સૌએ જુદા જુદા શંખ વગાડયા. ૧૭,૧૮

આકાશ અને પૃથ્વીને ગજાવી મૂકતા એ પ્રચંડ શંખનાદે કૌરવોનાં હૃદય ચીરી નાખ્યાં.

હે રાજન્! હવે વ્યવસ્થાથી ઉભેલા કૌરવોને જોઇ કપિધ્વજ અર્જુન શસ્ત્ર

ચલાવવા માટે ધનુષ્ય ઉઠાવીને હૃષીકેશ શ્રીકૃષ્ણપ્રત્યે આવું વચન બોલ્યો:-

અર્જુન કહે છે:-

હે અચ્યુત! અહીં યુદ્ધની ઇચ્છાથી આવી ઉભેલા જેઓની સાથે રણસંગ્રામમાં મારે લડવાનું છે; તેમને હું રૂડે પ્રકારે જોઇ લઉં ત્યાંસુધી મારો રથ બન્ને સેનાઓની મધ્યમાં લઇ જઈ ઉભો રાખો. યુદ્ધમાં દુર્બુદ્ધિ, કૌરવોનું પ્રિય ઇચ્છનારા આ સર્વ જે અહીં આવેલા છે, તેમને હું કાળજીથી જોઇશ. ૨૩

સંજય કહે છે:-

હે ધૃતરાષ્ટ્ર! આ પ્રમાણે અર્જુને કહેતાં શ્રીકૃષ્ણે તે ઉત્તમ રથને બન્ને સેનાઓ વચ્ચે ભીષ્મ, દ્રોણ તથા સર્વ રાજાઓની સામે ઉભો રાખી કહ્યું:-"હે પાર્થ! આ ભેગા થયેલા કૌરવોને જો." ૨૪,૨૫

પછી ત્યાં અર્જુને બંને સેનાઓમાં ઉભેલા કાકાઓ, પિતામહો, આચાર્યો, મામા-

ઓ, ભાઇઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરાઓ
તથા સુહૃદોને જોયા. એ સર્વ બાંધવાદિને જોઇ-
ને અર્જુન કરુણાના અત્યંત આવેશમાં આવી
ખેદ પામતો થકો આવું બોલ્યો.૨૬,૨૭

અર્જુન કહે છેઃ-

હે કૃષ્ણ! યુદ્ધની ઇચ્છાથી ઉભેલા આ
સગાઓને જોઇને મારાં ગાત્ર શિથિલ થાય
છે; મુખ સૂકાઇ જાય છે; શરીરમાં કંપ તથા
રોમાંચ થાય છે; હાથમાંથી ગાંડીવ ધનુષ્ય
સરી પડે છે; ચામડીમાં દાહ થાય છે; મારૂં
મન જાણે ભમે છે અને ઉભો રહેવાને પણ
હું સમર્થ નથી. ૨૮-૩૦

વળી હે કેશવ! ચિહ્નો પણ વિપરીત
જોઉં છું અને યુદ્ધમાં સ્વજનોને મારવામાં
કલ્યાણ જોતો નથી.૩૧

હે શ્રીકૃષ્ણ! તેઓને હણીને હું વિજય,
રાજ્ય અને સુખો મેળવવા ઇચ્છતો નથી. હે
ગોવિંદ! એવા રાજ્યથી, ભોગોથી ને જીવ-

તરથી અમને શો લાભ? ૩૨

કેમકે અમે જેઓને માટે રાજ્ય, ભોગો અને સુખો ઇચ્છીએ છીએ; તેઓ તો બધા પોતાના પ્રાણ અને ધનની આશા ત્યજીને યુદ્ધમાં ઉભેલા છે. ૩૩

આ ગુરુજનો, કાકાઓ, પુત્રો, દાદા, મામા, સસરા, પૌત્રો, સાળા અને બીજા સંબંધીઓ મને હણતા હોય, અથવા તો ત્રણે લોકનું રાજ્ય મળતું હોય તોપણ હે મધુ-સૂદન! હું એમને હણવા ઇચ્છતો નથી; તો પૃથ્વીમાટે તો કેમજ હણું? ૩૪,૩૫

વળી હે જનાર્દન! ધૃતરાષ્ટ્રના પુત્રોને હણવામાં અમને પ્રીતિજ કેવી થાય? કેમકે એ આતતાયીઓને પણ હણવાથી અમને તો પાપજ લાગે. ૩૬

તે માટે અમારે અમારા બંધુઓ ધૃતરાષ્ટ્રના પુત્રોને હણવા યોગ્ય નથી. હે માધવ! એ સ્વજનોને હણીને અમે

સુખી પણ ક્યાંથી થવાના ? ૩૭

યદ્યપિ લોભથી બુદ્ધિભ્રષ્ટ થયેલા એઓ, કુળક્ષયથી થતો દોષ અને મિત્રદ્રોહનું પાપ જોઈ શકતાનથી; પરંતુ હે જનાર્દન ! કુળનાશથી થતા દોષને જોનારા અમોએ આ પાપથી કેમ હઠી જવું નહિ ? ૩૮,૩૯

કુળનો ક્ષય થવાથી સનાતન કુળધર્મો નાશ પામે છે; ધર્મ નષ્ટ થતાં આખા કુળમાં પાપ વધી જાય છે; પાપ વધવાથી કુળની સ્ત્રીઓ દૂષિત થાય છે; અને હે વાર્ષ્ણેય ! દુષ્ટ સ્ત્રીઓથી વર્ણસંકર પ્રજા જન્મે છે.૪૦,૪૧

પછી એ વર્ણસંકર પ્રજા કુળને અને કુળઘાતીઓને નરકમાંજ નાખે છે. કેમકે એમના પિતૃઓ પણ પિંડ અને તર્પણ-ક્રિયા બંધ થવાથી પતન પામે છે.૪૨

કુળઘાતકોના આવા વર્ણસંકરકારક દોષોથી સનાતન કુળધર્મો અને જાતિધર્મો સુદ્ધાં નાશ પામે છે.૪૩

અને હે જનાર્દન! જેમના કુળધર્મ નાશ પામ્યા હોય એવા માણસોનો નક્કી નરકમાંજ વાસ થાય છે, એમ અમે સાંભળ્યું છે.

છતાં પણ અહો! શોકની વાત છે કે અમે આવું મહાઘોર પાપ કરવા તૈયાર થયા છીએ! અને તે પણ રાજ્યસુખના લોભ માટેજ સ્વજનોને હણવા નીકળ્યા છીએ!

એ કરતાં તો જો મને સામો ન થનારને તથા શસ્ત્રરહિતને શસ્ત્રધારી કૌરવો રણમાં હણી નાખે, તો તે પણ મારે માટે વધારે હિતકારક થાય. ૪૬

સંજય કહે છેઃ–

એવું કહીને શોકથી વ્યાકુળ મનવાળો અર્જુન રણમાં ધનુષબાણ ત્યજી દઇને રથપર બેસી ગયો. ૪૭

હરિઃૐ તત્સદિતિ શ્રીમદ્દભગવદ્દગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અર્જુનવિષાદયોગો નામ પ્રથમોઽધ્યાયઃ ॥૧॥

અધ્યાય ૨ જો-સાંખ્યયોગ

સંજય કહે છેઃ–

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥१॥

એ પ્રમાણે કૃપાના આવેશવાળા, આંસુભર્યાં વ્યાકુળ નેત્રવાળા અને ખેદ પામેલા તે અર્જુનપ્રત્યે મધુસૂદન શ્રીકૃષ્ણ ભગવાને આવું વચન કહ્યું. ૧

શ્રીભગવાન કહે છેઃ–

આવે વિપરીત પ્રસંગે હે અર્જુન ! આ અનાર્યોએ સેવેલો, સ્વર્ગને નહિ આપનારો અને અપકીર્તિકારક મોહ તને ક્યાંથી થયો ?

હે પાર્થ ! આમ કાયર થા નહિ. તારા જેવાને એ છાજતું નથી. માટે હે પરંતપ ! હૃદયની એ તુચ્છ દુર્બળતા ત્યજીને ઉભો થા.

અર્જુન કહે છેઃ—

હે મધુસૂદન ! હે અરિસૂદન ! યુદ્ધમાં પૂજનીય ભીષ્મ અને દ્રોણુ સામે હું બાણોથી કેમજ લડું ? ૪

એવા મહાનુભાવ ગુરુજનોને હણવા કરતાં તો આ લોકમાં ભિક્ષાનું અન્ન ખાવું શ્રેયસ્કર છે. કેમકે અર્થ(દ્રવ્ય)ની કામના-વાળા ગુરુજનોને હણીને પણ આ લોકમાં હું લોહીથીજ ખરડાયેલા ભોગો ભોગવીશ. ૫

વળી અમારે માટે એમાંનું કયું વધારે સારું છે અને અમે જીતીશું કે તેઓ અમને જીતશે, એ પણ અમે નથી જાણતા; તથા જેઓને હણીને અમે જીવવા નથી ઈચ્છતા તે કૌરવો તો સામેજ ઉભેલા છે ! ૬

કૃપણુતાના દોષથી મારો સ્વભાવ દબાઇ ગયો છે અને સ્વધર્મનો નિર્ણય કરવામાં ચિત્ત મૂઢ બની ગયું છે; તેથી આપને પૂછું છું. મારે માટે જે નક્કી કલ્યાણકારક હોય

તે મને કહો. હું આપનો શિષ્ય છું; મને આપને શરણ આવેલાને ઉપદેશ આપો.૭

કેમકે આ પૃથ્વીમાં શત્રુવિનાનું અને સર્વ સમૃદ્ધિવાળું રાજ્ય પામું અથવા દેવતાઓનું રાજ્ય પામું તોપણ તેમાં હું આ ઇંદ્રિયોને શોષનારા મારા શોકને દૂર કરે એવો ઉપાય રહેલો જોતો નથી.૮

સંજય કહે છેઃ-

પરમ તપસ્વી અને નિદ્રાજિત અર્જુન, શ્રીકૃષ્ણપ્રત્યે એવું કહીને તથા "યુદ્ધ નહિ કરૂં" એમ પણ ભગવાન ગોવિંદપ્રત્યે કહીને ચૂપ થયો.૯

હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે બેઉ સેનાના મધ્યે ખેદ પામતા તે અર્જુનપ્રત્યે હૃષીકેશ શ્રીકૃષ્ણ ભગવાને હસતા હોય તેમ આ વચન કહ્યું. ૧૦

શ્રીભગવાન કહે છેઃ-

જે શોક કરવા યોગ્ય નહિ તે વસ્તુનો તું

શોક કરે છે અને વચનો જ્ઞાનીના જેવાં બોલે છે; પણ જ્ઞાનીઓ કાંઇ મરેલાનો કે જીવતાનો શોક કરતા નથી.૧૧

કેમકે આ જન્મ પહેલાં કદી હું ન હતો, તું ન હતો કે આ રાજાઓ ન હતા એવું નથી; તેમ આ દેહાન્ત પછી પણ આપણે સર્વ નહિ હોઇએ એવું નથી. ૧૨

વળી દેહધારી જીવાત્માને આ દેહમાં જેમ બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા અવશ્ય પ્રાપ્ત થાય છે; તેમ દેહ છૂટયા પછી તેને બીજો દેહ પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. માટે ધીર મનુષ્ય એ દેહના વિષયમાં અજ્ઞાની-ની પેઠે મોહ પામતો નથી. ૧૩

એજ પ્રમાણે હે કૌંતેય! ટાઢ, ગરમી અને બીજા સુખ–દુઃખ આપનારા પદાર્થો તથા ઇંદ્રિયોના સંબંધો, એ તો આવવા-જવાવાળા અને અનિત્ય છે; માટે હે ભારત! તેમને તું સહન કર. ૧૪

કેમકે હે પુરુષશ્રેષ્ઠ ! સુખ અને દુ:ખને સમાન માનનારા જે ધીર પુરુષને આ ઇંદ્રિયો અને પદાર્થોના વિયોગ પીડા કરતા નથી; તેજ મોક્ષને યોગ્ય થાય છે. ૧૫

"અસત્ વસ્તુ અમર હોતી નથી અને સત્ વસ્તુનો નાશ થઇ શકતો નથી" એ બંને વિષે આવોજ સિદ્ધાંત તત્ત્વદર્શીઓએ જોયો છે. ૧૬

હવે એમાં અવિનાશી વસ્તુ તો તે શુદ્ધ આત્માનેજ જાણ, કે જેના વડે આ બધું જગત ભરપૂર છે; તથા જે વધે ઘટે નહિ એવો છે; અને તેથી એ આત્માનો નાશ કરવાને કોઇ પણ સમર્થ નથી. ૧૭

નાશવંત તો એ નિત્ય, નાશરહિત, સર્વવ્યાપક, અવિકારી ને અમાપ એવા આત્માનાં આ શરીરોને કહેલાં છે; તેથી હે ભરતવંશી અર્જુન! યુદ્ધ કર. ૧૮

જે કોઇ એ આત્માને હણનારો જાણે છે અને જે એને હણાયેલો માને છે; તે

બંને ખરી વાત જાણતા નથી. કેમકે એ નથી હણતો કે નથી હણાતો.૧૯

વળી એ આત્મા કદી પણ જન્મતો કે મરતો નથી; તથા એ પૂર્વે ન હતો કે ભવિષ્યમાં નહિ હોય એવું પણ નથી–અર્થાત્ એ અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન હોવાથી શરીર હણાયાથી હણાતો નથી.૨૦

હે પાર્થ ! એમ જે પુરુષ આ આત્માને અવિનાશી, નિત્ય, અજન્મા અને અવિકારી જાણે છે; તે શા કારણથી અને કોને હણશે તથા કોને હણાવશે ? ૨૧

કેમકે મનુષ્ય જેમ જૂનાં વસ્ત્રો ત્યજી દઇને બીજાં નવાં વસ્ત્રો પહેરે છે; તેમ એ આત્મા પણ જૂનાં શરીરો ત્યજી દઇને બીજાં નવાં શરીરો ધારણ કરે છે. ૨૨

એ અમર આત્માને તો નથી શસ્ત્રો છેદી શકતાં કે નથી એને અગ્નિ બાળી શકતો; નથી એને પાણી પલાળી શકતું કે

નથી એને પવન સૂકવી શકતો. ૨૩

કેમકે આ આત્મા છેદાય નહિ એવો, બળાય નહિ એવો, પલળે નહિ એવો તથા સૂકાય નહિ એવો હોવા ઉપરાંત સદાકાળ રહેનારો, સર્વત્ર રહેનારો, સ્થિર, અચળ અને સનાતન (અનાદિ) છે. ૨૪

વળી આ આત્માને અવ્યક્ત (ઇંદ્રિયોથી જણાયનહિ એવો), અચિંત્ય (એકી વેળા સંપૂર્ણ ચિંતવી શકાય નહિ એવો) અને અવિકારી કહ્યો છે; માટે એને એવો જાણ્યા પછી તારે એનો શોક કરવો યોગ્ય નથી.૨૫

છતાં કદાપિ તું આ આત્માને સદા જન્મનારો અને મર્યા કરનારો માની લે તોપણ હે મહાબાહો અર્જુન ! તારે એનો શોક કરવો યોગ્ય નથી. ૨૬

કારણ કે જેમ જન્મેલાનું મૃત્યુ નક્કી છે; તેમ મરનારાનો જન્મ પણ નક્કી છે. માટે એ ટાળી ટળે નહિ એવી બાબત

માટે તારે શોક કરવો યોગ્ય નથી.૨૭

હે ભારત! જન્મવા પહેલાં આ સર્વ પ્રાણી દેખાય નહિ તેવા અવ્યક્ત–અદૃશ્ય રૂપમાં હતાં, તેજ મધ્યકાળમાં આજે વ્યક્ત–દૃખાય તેવાં થયાં છે; અને દેહાંત પછી પાછાં તે પ્રથમ હતાં તેવાં અવ્યક્ત–અદૃશ્યરૂપેજ થશે અને રહેશે. માટે એમાં શોક કેવો? ૨૮

કોઈક (સાધનસંપન્ન સિદ્ધાત્મા) જ એ આત્માને આશ્ચર્ય જેવો જોઇ શકે છે; અને એવો કોઇક–એનો સાક્ષાત્કાર પામ્યો હોય તે–જ એને આશ્ચર્યની પેઠે કહી શકે છે; તથા કોઈ સાચો સાધકજ એને આશ્ચર્ય જેવો સમજી શકે છે. બાકી બીજા કંઇએક તો એ શુદ્ધાત્માને સાંભળ્યા છતાં એ સમજી શકતા નથી.

હે ભારત! આ આત્મા સર્વનાં શરીરોમાં સદાય અવધ્ય–માર્યો મરાય નહિ એવો–છે; તેથી પણ તારે આ બધાં પ્રાણીઓ માટે શોક કરવો યોગ્ય નથી. ૩૦

વળી તારો સ્વધર્મ જોતાં પણ તારે કંપી ઉઠવું યોગ્ય નથી. કેમકે ક્ષત્રિયને માટે ધર્મ યુક્તયુદ્ધ કરતાં વધારે કલ્યાણકારી બીજું કોઇ કર્તવ્ય નથી. ૩૧

અને હે પાર્થ! આવું દૈવેચ્છાથી સહજે પ્રાપ્ત થયેલું અને સ્વર્ગના ખુલ્લા દ્વારરૂપ ધર્મયુદ્ધ, એ તો જે ક્ષત્રિયો ભાગ્યશાળી હોય તેમનેજ મળે છે. ૩૨

છતાં પણ જો તું આ ધર્મયુદ્ધ નહિ કરે તો સ્વધર્મ સાથે કીર્તિ પણ ખોઇ બેસીને પાપજ પામીશ. ૩૩

એટલુંજ નહિ પણ લોકો સદા તારી અપકીર્તિ ગાશે અને પ્રતિષ્ઠાવાળાને તો તે અપકીર્તિ મરણ કરતાં પણ વધારે છે. ૩૪

વળી મહારથીઓ તો તને ભયનોજ માર્યો રણમાંથી હઠી ગયેલો માનશે અને તેથી જેઓમાં તું બહુ માન પામેલો છે, તેઓમાં પણ હલકો પડીશ. ૩૫

એમાં પણ તારા શત્રુઓ તો તારા સામર્થ્યની નિંદા કરતી વખતે ન બોલવા જેવાં પુષ્કળ વચનો બોલશે; અને એ કરતાં વધારે દુઃખ બીજું કયું ? ૩૬

(હવે લાભ તરફ જો કે) યુદ્ધમાં હણાયો તો સ્વર્ગને પામીશ અને જીત્યો તો પૃથ્વીને ભોગવીશ; માટે હે કૌંતેય! યુદ્ધનો નિશ્ચય કરીને ખડો થઈ જા. ૩૭

(તીવ્ર જિજ્ઞાસુને પૃથ્વી, સ્વર્ગ કે કીર્તિની પણ સ્પૃહા હોતી નથી; પરંતુ તેને મન સુખદુઃખાદિ સર્વ દ્વંદ્વો સમાન હોય છે. માટે તે દૃષ્ટિથી પણ) સુખ દુઃખ, લાભ અલાભ અને જય પરાજય, એ સર્વ પ્રત્યે સમદૃષ્ટિ કરીને તું યુદ્ધમાં જોડાઇ જા. કેમકે એ દૃષ્ટિથી પણ તને પાપ નહિ લાગે. ૩૮

ઉપલી બુદ્ધિ તને 'જ્ઞાનયોગ'ની દૃષ્ટિથી કહી છે. હવે 'કર્મયોગ' વિષેની બુદ્ધિ કહું તે સાંભળ, કે જે બુદ્ધિને–જ્ઞાનને

૨

મેળવવાથી હે પાર્થ! તું કર્મબંધનનો સંપૂર્ણ નાશ કરી શકીશ. ૩૯

વળી કર્મયોગને રસ્તે ચાલવામાં (કોઇ બાબત ઓછી કે અધુરી રહી જવાથી સકામ કર્મમાં થાય છે તેમ) થયું હોય તેટલું કાર્ય નષ્ટ, નિષ્ફળ કે પાપદાયક થતું નથી; પણ આ નિષ્કામ કર્મરૂપી ધર્મ તો થોડો પણ આચરી શકાયો હોય તો તે તેના પ્રમાણમાં ઘણા મોટા ભયથી તારે છે—છોડાવે છે. ૪૦

આ કલ્યાણકારી માર્ગમાં ચાલનારાઓની બુદ્ધિ એક પરમાત્મપ્રાપ્તિનાજ નિશ્ચયવાળી હોય છે; (અને તેથી તે એકનિષ્ટ રહી પ્રાપ્તવ્ય પણ ઝટ પામી શકે છે;) ત્યારે એ નિશ્ચયવગરના અજ્ઞાનીઓની બુદ્ધિઓ તો ઘણાજ ફાંટાવાળી તથા જેનો છેડો આવે નહિ એવી લોકપરલોકની અનંત ઇચ્છાઓવાળી થતી ચાલે છે.૪૧

હે પાર્થ! એવા કામનાઓથી ભરેલા

અજ્ઞાનીઓ કેવળ ફલશ્રુતિમાંજ પ્રીતિવાળા અને સ્વર્ગનેજ સર્વોપરિ સમજનારા હોવાથી 'એથી ચઢિયાતું બીજું કશું નથી' એમ કહીને તેઓ કેવળ ભોગ અને ઐશ્વર્ય તરફ પ્રેરનારી, જન્મ તથા કર્મફળની સમજૂત આપનારી અને પુષ્કળ ખાસ ક્રિયાઓ દર્શાવવાવાળી પુષ્પ જેવી સુંદર ને કોમળ વાણી વદે છે.

એવી આકર્ષક વાણીને લીધે જે મનુષ્યોનું ચિત્ત ભોગ અને ઐશ્વર્ય તરફ ખેંચાઇને આસક્ત થયેલું હોય છે; તેમના અંતઃકરણમાં પરમાત્મપ્રાપ્તિના નિશ્ચયવાળી યોગબુદ્ધિ જાગ્રત થઇ શકતી નથી. ૪૪

આ પ્રમાણે કર્મકાંડાત્મક વેદવચનો તો માત્ર આ ત્રિગુણાત્મક અનિત્ય સંસારને અને સકામ કર્મોને દર્શાવવાવાળાં છે; માટે હે અર્જુન! તું ત્રિગુણાતીત અર્થાત્ લોક–પરલોકની કાંઇ પણ ઇચ્છાવિનાનો, નિર્દ્વંદ્વ અર્થાત્ સુખ દુઃખ, જય પરાજય ઇત્યાદિ જોડકાં પ્રત્યે

રાગદ્વેષવિનાનો, તથા હમેશાં સાત્ત્વિક સ્થિતિવાળો, યોગક્ષેમની ચિંતાવિનાનો અને એક પરમાત્મામાંજ પ્રેમ અને કામનાવાળો થા.

કેમકે નાની તળાવડીથી જે અર્થ સરે છે, તે અર્થ સર્વ તરફથી ભરપૂર વિશાળ જળાશયવડે તો સહેજે સરી રહે છે; તેમ વેદોમાં કહેલાં કર્મો અને ફળોથી જે જે અર્થ સરે છે, તે સર્વ અર્થ બ્રહ્મનો સાક્ષાત્કાર પામેલા બ્રહ્મવેત્તાનો પણ સહજમાં સરે છે.

તારામાં યોગ્યતા કર્મયોગમાં (નિષ્કામ અને નિર્દ્વંદ્વપણે કર્મ કરવામાં) પ્રવેશવા જેટલી આવી ચૂકી છે; ફળેચ્છાથીજ કર્મ કરી શકે એવી અલ્પ યોગ્યતા કદાપિ નથી. માટે હવે તું કર્મફળના હેતુવાળો થા નહિ; તેમ કર્મરહિત થવામાં પણ પ્રીતિ રાખતો નહિ.

અને હે ધનંજય! હવે તો તું કર્મયોગમાં સ્થિર થઈને—અર્થાત ફળની આસક્તિ ત્યજીને તથા સિદ્ધિ અસિદ્ધિ ઈત્યાદિ દ્વંદ્વોમાં સમ-

દૃષ્ટિવાળો થઇને કર્મોજ કરવા માંડ. કેમકે (નિરાસક્તિ અને સમદૃષ્ટિપૂર્વક કર્મો કરવાં) એનેજ કર્મયોગ કહે છે. ૪૮

એવી યોગબુદ્ધિપૂર્વક કર્મો કરાય, તેના કરતાં તો ફળેચ્છાવાળાં કર્મ તુચ્છજ છે; અને એવા ફળના હેતુથી કર્મ કરનારાઓ પણ અત્યંત દીન-અર્થાત તુચ્છ-કંગાલબુદ્ધિવાળા છે; માટે હે ધનંજય! તું હવે એ યોગબુદ્ધિનુંજ શરણ લે-આશ્રય લે. ૪૯

એ યોગબુદ્ધિવાળો મનુષ્ય (નિષ્કામ અને સમદૃષ્ટિવાળો હોવાથી) સુકૃત અને દુષ્કૃત સારાં અને ખોટાં-બન્ને પ્રકારનાં કર્મ આ લોકમાંજ ત્યજી દે છે (અર્થાત તેનાથી નિર્લેપ રહે છે; તેથી તું એ યોગબુદ્ધિથીજ કર્મ કર. (અને ધ્યાનમાં રાખ કે) કર્મોમાં એવી કુશળતા (નિષ્કામ અને સમબુદ્ધિ) હોવી એનુંજ નામ યોગબુદ્ધિ છે.૫૦

કેમકે એવી યોગબુદ્ધિવાળો જ્ઞાની

મનુષ્ય કર્મજન્ય ફળ (અહીંજ) ત્યજી દેતો હોવાથી જન્મમરણાદિનાં અનેક પ્રકારનાં દુઃખો અને બંધનોથી સદાને માટે મુક્ત એવા નિર્વિકાર (અમૃતમય–અનુપમ સચ્ચિદાનંદમય) પરમ પદને પ્રાપ્ત થાય છે. ૫૧

જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી કીચડની પાર પહોંચી જશે ત્યારેજ તું સાંભળેલાં તથા સાંભળવા જેવાં કર્મફળો ઉપર વૈરાગ્ય પામીશ. ૫૨

કર્મ અને તેનાં ફળ સાંભળી સાંભળીને વિપરીત થયેલી તારી બુદ્ધિ જ્યારે એમ ઉપરામ બનીને પરમાત્મામાં અડગ નિષ્ઠાવાળી થશે; ત્યારેજ તું તે સમતા અને નિષ્કામતારૂપી યોગબુદ્ધિને પામીશ. ૫૩

અર્જુન પૂછે છે:–

હે કેશવ! એવા પરમાત્મસમાધિમાં અડગ નિષ્ઠાવાળા સ્થિતપ્રજ્ઞ પુરુષનાં લક્ષણ કેવાં હોય? એ યોગમાં સ્થિર બુદ્ધિવાળો

કેવી રીતે બોલે ? કેવી રીતે ચાલે ? અને કેવી રીતે બેસે ? ૫૪

શ્રીભગવાન કહે છેઃ-

હે પાર્થ ! મનુષ્ય જ્યારે મનમાં ભરેલી સર્વ કામનાઓને ત્યજી દે છે અને આત્માથીજ આત્મામાં સંતુષ્ટ રહે છે; ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૫૫

જેનું મન દુઃખોમાં ઉદ્વેગરહિત અને સુખોમાં સ્પૃહારહિત છે તથા જેના રાગ, ભય અને ક્રોધ છૂટી ગયા છે; એવોજ મુનિ સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે.૫૬

જે મનુષ્ય સર્વત્ર સ્નેહવિનાનો હોઇ તે તે શુભ પદાર્થ પામીને નથી આનંદ પામતો અને નથી અશુભ પદાર્થ પામીને દ્વેષ કરતો તેની બુદ્ધિ સ્થિર છે.૫૭

જેમ કાચબો સર્વ અંગ સમેટી લે છે; તેમ આ મનુષ્ય પણ જ્યારે ચોતરફથી ઇંદ્રિયોને તેના તેના વિષયોમાંથી ખેંચી લે

છે; ત્યારેજ તેની બુદ્ધિ સ્થિર થાય છે. ૫૮

એ પ્રમાણે વિષયોને ગ્રહણ નહિ કરનારા મનુષ્યની ઇંદ્રિયોથી વિષયો દૂર થાય છે, છતાં તેના પ્રત્યે તેની રસવૃત્તિ રહી જાય છે; પરંતુ તે સર્વ રસોના રસ અને સુખોના સુખ-રૂપ પરમાત્માનો સાચો સાક્ષાત્કાર થતાં તે રસવૃત્તિ પણ નિવૃત્ત થઈ જાય છે. ૫૯

માટે હે કૌંતેય! (એ સ્થિતિએ પહોંચ્યા અગાઉ તો) પ્રયત્ન કરનારા બુદ્ધિમાન સાધક-ના મનને તેની જોરાવર ઇંદ્રિયો (અનુભવેલી રસવૃત્તિને લીધે) વિષયોમાં પરાણે ખેંચી જાય છે. માટે તે યત્નવાન સાધકે સર્વ ઇંદ્રિયો વશ રાખવા ઉપરાંત ચિત્તને પણ મારામાં (ધ્યાન–ચિંતન, કથા–કીર્તન, શ્રવણ–મનન, સેવા સત્સંગ, ઇત્યાદિ અનુકૂળ પડે તે તે પ્રકારે સદા અંતરંગ સાધનામાં) જોડી રાખીને મારે પરાયણ થઇ રહેવું જોઇએ. કેમ કે એવી રીતે જેની ઇંદ્રિયો મનસહિત વશ

હોય, તેનીજ બુદ્ધિ સ્થિર થાય છે. ૬૦,૬૧

અને જે (માત્ર ઇંદ્રિયોજ રોકીને મન-વડે) વિષયોનું ચિંતન થવા દે છે; તેને તો વળી પાછી વિષયોમાં રુચિ ઉપજે છે; રુચિમાંથી કામના ઉપજે છે; કામનામાંથી ક્રોધ ઉપજે છે; ક્રોધમાંથી મોહ થાય છે; મોહથી સ્મૃતિમાં ભ્રમ થાય છે; સ્મૃતિ-ભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે ને બુદ્ધિ-નાશથી સાધકની અધોગતિ થાય છે. ૬૨,૬૩

પરંતુ વિધેયાત્મા એટલે કે ઉપરોક્ત વિધિ પ્રમાણે વર્તનારો-સ્વાધીન મનવાળો-યોગી પોતાની વશ કરેલી રાગદ્વેષ વિનાની શ્રોત્રાદિ ઇંદ્રિયો વડે અનિવાર્ય વિષયોમાં વિચરતો થકો પણ પરમાત્મપ્રસાદ-ઈષ્ટ-કૃપા-અંતઃકરણની વિશુદ્ધિ-પામે છે. ૬૪

એ પ્રસાદવડે આ યોગીનાં સર્વ દુઃખ-ત્રિવિધ તાપ હણાઇ જાય છે અને પ્રસન્નચિત્તવાળો થઇને બુદ્ધિ પણ શીઘ્ર

સુસ્થિર થઇ રહે છે. ૬૫

વિધિપૂર્વક નહિ વર્તનારા અયુક્ત-અયોગી-મનુષ્યમાં તો યોગબુદ્ધિ નથી હોતી તેમ આસ્તિક ભાવ પણ નહિ; આસ્તિક ભાવ નહિ તેને શાંતિ પણ નહિ અને અશાંત મનુષ્યને સુખ તો કયાંથીજ હોય. ૬૬

કારણ કે જેમ જળમાં નાવને વાયુ ખેંચી જાય છે; તેમ આ અયોગી મનુષ્યની વિષયોમાં વિચરતી ઇંદ્રિયોમાંની જે પણ ઇંદ્રિય સાથે તેનું મન જોડાય છે; તે ઇંદ્રિય તરતજ તેની બુદ્ધિને ખેંચી જાય છે.૬૭

તે માટે હે મહાબાહો ! ચિત્ત ઉપરાંત જેની ઇંદ્રિયો પણ સર્વ પ્રકારે ઇંદ્રિયોના વિષયોથી રોકેલી હોય તેનીજ બુદ્ધિ પ્રતિષ્ઠિત-સ્થિર-થઇ શકે છે.૬૮

આ પ્રમાણે (સ્થિર કરી શકાય તેવી) જે યોગબુદ્ધિ સર્વ પ્રાણીઓને રાત્રિ જેવી (ઉંઘવા જેવી-આચારમાં નહિ મૂકવા જેવી)

ભાસે છે; તે યોગબુદ્ધિમાં સંયમી યોગી જાગે છે-તત્પર રહે છે; અને સર્વ પ્રાણીઓ જે અયુક્ત એટલે યોગબુદ્ધિ વિનાની અયુકત બુદ્ધિને અનુસરવામાં જાગ્રત-તત્પર-રહે છે; તે અયુક્ત બુદ્ધિને વિચારશીલ મુનિ (સાચો સાધક) રાત્રિ જેવી (ઉંઘવા જેવી-ધ્યાન નહિ આપવા જેવી) જાણે છે.૬૯

જેમ સર્વ તરફથી ભરપૂર એવા અચળ પ્રતિષ્ઠાવાળા સમુદ્રમાં (ભારે વૃષ્ટિઓ અને હજારો નદીઓ ઇત્યાદિનાં સર્વ પ્રકારનાં) પાણી (તેને છલકાવ્યા વિનાજ) સમાતાં રહે છે; તેની પેઠે સર્વ પ્રકારની ભોગેચ્છાઓ જે યોગબુદ્ધિવાળા મનુષ્યમાં (પ્રવેશે તો પણ તેને ચલાયમાન નહિ કરી શકતાં) સમાઇ જાય છે, તેજ શાન્તિને પામે છે; કામનાઓ પૂરી કરવા ઇચ્છનારો નથી પામતો. ૭૦

તાત્પર્ય કે જે મનુષ્ય સર્વ કામનાઓને ફેંકી દઈને નિઃસ્પૃહ, મમતારહિત અને

અહંકારરહિત થઇને વિચરે છે, તેજ શાંતિને પ્રાપ્ત થાય છે. ૭૧

(અને આ કાંઇ સામાન્ય શાંતિની વાત નથી પણ) હે પાર્થ ! આ તો બ્રાહ્મી સ્થિતિની (બ્રહ્મદર્શન પામેલા બ્રહ્મવેત્તાની સ્થિતિની) વાત છે; કે જે સ્થિતિને પામેલો મનુષ્ય કશામાં મોહ નહિ પામતાં અંતકાળે પણ એજ નિષ્ઠામાં સ્થિત થઇને (પુનઃ જન્મમરણમાં આવવું પડે નહિ એવા) બ્રહ્મનિર્વાણને પામે છે.

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સાંખ્યયોગો નામ દ્વિતીયોઽધ્યાયઃ ॥૨॥

અધ્યાય ૩ જો-કર્મયોગ

અર્જુન કહે છેઃ-

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥
व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम्॥

હે જનાર્દન! (આગળ કહ્યું તેમ) જો આપ કર્મયોગની પ્રવૃત્તિ કરતાં જ્ઞાનયોગની સ્થિર બુદ્ધિને શ્રેષ્ઠ માનતા હો; તો હે કેશવ! આ યુદ્ધરૂપી ઘોર કર્મમાં મને શામાટે જોડો છો? અને શામાટે દ્વિઅર્થી જેવાં વચનોથી મારી બુદ્ધિને મોહ પમાડવા જેવું કરો છો? મને તો એમાંથી તે એકજ વાત નિશ્ચય કરીને કહો કે જેથી હું કલ્યાણને પામું. ૧,૨

શ્રીભગવાન કહે છેઃ-

હે નિષ્પાપ અર્જુન! આ લોકમાં જ્ઞાની-

ઓની જ્ઞાનયોગવડે અને યોગીઓની કર્મ-યોગવડે, એમ સિદ્ધિ માટે બે પ્રકારની નિષ્ઠા ઉપયોગી છે તે મેં પ્રથમ કહી; પરંતુ માણસ કર્મનો આરંભ કરે નહિ તેથી જેમ તે નૈષ્કર્મ્ય સિદ્ધિને (મોક્ષને) પામતો નથી; તેમ માત્ર કર્મસંન્યાસથી (કર્મો કરવાં છોડી દે તેથી) પણ સિદ્ધિ પામતો નથી. ૩,૪

કારણ કે કર્મ કર્યા વિના કોઈ પણ ક્ષણમાત્ર રહી શકતો નથી અને પ્રકૃતિજન્ય ગુણો પરાણે પણ સર્વ કર્મો કરાવે છે. ૫

જે મૂઢ મનુષ્ય કર્મેંદ્રિયોને રોકે, પણ મનવડે ઇંદ્રિયોના વિષયોનું સ્મરણ કરતો રહે; તે તો વૃથા પ્રયત્ન કરનારો કહેવાય છે. ૬

અને એ કરતાં તો હે અર્જુન! જે મનુષ્ય મનવડે ઇંદ્રિયોને નિયમમાં રાખીને તથા અનાસક્ત રહીને કર્મેંદ્રિયોવડે કર્મ-યોગ આરંભે છે તેજ શ્રેષ્ઠ છે. ૭

(તારી ક્ષાત્રપ્રકૃતિ અને શાસ્ત્રાજ્ઞા જોતાં)

સ્વધર્મરૂપ કર્મ ન કરવા કરતાં કર્મ કરવું-જ શ્રેષ્ઠ છે. માટે તું તારે માટે નિયત થયેલું આ યુદ્ધકાર્ય પણ કર. કેમકે આ કાર્ય ન કરવાથી તારી શરીરયાત્રા પણ સિદ્ધ નહિ થાય.

આ લોકો યજ્ઞાર્થ-પ્રભુપ્રીત્યર્થ-ઈશ્વરાર્પણ-કર્મ વિનાનાં બીજાં જે સકામ કર્મ કરે છે તેથીજ કર્મબંધનમાં પડે છે. માટે હે કૌંતેય! તું બીજી આસક્તિઓથી મુક્ત થઇ તે યજ્ઞરૂપ પ્રભુ અર્થે રૂડાં કર્મ આચર. ૯

પૂર્વે પ્રજાની સાથેજ યજ્ઞ સૃજીને પ્રજાપતિએ કહ્યું છે કે "આ યજ્ઞ કરતા રહી તમે ઉન્નતિને પામો અને એ તમારા ઇષ્ટ મનોરથો આપનારો થાઓ. આ યજ્ઞવડે તમે દેવતાઓની સંભાવના (સન્માન-સ્તવનપૂજન--ભાવભક્તિ) કરો અને દેવો તમને પ્રભાવશાળી કરો. આ પ્રમાણે એકબીજાને પ્રભાવિત કરતા થકા તમે પરમ કલ્યાણને પામશો. યજ્ઞથી પ્રભાવિત થયેલા દેવતાઓ તમને ઈષ્ટપદાર્થો

આપશે; પરંતુ તેમણે આપેલા પદાર્થ પાછા તેમને અર્થે (દાન, સેવા, યજ્ઞાદિરૂપે) આપ્યા વિના જે ભોગવે છે તે તો ચોરજ છે.”૧૦–૧૨

કેમકે યજ્ઞનું બચેલું જમનારા સજ્જનો સર્વ પાપોથી મુક્ત થાય છે; અને જે પાપીઓ માત્ર પોતાનેજ માટે રાંધે છે તેઓ તો પાપજ ખાય છે. ૧૩

પ્રાણીઓ અન્નથી પેદા થાય છે; અન્ન વરસાદથી ઉપજે છે; વૃષ્ટિ યજ્ઞથી વરસે છે; યજ્ઞ કર્મ કરવાથી થાય છે; કર્મ વેદબ્રહ્મની પ્રેરણાથી ઉપજેલું છે અને વેદબ્રહ્મની ઉત્પત્તિ અક્ષરબ્રહ્મથી છે; માટે એ સર્વવ્યાપી અક્ષર-બ્રહ્મને યજ્ઞમાં પણ સદાય રહેલા જાણ.૧૪,૧૫

હે પાર્થ ! આ લોકમાં આવી રીતે પ્રવર્તેલા યજ્ઞરૂપી ચક્રને અનુકૂળ જે મનુષ્ય વર્તતો નથી; તે ઇંદ્રિયલંપટ અને પાપી જીવનવાળો હોઇ વૃથાજ જીવે છે. ૧૬

પરંતુ જે મનુષ્ય પરમાત્મામાંજ પ્રીતિ-

વાળો, પરમાત્મામાંજ તૃપ્ત રહેનારો (સાક્ષાત્કારથી કૃતાર્થ થયેલો) અને સર્વ પ્રકારે પરમાત્મામાંજ (ઇશ્વરેચ્છામાંજ) સંતોષવાળો હોય; તેને માટે કશુંજ કર્તવ્ય રહેતું નથી.

કેમકે આ સંસારમાં તેને કર્મ કરીને કશો લાભ મેળવવાનો હોતો નથી અને નહિ કરવાથી કશી હાનિ થતી નથી; તેમ સર્વ પ્રાણી પદાર્થો સાથે એના સ્વાર્થનો (લાભાલાભનો કશો) સંબંધ રહેતો નથી.૧૮

માટે (તારે પણ તેવો—જીવનમુક્ત—થવું હોય તો) આસક્તિવિનાનો થઇને કર્તવ્ય કર્મ સતતપણે અને રૂડે પ્રકારે કર. કેમકે અનાસક્ત થઇને કર્મ કરે તેજ ચિત્તશુદ્ધિદ્વારા પરમ સિદ્ધિ(મોક્ષ)ને પામે છે. ૧૯

જનકાદિ મહાત્માઓ પણ એમ નિષ્કામ કર્મથી પરમ સિદ્ધિ(મોક્ષ)ને પામ્યા છે. વળી લોકહિતાર્થે—લોકસંગ્રહની દષ્ટીએ જોતાં પણ તારે કર્મ કરવું ઉચિત છે.૨૦

કેમકે શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે; તે તે અન્ય જનો પણ કરે છે અને જે વાતને તે પ્રમાણભૂત (યોગ્ય) ઠરાવે છે તેને અનુસરીને લોકો વર્તે છે.૨૧

હે પાર્થ! ત્રણે લોકમાં મારે નથી તો કાંઈજ કર્તવ્ય કે નથી કશું ન મળ્યું હોય એવું મેળવવાનું; છતાં પણ હું કર્મમાં વર્તું છું.

કારણ કે જો હું કર્મમાં વર્તવા સાવધ ન રહું તો હે પાર્થ! મનુષ્યો સર્વ રીતે મારાજ માર્ગને અનુસરે.૨૩

જો હું કર્મ ન કરૂં તો આ બધા લોકનો ઉચ્છેદ થાય અને તેથી વર્ણસંકરનો કર્તા તથા એ બધી પ્રજાને મહાન હાનિ કરનારો થાઉં.

માટે હે ભારત! કર્મફળમાં આસક્ત અજ્ઞાની જનો જેવી રીતે કર્મો કરે છે તેવીજ રીતે લોકસંગ્રહને (લોકહિતને) ઇચ્છનારા અનાસક્ત જ્ઞાનીએ કર્મ કરવું જોઈએ. ૨૫

વળી કર્મફળમાં આસક્તિવાળા અજ્ઞાની-

ઓની બુદ્ધિમાં જ્ઞાનીજન ભેદ (અશ્રદ્ધા) ઉપજાવે નહિ; પણ પોતે પરમાત્માસાં યુક્ત રહેતો થકો સર્વ કર્મો રૂડે પ્રકારે કરતો રહીને તેમને ઉત્સાહ આપે. ૨૬

કર્મો તો સર્વત્ર પ્રકૃતિના ગુણોવડેજ કરાય છે; છતાં અહંકારથી અતિમૂઢ બની ગએલો જીવાત્મા "હું કર્તા છું" એમ અવળું માની લે છે. ૨૭

હે મહાબાહો! ગુણોના અને ગુણોવડે કરાતાં કર્મોના વિભાગને જાણનારો તત્ત્વ-જ્ઞાની તો "ગુણોજ ગુણોમાં વર્તે છે" એમ માનીને આસક્ત થતો નથી; અને પ્રકૃતિના ગુણોમાં (અહંતા-મમતાથી) મોહી પડેલા મંદ બુદ્ધિવાળાજ ગુણોવડે કરાતાં કર્મોમાં (પોતાને કર્તા માનીને) આસક્ત રહે છે; છતાં એવા અધુરા જ્ઞાનીને (તે ઉભય ભ્રષ્ટ ન થઇ પડે તે માટે તેને તેનાં સકામ કર્મોમાંથી) પૂર્ણજ્ઞાની વિચલિત કરે નહિ. ૨૮,૨૯

તું પણ અધ્યાત્મનિષ્ઠ ચિત્તથી બધાં કર્મ મને સમર્પણ કરતો રહી ફળની આશા, અહંતા–મમતા તથા શોકસંતાપને ત્યજી દઇને યુદ્ધ કર. ૩૦

જે મનુષ્યો મારા આ મતમાં દોષબુદ્ધિ વિનાના અને શ્રદ્ધાવાન થઇને સદા તેને અનુસરીને ચાલે છે; તેઓ પણ (જ્ઞાનીની પેઠે) કર્મબંધનથી મુક્ત થાય છે.૩૧

પરંતુ જે દોષદૃષ્ટિવાળાઓ મારા આ મતાનુસાર વર્તતા નથી એવા સમગ્ર જ્ઞાનોમાં (અવળી બુદ્ધિવાળા) મહામૂઢ માણસોને તો તું અસાવધ અને નાશ પામેલા જાણ.૩૨

બધાંય ભૂત–પ્રાણી પોતપોતાની પ્રકૃતિને અનુસરે છે અને જ્ઞાનવાન પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે×ત્યાં પછી (તું તારી

× ફેર એ કે અજ્ઞાની સ્વપ્રકૃતિને અવળે રસ્તે વાપરી અધોગતિ પામે છે; ને જ્ઞાની સન્માર્ગે વાપરી ઉન્નત થાય છે.

ક્ષાત્રપ્રકૃતિની વિરુદ્ધ જઇને યુદ્ધની ના પાડે છે તે તારો) નિગ્રહ શું કરી શકશે ? ૩૩

હા, ઇંદ્રિયોને જે પોતપોતાના અનુકૂળ વિષયોમાં રાગ અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ રહેલા છે; તેમને વશ થવું નહિ. કારણ કે એ બંને કલ્યાણના માર્ગમાં આડા આવનારા શત્રુ છે. ૩૪

રૂડે પ્રકારે આચરેલા બીજાના ધર્મથી પોતાનો ધર્મ ઓછા ગુણવાળો હોય તોપણ શ્રેયસ્કર છે. કેમકે સ્વધર્મપાલનમાં મરણ પણ કલ્યાણકારી થાય છે; અને પરધર્મ તો ભયકારકજ થાય છે. ૩૫

અર્જુન પૂછે છેઃ-

તો પછી હે કૃષ્ણ ! ઇચ્છા ન હોય તોપણ આ પુરુષ કોનાથી પ્રેરાઇને પરાણે જોડેલાની પેઠે પાપકર્મ આચરે છે ? ૩૬

શ્રીભગવાન કહે છેઃ-

એ (પાપમાં પ્રેરનારો) તો આ રજો-

ગુણમાંથી ઉપજેલો અને અગ્નિની પેઠે ભોગોથી કદી ધરાય નહિ એવો 'કામ' છે અને આ પાપી 'ક્રોધ' પણ એજ છે; માટે આ સંસારમાં એનેજ તું ખરો વૈરી જાણ.૩૭

કેમકે જેમ ધૂમાડાથી અગ્નિ અને મેલથી આરસી ઢંકાઇ જાય છે; કિંવા જેમ ઓરથી ગર્ભ ઢંકાયલો હોય છે; તેમ એ કામથીજ આ જ્ઞાન ઢંકાયલું રહે છે.૩૮

હે કૌંતેય! અગ્નિની પેઠે કદી ધરાય નહિ એવો જે જ્ઞાનીઓનો પણ 'કામ'રૂપી નિત્યનો વૈરી, તેનાથીજ માણસોનું જ્ઞાન ઢંકાયેલું રહે છે. ૩૯

આ કામરૂપી શત્રુનાં રહેઠાણ ઇંદ્રિયો, મન અને બુદ્ધિ કહેવાય છે. કારણ કે એ ઇંદ્રિયાદિની ક્રિયાવડેજ વિષયોનાં દર્શન, શ્રવણ, કલ્પના તથા નિશ્ચય થઇને તેમાંથીજ કામ પ્રકટ થાય છે અને તે આત્મજ્ઞાનને ઢાંકી દઇને જીવાત્માને વિષયોમાં મોહિત કરે છે.

તે માટે હે ભરતશ્રેષ્ઠ! તું પ્રથમ ઇંદ્રિયો-ને વશ કરીને એ જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનારા 'કામ'રૂપી પાપીને તો હણીજ નાખ.

જો કે ઇંદ્રિયોને પ્રબળ કહી છે, પરંતુ ઇંદ્રિયો કરતાં પણ મન પ્રબળ છે; મન કરતાં બુદ્ધિ પ્રબળ છે અને બુદ્ધિ કરતાં પણ (કામ-રૂપી શત્રુને બળવાન કહ્યો છે; પરંતુ તેના કરતાં પણ) તે આત્મા અપાર બલિષ્ઠ છે. (અને તેથીજ તે પરમાત્મા કહેવાય છે.)૪૨

માટે એ પ્રમાણે એ આત્માને બુદ્ધિથી (અને કામરૂપી શત્રુથી પણ) અત્યંત પ્રબળ જાણીને તથા બુદ્ધિવડે મનને (અનાત્મ પદાર્થોમાંથી કાઢી લઇ સચ્ચિદાનંદ પરમાત્મામાં) સ્થિર કરીને હે મહાબાહો! એ દુર્જય કામરૂપી શત્રુને હણી નાખ. ૪૩

હરિઃ ૐતત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મયોગો નામ તૃતીયોઽધ્યાયઃ ॥૩॥

અધ્યાય ૪ થો-કર્મબ્રહ્માર્પણયોગ

શ્રીભગવાનુવાચ-શ્રીભગવાન કહે છેઃ-

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥

અવિનાશી ફળને આપનારો આ કર્મ-યોગ પૂર્વે મેં વિવસ્વતને કહ્યો હતો; વિવસ્વતે મનુને કહેલો અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો હતો.

એ પ્રમાણે પરંપરાથી પ્રાપ્ત થયેલો આ યોગ રાજર્ષિઓ જાણતા હતા; પરંતુ હે પરંતપ! તે યોગ આ લોકમાં લાંબા કાળથી નાશ પામ્યો છે. ૨

તેજ આ પુરાતન યોગ હવે મેં તને એટલા માટે કહ્યો છે કે તે સર્વોત્તમ પદને આપનારો અને રહસ્યરૂપ છે તથા તું મારો ભક્ત અને સખા છે. ૩

અર્જુન પૂછે છેઃ-

આપનો જન્મ તો હમણાંનો છે અને

વિવસ્વતનો જન્મ બહુ પ્રાચીન છે; તો આ યોગ આપે આદિકાળમાં કહ્યો હતો એમ હું કેવી રીતે જાણું? ૪

શ્રીભગવાન કહે છે:-

હે પરંતપ! મારા અને તારા પુષ્કળ જન્મો થઈ ગયા છે તે બધા હું જાણું છું અને તું નથી જાણતો. ૫

હું અજન્મા અને અવિનાશી છતાં તથા સર્વ ભૂતોનો ઈશ્વર છતાં પણ મારી પ્રકૃતિનો આશ્રય કરીને મારી માયાવડે પ્રકટ થાઉં છું.

હે ભારત! જ્યારે જ્યારે પણ ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું દેહ સૃજું છું અને સાધુઓના ઉદ્ધાર માટે, કુકર્મીઓના વિનાશ માટે તથા ધર્મ-સંસ્થાપના માટે યુગે યુગે પ્રકટ થાઉં છું. ૭,૮

હે અર્જુન! મારા એવા જન્મ તથા કર્મ દિવ્ય હોય છે એમ જે તત્ત્વથી-યથાવત જાણે છે તે (મારામાં શ્રદ્ધાભક્તિવાળો જ્ઞાન-

તપસ્વી થતો હોવાથી) દેહ ત્યજીને ફરી જન્મ નથી પામતો પણ મને પામે છે. ૯

અને (આગળ એવા) બહુએ સાધકો જ્ઞાનતપસ્વી–અર્થાત્ જ્ઞાનને અનુસરતાં નિ-ષ્કામ કર્મ, દૈવી સંપત્તિ તથા શમદમાદિરૂપે તપ કરનારા, રાગ ભય અને ક્રોધવિનાના, મારા ધ્યાનસ્મરણમાં રહેનારા, સર્વ પ્રકારે મારો આશ્રય લેનારા અને વિશુદ્ધ અંતઃકરણવાળા થઈને મારા પરમાત્મભાવને પ્રાપ્ત થયા છે.૧૦

કારણકે જેઓ મને જે પ્રકારે ભજે છે તેમને તેજ પ્રકારે હું ભજું છું; તેથી હે પાર્થ! (એવા સાચા જ્ઞાની) મનુષ્યો તો સર્વ પ્રકારે મારાજ માર્ગ અનુસાર વર્તે છે–અર્થાત્ મારી પ્રાપ્તિ થાય તેજ રસ્તે ચાલે છે.૧૧

અને (મને તત્ત્વથી નહિ જાણવાથી જે અજ્ઞાની જનો) આ મનુષ્યલોકમાં કર્મોની ફલસિદ્ધિને ઇચ્છનારા થઈને દેવતાઓને પૂજે છે તેમને કર્મજન્ય ફલસિદ્ધિજ શીઘ્ર

થાય છે—અર્થાત્ મારી પ્રાપ્તિ થતી નથી. ૧૨

ગુણ અને કર્મના વિભાગને અનુસરીને ચાર વર્ણ મારાવડે સૃજાયલા છે; પરંતુ એનો કર્તા છતાં પણ મને અકર્તા અને અવિનાશી જાણ. ૧૩

કેમકે મને કર્મફળની સ્પૃહા નથી તેથીજ કર્મો મને લેપન કરતાં નથી; અને જેમ ને તત્ત્વથી એવો જાણે છે તે પણ (નિષ્કામ થઇને) કર્મોથી બંધાતો નથી. ૧૪

પૂર્વના પણ મોક્ષેચ્છુઓએ એવુંજ સમજીને નિષ્કામ કર્મ કરેલું છે; તે માટે તું પણ પૂર્વજોદ્વારા પરાપૂર્વથી કરાતું આવેલું નિષ્કામ કર્મજ કર. ૧૫

પરંતુ કર્મ એટલે શું અને અકર્મ એટલે શું? આ વિષયમાં મોટા પંડિતો પણ મોહ પામ્યા છે; માટે હવે તને તે કર્મોવિષે રૂડે પ્રકારે સમજાવીશ, કે જે જાણીને તું અશુભ (અજ્ઞાન અને મોહાદિક)થી છૂટીશ. ૧૬

કરવા યોગ્ય કર્મ વિષે, વિકર્મ એટલે વિપરીત કર્મ વિષે-અર્થાત્ ન કરવા યોગ્ય નિષિદ્ધ કર્મ તથા અકર્મ વિષે-એટલે કર્મ છોડી દઇ કર્મરહિત થવા વિષે-પણ યથાવત્ સમજવું જોઇએ. કેમકે કર્મની ગતિ બહુ ગહન છે. ૧૭

જે મનુષ્ય નિષ્કામ કર્મમાં અકર્મને-એટલે કે કર્મસંન્યાસને-જુએ છે; અને અકર્મમાં-એટલે કે નિષ્કામ કર્મ કરી ચિત્તશુદ્ધિ સાધ્યાવિનાજ કર્મો છોડી દેવામાં-કર્મને રહેલાં જુએ છે; તેજ મનુષ્યોમાં ખરો બુદ્ધિમાન છે. કેમકે તે(અધ્યાત્મયોગ-ધ્યાનયોગને લાયક ચિત્તશુદ્ધિવાળો થવા માટે પ્રથમ તો)સર્વ કર્મ નિષ્કામભાવે કરનારો કર્મયોગીજ થાયછે.

અને એમ જેના બધા સમારંભ ફળેચ્છા અને (તેના કારણરૂપ) સંકલ્પો વિના (માત્ર પ્રભુપ્રીત્યર્થે-ચિત્તશુદ્ધિ અર્થે) થાય છે; તેવા જ્ઞાનરૂપી અગ્નિવડે દગ્ધ કરેલાં કર્મવાળા મનુષ્યને બુદ્ધિમાન જ્ઞાનીઓ "પંડિત" કહે છે.

વળી જે સદાય પરમાત્મામાં તૃપ્ત રહેનારો અને બીજા કશા આશ્રય વિનાનો સિદ્ધ યોગી, કર્મફળ તથા કર્તાપણાની અહંતામમતા ત્યજીને લોકહિતાર્થે કર્મમાં સારી પેઠે પ્રવૃત્ત રહેતો હોય તોપણ તે કશુંજ કરતો નથી.૨૦

અને જો એવો આશારહિત તથા સ્વાધીન ચિત્તવાળો યોગી સર્વ સંગ્રહ–પરિગ્રહને ત્યજી દેનારો થઇને માત્ર સ્વશરીરસંબંધી કર્મ કરતો રહે–અર્થાત્ બીજાં કર્મ ન કરે; તોપણ તે પાપને પામતો નથી.૨૧

વળી જે દૈવેચ્છાથી જે કાંઇ આવી મળે તેથીજ સંતોષી રહેનારો, ટાઢ–તડકો આદિ જોડકાંને સહેનારો, ઈર્ષા–વૈરબુદ્ધિ–વિનાનો, તથા કર્મની સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન બુદ્ધિવાળો હોય તે પણ કર્મ કરવા છતાં બંધાતો નથી.૨૨

અને એવા નિષ્કામ–નિરાસક્ત, તત્ત્વજ્ઞાનમાં સ્થિર ચિત્તવાળા તથા કેવળ યજ્ઞનેજ

માટે આચરણ કરનારા જીવનમુક્ત જનોનાં સમગ્ર કર્મ (તેમની સર્વત્ર બ્રહ્મબુદ્ધિ રહેતી હોવાથી) નષ્ટ થઇ જાય છે. ૨૩

(એવા મુક્તાત્માની અનુભવસિદ્ધ જ્ઞાન-દૃષ્ટિમાં) અર્પણક્રિયાનાં સાધન બ્રહ્મરૂપ હોય છે; હોમવાની વસ્તુ બ્રહ્મરૂપ હોય છે; અગ્નિ બ્રહ્મરૂપ હોય છે; બ્રહ્મરૂપ કર્તાની હોમવાની ક્રિયા પણ બ્રહ્મરૂપ હોય છે; અને એવી રીતે કર્મમાં બ્રહ્મસમાધિ સેવનારાને જઇ પહોંચવાનું ગંતવ્ય સ્થાન પણ બ્રહ્મજ હોય છે. ૨૪

બીજા સાધક યોગીઓ (દેવ, સાધુ, દુઃખી, સ્વદેશ, જગત ઇત્યાદિની સેવારૂપે) દૈવયજ્ઞજ રૂડા પ્રકારે ઉપાસે છે; તો બીજા યોગીઓ યજ્ઞવડે યજ્ઞનોજ બ્રહ્માગ્નિમાં હવન કરે છે.૨૫

બીજા યોગીઓ કાન ઇત્યાદિ ઇંદ્રિયો-ને સંયમરૂપી અગ્નિમાં હોમે છે; તો બીજા (શુભ શ્રવણરૂપે) શબ્દાદિ વિષયોને (કાન ઇત્યાદિ) ઇંદ્રિયોરૂપી અગ્નિમાં હોમે છે.

બીજા યોગીઓ સર્વ ઇંદ્રિયો અને પ્રાણોનાં કર્મોને જ્ઞાનવડે પ્રદીપ્ત થયેલા સર્વ વૃત્તિઓના સંયમરૂપી યોગાગ્નિમાં હોમે છે; તો બીજા ઈશ્વરાર્પણ–નિષ્કામ–બુદ્ધિથી દ્રવ્યયજ્ઞ કરનારા, કોઈ સ્વધર્મપાલનાદિરૂપે તપોયજ્ઞ કરનારા, કોઇ (ધારણાધ્યાન અને સમાધિરૂપ) યોગયજ્ઞવાળા, કોઇ (પઠનપાઠન કિંવા કથનકીર્તનાદિરૂપે) સ્વાધ્યાયયજ્ઞ કરનારા, કોઇ (મંત્રજપ, અર્થચિંતન અને મનનાદિરૂપે) જ્ઞાનયજ્ઞ કરનારા અને કોઇ વિશેષ યત્નશીલ યતિઓ તો તીક્ષ્ણ વ્રતવાળા હોય છે.

બીજા પ્રાણાયામપરાયણ યોગીઓ પ્રાણ અને અપાનની ગતિ રોકીને અપાનવાયુમાં પ્રાણવાયુને હોમે છે; કેટલાક પ્રાણવાયુમાં અપાનવાયુને હોમે છે; તથા બીજા નિયમિત આહારવાળા થઇને પ્રાણોનેજ પ્રાણોમાં હોમે છે. (આમ પોતપોતાને ઠીક પડે તે તે) યજ્ઞવડે પાપ ખપાવી ચૂકેલા

આ બધા પ્રકારના યોગીઓ પોતપોતાના યજ્ઞના અનુભવી જાણકાર હોય છે.૨૯,૩૦

એવા યજ્ઞના (પ્રસાદ–પરિણામ–ફળ–રૂપે) અવશિષ્ટ રહેલા અમૃતને જમનારા, અર્થાત્ અધિકાધિક ઉન્નત થવા માટે વાપરી જાણનારા સાધકો સનાતન પરબ્રહ્મને પામે છે; અને યજ્ઞરહિત માણસને તો આ લોકજ સુખદાયક થતો નથી, તો હે કુરુશ્રેષ્ઠ! બીજા લોક તો કયાંથીજ સુખદાયક થશે ? ૩૧

ઉપર જણાવ્યા જેવા જે ઘણા પ્રકારના યજ્ઞો બ્રહ્મના મુખરૂપ વેદોમાં વિસ્તારથી કહેલા છે; તે પણ બધા કર્મથીજ થનારા જાણ. એવું જાણવાથીજ તું (કર્મત્યાગનો મોહ ત્યજી નિષ્કામ કર્મજન્ય ચિત્તવિશુદ્ધિ તથા અંતરંગ સાધના સાધીને) વિમુક્ત થઇશ.

(પરંતુ ઉપરોકત યજ્ઞોમાં) હે પરંતપ ! દ્રવ્યમય યજ્ઞોથી જ્ઞાનમય યજ્ઞો શ્રેષ્ઠ છે. કેમકે (જ્ઞાનની શુદ્ધિવૃદ્ધિ સાથે અંતઃકરણમાં અને

આચરણમાં પણ શુદ્ધિ વધવાથી ધ્યાનયોગની યોગ્યતા આવી સર્વ કર્મો છૂટી જાય છે; તથા સર્વ વૃત્તિઓ પરમાત્મસમાધિમાં તલ્લીન થઈ મનુષ્ય જીવનમુક્ત બની રહે છે. તેથી ટુંકમાં એમજ કહી શકાય કે) અધ્યાત્મજ્ઞાનવડે બધાં કર્મ સમાઈ જાય છે=સમાપ્ત થાય છે. ૩૩

હે પાંડવ ! એ તત્ત્વજ્ઞાન કે જેને જાણીને ફરી તું આવી રીતે મોહ નહિ પામે અને જેના વડે બધાય પદાર્થોને પોતામાં તેમજ મારામાં=પરમાત્મામાં રહેલા જોઈશ; તે જ્ઞાન રૂડા પ્રકારે પ્રણામ, પ્રશ્નો અને સેવા કરીને જાણજે. પણ જે જ્ઞાની ઉપરાંત તત્ત્વદર્શી (અર્થાત્ પરમાત્મદર્શન પામેલો) હશે તેજ તને એ જ્ઞાન રૂડી રીતે ઉપદેશી શકશે.૩૪,૩૫

અને તું કદાચ બધા પાપીઓથી વધારે પાપ કરનારો હોઇશ તોપણ (એવા અનુભવસિદ્ધ જ્ઞાનીએ આપેલી) જ્ઞાનરૂપી નૌકાવડે તે સર્વ પાપોને નિશ્ચય તરી જઈશ.૩૬

વળી હે અર્જુન ! જેમ સળગી ઉઠેલો અગ્નિ લાકડાંને ભસ્મીભૂત કરી નાખે છે; તેમ (તત્ત્વદર્શી જ્ઞાનીના સમાગમથી પ્રદીપ્ત થઇ દૈવી આચરણરૂપી તપ તપવાની પ્રેરણા અને ઉત્સાહ આપનારો) જ્ઞાનરૂપી પ્રબળ અગ્નિ બધાં પાપકર્મોને ભસ્મીભૂત કરી દે છે. ૩૭

માટે આ જગતમાં તત્ત્વજ્ઞાનના જેવું પવિત્ર (અને ઉન્નતિદાયક બીજું કશું) નથીજ જણાતું. એ જ્ઞાનને મનુષ્ય (સિદ્ધાત્માની સહાયથી નહિ જાણે તો) યોગદ્વારા પોતાની મેળેજ કાળે કરીને અંતઃકરણની સંશુદ્ધિ સિદ્ધ કરીને અંતરાત્મામાંથી પણ જાણી શકે છે. ૩૮

પણ શ્રદ્ધાવાન સાધક તો એ જ્ઞાન (ઉપર કહ્યા તેવા સિદ્ધાત્માદ્વારા એકમાંથી બીજા દીપકની પેઠે) સત્વર લાભે છે અને (વિશેષમાં રહસ્ય, સાધનાદિના પ્રકાર, અનુભવ, સૂચના અને સદ્‌ભાવ ઇત્યાદિ સહિત) એ જ્ઞાન લાભીને (તેના પરિપાલન માટે પણ શીઘ્ર) તત્પર તથા જિતેંદ્રિય થતો હોવાથી

(પરમાત્મસાક્ષાત્કાર પણ શીઘ્ર લાભે છે; અને તેથી જીવનમુક્તિની) પરમશાન્તિ પણ વિના વિલંબે અનુભવે છે.૩૯

અને જે સાવ અજ્ઞાની, શ્રદ્ધારહિત તથા સંશયાત્મા રહે છે; તે તો નાશજ પામે છે. કેમકે સંશયાત્માને નથી આ લોક કે નથી પરલોક સુખશાંતિદાયક થતો.૪૦

અને હે ધનંજય! જ્ઞાનવડે સર્વ સંશય છેદી ચૂકેલા તથા યોગબુદ્ધિથી કર્મફળત્યાગ (અથવા ઈશ્વરાર્પણ કર્મ) કરનારા પરમાત્મ-પરાયણ સાધકને કર્મો બાંધી શકતાં નથી.૪૧

તે માટે હે ભારત! અજ્ઞાનથી ઉપજેલા અને હૃદયમાં રહેલા આ તારા સંશયને તત્ત્વજ્ઞાનરૂપી તલવારવડે છેદીને તથા યોગ-બુદ્ધિમાં સ્થિર થઈને યુદ્ધમાટે ઉભો થા.૪૨

હરિ: ૐતત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીત સૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મબ્રહ્માર્પણયોગો નામ ચતુર્થોઽધ્યાયઃ ॥૪॥

અધ્યાય ૫ મો-કર્મસંન્યાસયોગ

અર્જુન કહે છેઃ–

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥१॥

હે કૃષ્ણ! આપ કર્મના ત્યાગને અને પાછા કર્મયોગને વખાણો છો; તેથી એ બેમાં મારે માટે જે એક કલ્યાણકારી હોય તેજ સુનિશ્ચિત કરીને કહો. ૧

શ્રીભગવાન કહે છેઃ–

કર્મસંન્યાસ અને કર્મયોગ બંને પરમ શ્રેયસ્કર છે; પરંતુ તે બેમાં (કર્મયોગ સાધ્યા વિનાના) કર્મત્યાગથી કર્મયોગ શ્રેષ્ઠ છે. ૨

જે નથી કશાનો દ્વેષ રાખતો કે નથી કશી ઈચ્છા રાખતો તે તો સદાય સંન્યાસી છે એમ જાણવું. કેમકે હે મહાબાહો! એવો દ્વંદ્વરહિત સાધક તો (વસિષ્ઠ, વ્યાસ, પ્રહ્લાદ,

જનક, ભીષ્મ, કબીર, નાનક, તુકારામ ઇત્યાદિ જેવા પ્રબળ વિશુદ્ધાત્માઓની પેઠે છેવટ સુધી બાહ્યસંન્યાસ કરે નહિ તોપણ તે આન્તરિક ધ્યાનયોગ અને પરમાત્મયોગ સાધી શકીને) સુખપૂર્વક સર્વ બંધનથી મુક્ત થઇ રહે છે.૩

અજ્ઞાની બાળજીવોજ કર્મસંન્યાસ અને કર્મયોગને જુદા કહે છે; પંડિતો નથી કહેતા. કેમકે (ઉપર કહ્યું તેમ અસામાન્ય સાધક છેવટ સુધી કર્મયોગી જણાય; અથવા તો શુક અને સનકાદિકની પેઠે આદિથી અંત-સુધી કર્મત્યાગી અને ધ્યાનયોગી રહે; પરંતુ) એમાંના એકમાં પણ જે ઉત્તમ પ્રકારે સ્થિત થાય છે તે એ બંનેનું ફળ પામે છે.૪

અને જે પરમ ધામને કર્મત્યાગીઓ પ્રાપ્ત થાય છે તેજ સ્થાનમાં કર્મયોગીઓ પણ જાય છે. માટે જે કર્મસંન્યાસ અને કર્મયોગને એક જુએ છે તેજ ખરૂં જુએ છે.

કેમકે હે મહાબાહો! (સામાન્ય સાધ-

કને) કર્મયોગથી ચિત્તવિશુદ્ધિ સાધ્યા વિના કર્મત્યાગ કરવાથી તો ધ્યાનયોગ સધાવો બહુ કઠિન છે; અને (કર્મયોગથી વિશુદ્ધિ સાધ્યા પછી કર્મ ત્યજનારો) યોગયુક્ત મુનિ= સંન્યાસી તો વિનાવિલંબે (ધ્યાનયોગ સાધી શકીને) પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થાય છે. ૬

કેમકે (કર્મયોગ સાધ્યા પછી કર્મ છોડનારો) યોગયુકત મુનિ તો સત્વર વિશુદ્ધ અંતઃકરણવાળો, દેહને વિશેષ વશ કરનારો, ઇંદ્રિયોને જીતનારો તથા સર્વ પ્રાણીઓના આત્માભૂત એવો સિદ્ધાત્મા થાય છે અને (તેથી તે પણ) કર્મ કરતો થકો લેપાતો નથી. ૭

કેમકે એવો યોગયુક્ત તત્ત્વજ્ઞાની સિદ્ધાત્મા જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સુંઘતો, ખાતો, ચાલતો, ઉંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગ કરતો, ગ્રહણ કરતો અને નેત્રાદિને ઉઘાડતો તથા મીંચતો થકો પણ " ઇંદ્રિયોના વિષયોમાં ઈંદ્રિયોજ વર્તે છે" એવું સમજીને

"હું કંઇજ કરતો નથી" એમ માને છે. ૮,૯

અને જે કર્મયોગી ફળાસક્તિ ત્યજી દઈ બ્રહ્મમાં અર્પણ કરીને કર્મો કરે છે તે પણ જળથી કમળપત્ર લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી. ૧૦

કેમકે કર્મયોગી તો કાયાથી, મનથી, બુદ્ધિથી અને ઇંદ્રિયોથી કર્મ કરે છે તે પણ ફળાસક્તિ ત્યજીને કેવળ અંતઃકરણની શુદ્ધિ અર્થેજ કરે છે. ૧૧

અને કર્મફળ ત્યજી દઇને એ કર્મયોગી (અંતઃકરણની શુદ્ધિ તથા ધ્યાનનિષ્ઠા અર્થાત્) પરમાત્મનિષ્ઠાજન્ય (મોક્ષરૂપી પરમ) શાન્તિને પ્રાપ્ત થાય છે; અને ફલાસક્ત અયોગી તો લૌકિક કામનાને લીધે (કર્મમાં પ્રવૃત્ત થતો હોવાથી તથા પદાર્થો મળે તેમ કામનાઓ વધ્યા કરી દૈવી સંપત્તિ ઘટયા કરતી હોવાથી તે કર્મમાં અને પાપમાં દિવસાનુદિવસ) વધુ ને વધુ બંધાતો ચાલે છે. ૧૨

વશ અંતઃકરણવાળો સાધક, મનવડે પણ સર્વ પ્રકારનાં કર્મોને ત્યજી દઇને (વૃત્તિઓ તથા ઇંદ્રિયોને દોડવાના સાધનરૂપ) આ નવ દ્વારવાળા દેહનગરમાં સુખશાન્તિથી રહે છે અને (અંતરંગ સાધના સિવાય બીજું) નથી કાંઈ કરતો કે નથી કાંઇ કરાવતો. ૧૩

લોકોની (હું કરૂં છું ઇત્યાદિ) કર્તાપણાની ભાવનાને, તેમનાં કર્મોને તથા કર્મ અને ફળના સંયોગોને કાંઇ પ્રભુ રચતો નથી (કે જેથી તે ફરે કિંવા સુધરી શકે નહિ.) પણ એમાં તો સ્વભાવ—પ્રકૃતિજ પ્રવર્તે છે. (તેથી જ્ઞાનપૂર્વકના મનુષ્યયત્ન વડે ચિત્તશુદ્ધિ તથા સર્વેશ્વરની કૃપા પામનારનું તો એ બધું સુધરી તથા ફરી પણ શકે છે.) ૧૪

વળી એ વિભુ નથી કોઇનું પાપ લેતો કે નથી કોઇનું સુકૃત લેતો. પણ જીવોનું જ્ઞાન, અજ્ઞાનથી (અને અવળા જ્ઞાનથી) ઢંકાયલું છે તેથીજ તેઓ મોહ પામે છે.૧૫

જેમના અંતરમાંનું તે અજ્ઞાન, તત્ત્વ-જ્ઞાનવડે નાશ પામી ગયું છે; તેમનું તો તે અધ્યાત્મજ્ઞાનજ સૂર્યની પેઠે તે પરમાત્માને (અને તેના માર્ગને) પ્રકાશી આપે છે. ૧૬

જે જ્ઞાનીજનો (એ જ્ઞાનપ્રકાશ પ્રમાણે ચાલીને) સર્વ પાપવિકારને ધોઇ કાઢનારા, તે પરમાત્મામાંજ પ્રાપ્તવ્યબુદ્ધિવાળા, તેમાંજ અંતઃકરણ જોડનારા, તેમાંજ નિષ્ઠાવાળા તથા (તેનેજ પરમ આશ્રય, પરમ શક્તિ તથા સર્વસ્વ સમજીને સર્વ પ્રકારે) તેનેજ પરાયણ રહેનારા થાય છે; તેઓજ પુનર્જન્મરહિત એવા પરમાત્મધામમાં જાય છે. ૧૭

કેમકે એવા પંડિતો, વિદ્યા અને વિનય-વાળા બ્રાહ્મણમાં તથા ગાય, હાથી, કૂતરો અને ચંડાળમાં પણ સમદૃષ્ટિવાળા થાય છે. ૧૮

અને જેમનું મન એવી સમદૃષ્ટિમાં સ્થિત થયું છે તેમણે જીવતાંજ આ જન્મ-મરણમય સંસારને જીતી લીધો છે; તથા પર-

માત્મા સર્વત્ર નિર્દોષ અને સમાન છે; તેમ તે પણ પરમાત્મામાં સ્થિત થયા છે એમ જાણવું.

કેમકે જે લૌકિક પ્રિય પદાર્થ પામીને બહુ હરખાતો નથી અને અપ્રિય પદાર્થ પામીને ઉદ્વેગ કરતો નથી; એવો સ્થિરબુદ્ધિવાળો તથા મોહરહિત બ્રહ્મજ્ઞાની (માત્ર બ્રહ્મજ્ઞાની-જ હોતો નથી પણ) બ્રહ્મમાં સ્થિત થઇ શકેલો (અર્થાત્ પરમાત્મસાક્ષાત્કાર પામી શકેલો એવો સિદ્ધયોગી) પણ હોય છે. ૨૦

પણ જે (કર્મયોગવડે અથવા પૂર્વપુણ્ય-વડે અંતરશુદ્ધિ પામવાથી) સંસારના સર્વ બાહ્યભોગોમાં અનાસક્ત=પ્રીતિવિનાનો થયો હોય; તેવોજ જ્ઞાની પરમાત્મામાં જે અક્ષય અનુપમ સુખ રહેલું છે તેને યથાવત્ સમજી શકે છે; (અને જે એ સુખને સમજી શકે છે) તેજ બ્રહ્મયોગયુક્તાત્મા (અર્થાત્ બ્રહ્મસમાધિમાં અંતઃકરણ જોડી પરમાત્મસાક્ષાત્કાર પામેલો) થઇને અક્ષય સુખ અનુભવે છે.૨૧

આ જે વિષયોના સંયોગજન્ય ભોગો છે; તે તો ઉત્પત્તિ અને નાશવાળા હોવાથી પણ દુઃખદાયકજ છે; માટે હે કૌંતેય! (પરમાત્મતત્ત્વને જાણનારો) બુદ્ધિમાન જ્ઞાની તો તેમાં રમતોજ નથી. ૨૨

પણ જે (પરમાત્મસુખને સમજનારો જ્ઞાની બાહ્ય વિષયોમાં અનાસક્ત થવા ઉપરાંત) શરીર છૂટવા પહેલાં આ સંસારમાં કામ અને ક્રોધથી ઉપજતા આન્તરિક આવેગ સહેવા–રોકવામાં સમર્થ થાય છે; તેજ (ઉપર કહ્યો તેવો) બ્રહ્મયોગયુકતાત્મા અને (અક્ષય સુખ પામનારો) સુખી મનુષ્ય થઇ શકે છે.

કેમકે જે તત્ત્વજ્ઞાની (આગળ કહ્યું તેમ બાહ્યવિષયોમાં નહિ પણ) અંતરાત્મામાંજ સુખ સમજનારો, અંતરાત્મામાંજ આરામ શોધનારો અને જે (માત્ર ગોખેલા જ્ઞાનવાળો નહિ પણ ચિત્ત અને ચારિત્રની શુદ્ધિરૂપે પ્રકટેલી) પ્રબળ આંતરિક જ્ઞાનજ્યોતિવાળો

થાય છે; તેજ (બ્રહ્મયોગયુકતાત્મા અને) બ્રહ્મભૂત થઈને બ્રહ્મનિર્વાણમાં જાય છે. ૨૪

વળી પાપાદિ દોષને ક્ષીણ કરનારા, જ્ઞાન વડે સર્વ સંશયને છેદનારા, સર્વ ભૂતોના હિત અર્થે નિરત રહેનારા, તથા વૃત્તિઓ અને ઇંદ્રિયોને વશ રાખનારા ઋષિઓ (અર્થાત્ બ્રહ્મસાક્ષાત્કાર પામેલા જીવનમુકતો) પણ બ્રહ્મનિર્વાણને લાભે છે. ૨૫

અને કામક્રોધથી રહિત થએલા, અંતઃ-કરણને વશ કરનારા તથા પરમાત્મદર્શન પામેલા યત્નશીલ ત્યાગીને તો (જીવનકાળમાં પણ) બધીજ સ્થિતિઓમાં બ્રહ્મનિર્વાણ વર્તે છે.

કેમકે જે ઇંદ્રિયો અને મનબુદ્ધિને વશ રાખનારો છે તથા જેનાં ઇચ્છા ભય અને ક્રોધ જતાં રહ્યાં છે; એવો મુનિ તો બહારના વિષયોને બહાર રાખીને, નેત્રોની દૃષ્ટિ ભ્રમરોની મધ્યમાં સ્થાપીને, તથા નાસિકામાં જતાઆવતા પ્રાણ અને અપાનને સમાન

કરીને મોક્ષપરાયણ (અર્થાત્ મોક્ષરૂપ સચ્ચિદાનંદ પરમાત્માનાજ ધ્યાનચિંતનાદિમાં) રહે છે તેથી તે તો સદાકાળ મુક્તજ છે. ૨૭,૨૮

કેમકે એવો મુનિ તો મનેજ સર્વ પ્રકારના યજ્ઞો અને તપોનો ભોક્તા, સર્વ લોકોનો મહાન ઈશ્વર તથા સર્વ ભૂતપ્રાણીઓનો પરમ સુહૃદ્ (અર્થાત નિઃસ્વાર્થી, સર્વશક્તિમાન, સદાય સર્વત્ર રહેલો અને સર્વ કર્મોનો સાક્ષી તથા ફલપ્રદાતા એવો મહાન સેવક) જાણીને (સર્વ પ્રકારે સર્વ તરફથી ઉપશમ અને નચિંત થાય છે તથા મારે પરાયણ રહીને) પરમ શાંતિને પ્રાપ્ત થાય છે. ૨૯

હરિઃ ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મસંન્યાસયોગો નામ પંચમોઽધ્યાયઃ॥૫॥

અધ્યાય ૬ ઠ્ઠો-અધ્યાત્મયોગ

(પાંચમા અધ્યાયની છેવટે **स्पर्शान्कृत्वा** ઇત્યાદિ વચનોથી ધ્યાનયોગ સંક્ષેપમાં કહ્યો તે હવે આ છઠ્ઠા અધ્યાયમાં વિસ્તારથી કહે છે તથા ધ્યાનયોગ માટે જોઇતી ચિત્તશુદ્ધિ અર્થે કર્મયોગની જરૂર પણ સમજાવે છે.)

શ્રીભગવાન કહે છેઃ-

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः॥

કર્મફલાશ્રય વિનાનો થઇને જે કર્તવ્ય કર્મ કરે છે તે (ફળત્યાગી હોવાથી) સંન્યાસી છે; તેમજ (ચિત્તશુદ્ધિ તથા પરમાત્મયોગ સાધી શકાઇ મોક્ષપ્રાપ્તિ થાય તે માટે નિષ્કામ કર્મ કરે છે તેથી) તે યોગી પણ છે. (અને જે મનુષ્ય કર્મયોગ સાધી વિષયાસક્તિ વિનાનો તથા ધ્યાનયોગમાં પ્રીતિવાળો થયા વિના)

માત્ર બાહ્ય અગ્નિ અને કર્મને છોડી દે છે તે તો સંન્યાસી નથી તેમ યોગી પણ નથી. ૧

અને હે અર્જુન! જેને કર્મસંન્યાસ કહે છે (તેવડે પણ મોક્ષના અંતરંગ સાધન-રૂપ ધ્યાનયોગ તથા પરમાત્મયોગ સાધવા-નો હેતુ હોવાથી) તેને પણ તું યોગજ જાણ; પરંતુ (કર્મત્યાગ પૂર્વે કર્મફળના) સંકલ્પને નહિ ત્યજનારો કોઇ પણ મનુષ્ય (બીજો ગમે તેટલો બાહ્ય ત્યાગ કે વેદશાસ્ત્રાદિનો અભ્યાસ કરે તોપણ તે ધ્યાનયોગ સાધનારો) અધ્યા-ત્મયોગી થઇ શકતો નથી. ૨

માટેજ અધ્યાત્મયોગમાં આરૂઢ થવાની ઇચ્છાવાળા મનનશીલ મુનિને માટે પ્રથમ નિષ્કામ કર્મને સાધન કહ્યું છે; અને (કર્મ-યોગથી ચિત્તશુદ્ધિ વધવાથી) અધ્યાત્મયોગ (રૂપી અંતરંગ ઉચ્ચ સાધના)માં આરૂઢ થએલા એવા તેજ મુનિને સિદ્ધયોગી થવા માટે શમને (અર્થાત્ સર્વ સંકલ્પોના ત્યાગ

તથા ઇંદ્રિયનિગ્રહપૂર્વક ચિત્તવૃત્તિના નિરોધને) સાધન કહ્યું છે. ૩

કેમકે (નિષ્કામ કર્મરૂપી બાહ્યસાધનાવડે ચિત્તશુદ્ધિ વધીને) સાધક જ્યારે ઇંદ્રિયોના વિષયોમાં તેમજ કર્મોમાં પણ આસક્ત થતો નથી; ત્યારેજ તે સાધક (બાહ્યકર્મોનો તથા) સર્વ સંકલ્પોનો સંન્યાસી=ત્યાગી (થઇ શકે છે) અને અધ્યાત્મયોગની સાધનામાં આરૂઢ થયેલો કહેવાય છે. ૪

(એવો યોગારૂઢ થવા ઈચ્છનારે જાણવું જોઇએ કે) પોતાનો બંધુ પણ પોતાનું અંતઃકરણ છે અને શત્રુ પણ પોતાનું અંતઃકરણ× છે; માટે એ અંતઃકરણવડે પોતાની અધોગતિ ન કરતાં ઉદ્ધારજ કરવો જોઇએ. ૫

પરંતુ તેજ જીવાત્માનું અંતઃકરણ તેનું

× અંતઃકરણની ચારે વૃત્તિઓનાં નામ—**મન**=મ[illegible]વૃત્તિ. **બુદ્ધિ**=નિશ્ચયવૃત્તિ અથવા જ્ઞાનવૃત્તિ. **ચિ**[illegible]ચિંતન અથવા ધ્યાનવૃત્તિ. **અહંકાર**વૃત્તિ.

મિત્ર થઇ શકે છે કે જેણે તેને ઇંદ્રિયોસહિત જીત્યું હોય છે. તેને નહિ જીતનારનું અંતઃકરણ તો તેના શત્રુ પેઠે શત્રુતાથીજ વર્તે છે.

વળી જે અંતઃકરણાદિને જીતી ચૂકેલો અને ટાઢ તાપ, સુખ દુઃખ તથા માન અપમાન ઇત્યાદિ દ્વંદ્વોમાં પ્રશાંત રહેતો હોય છે; તેનેજ પરમાત્મા સમાહિત થાય છે. (અર્થાત્ સમાધિમાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.)

એ પ્રમાણે જે (પરોક્ષ અથવા સામાન્ય) જ્ઞાન ઉપરાંત વિજ્ઞાનથી (અર્થાત્ વિશેષ જ્ઞાન અથવા અનુભવસિદ્ધ અપરોક્ષ જ્ઞાનવડે) પૂર્ણ તૃપ્તિવાળો, વિકારવિનાનો, વિશેષ જિતેંદ્રિય તથા પથ્થર માટી અને સોનામાં સમદૃષ્ટિવાળો થયો હોય છે; તેજ પરમાત્મસાક્ષાત્કારને પામેલો **સિદ્ધ યોગી** કહેવાય છે. ૮

તથા જે સુહૃદમાં, મિત્રમાં, શત્રુમાં, તટસ્થમાં, મધ્યસ્થમાં, દ્વેષપાત્રમાં, બંધુવર્ગમાં, સાધુજનોમાં અને પાપીઓમાં પણ

સમબુદ્ધિવાળો થયો હોય છે; તે **શ્રેષ્ઠ સિદ્ધ યોગી** કહેવાય છે.૯

સાધક યોગી (એ અધ્યાત્મયોગ સાધવા માટે) ચિત્ત અને ઇંદ્રિયોને વશ કરનારો, કશી લૌકિક આશાવિનાનો તથા સંગ્રહ અને પરિગ્રહ વિનાનો બનીને તેમજ એકાંતમ એકાકી સ્થિત થઈને અંતઃકરણને નિરંતર પરમાત્માના ધ્યાનચિંતનમાં જોડેલું રાખે.૧૦

પ્રથમ તો અતિ ઉંચું નહિ તેમ અતિ નીચું નહિ અને દર્ભ ઉપર મૃગચર્મ તથા વસ્ત્ર પાથરેલું એવું પોતાનું સ્થિર આસન પવિત્ર સ્થાનમાં તૈયાર કરવું. ૧૧

પછી તે આસનપર બેસીને, ચિત્ત અને ઇંદ્રિયોની ક્રિયાઓ વશ કરીને તથા મનને એકાગ્ર કરીને અંતઃકરણની વિશેષ શુદ્ધિમાટે યોગાભ્યાસ કરવો. ૧૨

(તે એવી રીતે કે) વાંસો, માથું અને ડોકને સીધાં, અચળ તથા સ્થિર રાખીને, દિ-

શાઓ તરફ ન જોતાં નાસિકાની અણી ઉપર દૃષ્ટિ રાખીને, પ્રશાંત ચિત્તવાળો, ભયરહિત અને બ્રહ્મચારીવ્રતમાં સ્થિત થઇને, મનને વશ કરીને તથા મારામાં=પરમાત્મામાં ચિત્તવાળો, સાવધાન અને મારે પરાયણ (અર્થાત્ સર્વ પ્રકારે મનેજ પરમ શ્રેષ્ઠ તથા પરમ પ્રાપ્તવ્ય સમજનારો) થઇને બેસવું. ૧૩,૧૪

સ્વાધીન મનવાળો યોગી એવી રીતે ચિત્તને સદા મારામાં જોડતો થકો મારા સ્વરૂપમાં રહેલી એવી બ્રહ્મનિર્વાણરૂપી પરમ સચ્ચિદાનંદમય શાંતિને પ્રાપ્ત થાય છે. ૧૫

પરંતુ હે અર્જુન! આ યોગ બહુ ખાનારથી, કેવળ નહિ ખાનારથી, બહુ ઉંઘનારથી અને બહુ જાગનારથી સિદ્ધ થતો નથી; પણ યથાઘટિત આહારવિહારવાળાને, કર્મમાં યોગ્ય ચેષ્ટાવાળાને તથા યોગ્ય પ્રમાણમાં ઉંઘનાર અને જાગનારનેજ આ યોગ સર્વ દુઃખ હણનારો થાય છે. ૧૬,૧૭

(એ પ્રકારે અભ્યાસ કરતાં કરતાં) સાધકનું ચિત્ત જ્યારે અત્યંત વશ થઇને (બીજું કશું નહિ ચિંતવતાં) પરમાત્મધ્યાનમાં રૂડે પ્રકારે સ્થિર થાય છે; ત્યારેજ તે સાધક બધા લૌકિક ભોગોથી પૂર્ણ નિસ્પૃહ થાય છે અને **ધ્યાનયોગી** કહેવાય છે.૧૮

જેમ વાયુરહિત સ્થાનમાં મૂકેલો દીપક જરાએ ડોલતો નથી; તેવી અડોલપણાની ઉપમા યોગીના પરમાત્મધ્યાનમાં જોડાયલા ચિત્તની કહેલી છે.૧૯

એ પ્રમાણે યોગાભ્યાસથી નિરૂદ્ધ કરેલું ચિત્ત જ્યારે (બીજાં સર્વ ચિંતનોથી) ઉપરામ થાય છે; જ્યારે તે સૂક્ષ્મ બુદ્ધિવડે પરમાત્માને જોતું થકું પરમાત્મામાંજ સંતુષ્ટ થઇ રહે છે; જ્યારે ઇંદ્રિયોથી અગમ્ય તથા સૂક્ષ્મ બુદ્ધિવડેજ અનુભવી શકાય એવા અલૌકિક આત્મ-સુખને તે અનુભવે છે; જે અવસ્થામાં સ્થિત થયેલો આ યોગી તત્ત્વથી ચલિત થતો નથી;

જે સ્થિતિને લાભ્યા પછી બીજા કોઇ લાભને તેથી અધિક માનતો નથી અને જે અવસ્થામાં સ્થિત થયેલો યોગી ભારે દુઃખથી પણ વિશેષ ચલાયમાન થતો નથી; તેવી દુઃખમાત્રના સ્પર્શવિનાની અવસ્થાનેજ 'અધ્યાત્મયોગ' (અર્થાત્ 'પરમાત્મયોગ' 'પરમાત્મદર્શન' 'સમાધિયોગ' 'પૂર્ણયોગ' અથવા 'પરમાત્મ-સાક્ષાત્કાર') એવા નામવાળો યોગ સિદ્ધ થએલો જાણવો; અને એજ યોગ (પરમ સાધ્ય સમજીને) નિશ્ચયપૂર્વક તથા કંટાળ્યા વિના યોજવો અને સાધવો યોગ્ય છે. ૨૦–૨૩

(કર્મયોગના ફળરૂપ અંતરશુદ્ધિથી અથવા પૂર્વપુણ્યથી જેની એ પરમાત્મ-યોગની ઇચ્છા વિશેષ જાગી હોય એવો મુમુક્ષુ પ્રથમ તો જાણતાં અજાણતાં પણ અંતરમાં રહી ગએલા) બધા લૌકિક સંકલ્પો અને કામનાઓને (શોધી શોધીને તથા વાસના અને આસક્તિ સાથે તેઓને) સંપૂર્ણ ત્યજી

દઈને, તથા મનવડે ઇંદ્રિયોના સમૂહને સર્વ તરફથી વશ કરીને, પછી ધીરજવાળી બુદ્ધિવડે મનને પણ ધીમે ધીમે બીજા બધા વિચારોથી ઉપરામ કરે; અને તેને પરમાત્મામાંજ સુસ્થિત કરીને (તેના સિવાય બીજું) કાંઈ પણ ચિંતવે નહિ. ૨૪,૨૫

આ ચંચળ અને અસ્થિર મન જે જે નિમિત્તથી બીજા વિષયોમાં વિચરે છે; તે તે નિમિત્તો અને વિષયોથી તેને (વિવેકબુદ્ધિ તથા દોષદૃષ્ટિ વડે) રોકીને પરમાત્માનાજ ધ્યાનચિંતનમાં વશ કરે=જોડયા કરે. ૨૬

કેમકે (એ પ્રકારે ધ્યાનયોગનો અભ્યાસ કરીને) અધર્માદિ દોષ અને પાપ વિનાનો, પ્રશાંત મનવાળો, રાગદ્વેષાદિરૂપ રજોગુણ વિનાનો, તથા (બ્રહ્મસાક્ષાત્કાર પામીને) બ્રહ્મરૂપ થયો હોય; એજ યોગીને તે અલૌકિક ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. (અર્થાત્) એવો પાપરહિત=નિર્દોષ=અંતરાય રહિત થયેલો

યોગીજ (ઉપરોક્ત ક્રમથી અને પ્રકારથી) આત્માને સદા પરબ્રહ્મ પરમાત્મામાં જોડતો થકો સુખપૂર્વક બ્રહ્મસાક્ષાત્કારનો=અસંપ્રજ્ઞાત સમાધિનો=તદ્રૂપતાનો અત્યંત આનંદ અનુભવે છે. ૨૭,૨૮

એવો પરમાત્મસાક્ષાત્કાર પામેલો યોગી (ઉત્થાનકાળમાં પણ) સર્વત્ર સમદૃષ્ટિવાળો થઇને સર્વ ભૂતોમાં પરમાત્માને અને પરમાત્મામાં સર્વ ભૂતોને રહેલાં જુએ છે. ૨૯

એમ જે મને પરમાત્માને સર્વમાં અને સર્વને મારામાં રહેલાં જુએ છે; તેનાથી હું અદૃશ્ય રહેતો નથી અને તે મારાથી અજ્ઞાત રહેતો નથી. ૩૦

અને જે યોગી સર્વ ભૂતોમાં આત્મારૂપે ઐક્યભાવે સ્થિત રહેલા એવા મને પરમાત્માને ભજે છે; તે સર્વ સ્થળે વર્તતો થકો પણ મારામાંજ વર્તે છે. ૩૧

એમાં પણ હે અર્જુન! જે યોગી, સુખ

અને દુઃખ પોતાની પેઠેજ બીજાને પણ થાય છે એવી સમદૃષ્ટિથી સર્વપ્રત્યે જુએ છે; તેને તો મેં **પરમ સિદ્ધ યોગી** માન્યો છે. ૩૨

અર્જુન કહે છેઃ-

હે મધુસૂદન! આ જે સમાધિયોગ આપે સમ્યક્ પ્રકારે કહ્યો એ યોગમાં તો મારા મનની ચંચળતાને લીધે સ્થિર (અડોલ) સ્થિતિ થાય એવું હું જોતો નથી. ૩૩

કેમકે હે કૃષ્ણ! આ મન બહુ ચંચળ, તોફાની, બળવાન અને દૃઢ હોવાથી તેનો નિગ્રહ કરવો એ તો વાયુને રોકવા જેવું અતિ દુષ્કર માનું છું. ૩૪

શ્રીભગવાન કહે છેઃ-

હે મહાબાહો! નિઃસંદેહ એ મન ચંચળ અને વશ થવું બહુ દુષ્કર છે; પરંતુ હે કૌંતેય! વૈરાગ્યવડે અને અભ્યાસ વડે એને પણ રોકી શકાય છે. ૩૫

અસંયમી મનુષ્યનેજ એ અધ્યાત્મ-

યોગ=સમાધિયોગ પ્રાપ્ત થવો કઠિન છે; અને મન તથા ઇંદ્રિયોને વશ કરનારા પ્રયત્નવાન મનુષ્યને તો યોગ્ય ઉપાયથી એ યોગ પ્રાપ્ત થવો શકય છે; એવો મારો મત છે. ૩૬

અર્જુન પૂછે છેઃ-

હે કૃષ્ણ! શ્રદ્ધાવાન છતાં પણ જેનું મન યોગથી ચલિત થયું હોય; એવો યત્નને વચમાં છોડી દેનારો મનુષ્ય યોગની સંસિદ્ધિ નહિ પામતાં કયી ગતિને પામે? ૩૭

હે મહાબાહો! શું તે પરબ્રહ્મપ્રાપ્તિના માર્ગમાં વિમૂઢ, પ્રતિષ્ઠારહિત અને સંસારભોગ તથા યોગમાર્ગ એ બંનેથી ભ્રષ્ટ થએલો યાત્રી સાધક, છિન્નભિન્ન થયેલા વાદળની પેઠે નાશ તો નથી પામતો? ૩૮

હે કૃષ્ણ! મારા આ સંશયને પૂરેપુરો છેદવાને આપજ યોગ્ય છો. આવા સંશયને છેદનારો આપ વિના બીજો મળવા સંભવ નથી.

શ્રીભગવાન કહે છેઃ-

હે પાર્થ! આ લોકમાં કે પરલોકમાં તે યોગભ્રષ્ટ સાધકનો વિનાશ તો કદી નથી-જ થતો. કેમકે હે તાત! કલ્યાણને માટે શરૂઆત કરનારો કોઇ પણ દુર્ગતિ નથી પામતો; પણ પુણ્યવાનોના લોકોને પ્રાપ્ત થઇ ત્યાં લાંબો કાળ રહ્યા પછી પવિત્ર આચરણવાળા શ્રીમાનને ઘેર જન્મ લે છે; અથવા (જો તે સર્વ કામનાથી રહિત હોય અને અભ્યાસ ચાલુ છતાં દેહ છૂટયો હોય તો તે સ્વર્ગમાં નહિ જતાં સીધો) બુદ્ધિમાન યોગીઓના કુળમાં જન્મે છે. પરંતુ એવા સ્થળમાં જે જન્મ તે આ લોકમાં બહુજ દુર્લભ છે. ૪૦-૪૨

તે સ્થળે જન્મ્યા પછી તે પૂર્વદેહવાળી બુદ્ધિનો સંયોગ અનાયાસે પામે છે; અને તેના બળથી હે કુરુનંદન! યોગસંસિદ્ધિને માટે પાછો વિશેષ પ્રયત્ન કરે છે (અને

બાકીની સાધના પૂરી કરે છે.) ૪૩

અને (જો તે પૂર્વે પરવશપણે યોગભ્રષ્ટ થએલો હોઈ હજી પણ તેવો) વિષયાધીન હોય તોપણ તે પૂર્વના અભ્યાસબળથી (તે આધીનતામાંથી છૂટીને અધુરો યોગ પૂર્ણ કરવા) ખેંચાય છે; અને પ્રથમ જો તે યોગનો માત્ર જિજ્ઞાસુ=જાણવાની ઈચ્છાવાળો હોય તોપણ (એમ ધીમે ધીમે જ્ઞાન અને સાધના વધવાથી) તે શબ્દબ્રહ્મને (અર્થાત્ વેદોમાં કહેલાં લૌકિક કર્મફળની કામનાઓને) ઓળંગી જાય છે=ત્યજી દે છે. ૪૪

આ પ્રમાણે જે (સામાન્ય અથવા પ્રાથમિક) યત્ન કરતો હોય તે યોગી પણ વિશેષ યત્નવાન થઇને સર્વ પાપોથી રૂડે પ્રકારે શુદ્ધ થાય છે; તથા એમ અનેક જન્મે પણ અધ્યાત્મયોગને=સમાધિયોગને સંસિદ્ધ કરે છે અને તેથી પરમગતિને પ્રાપ્ત થાય છે. ૪૫

એવો આધ્યાત્મયોગી તપસ્વીઓથી

શ્રેષ્ઠ છે; શાસ્ત્રજ્ઞાનીઓથી પણ શ્રેષ્ઠ માનેલો છે અને કર્મયોગીઓથી પણ શ્રેષ્ઠ છે. તે માટે હે અર્જુન! (તું પણ કર્મયોગથી ચિત્તશુદ્ધિ મેળવીને એવો) અધ્યાત્મયોગી થા. ૪૬

કેમકે એ સર્વ પ્રકારના યોગીઓમાં પણ જે યોગી શ્રદ્ધાવાળો થઇને મારામાં જોડેલા અંતઃકરણ વડે મને ભજે છે; (તે બીજા યોગીઓ કરતાં વિશેષ ચિત્તશુદ્ધિવાળો અને અધ્યાત્મયોગરૂપી ઉત્તમ અંતરંગ સાધનાવાળો હોવાથી) તેને મેં **પરમોત્તમ યોગી** માનેલો છે. ૪૭

હરિઃ ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અધ્યાત્મયોગો નામ ષષ્ઠોઽધ્યાયઃ ॥૬॥

અધ્યાય ૭ મો-જ્ઞાનવિજ્ઞાનયોગ

(છઠ્ઠા અધ્યાયની છેવટે શ્રદ્ધાવાન થઈ અંતઃકરણ પરમેશ્વરમાં જોડીને તેને ભજનારા અધ્યાત્મયોગીને=ભક્તયોગીને શ્રેષ્ઠતમ યોગી કહ્યો છે તેવો યોગી કેવી રીતે અંતઃકરણને પરમેશ્વરમાં જોડે છે તથા કેવા રૂપે ભજે છે; તે હવે આ અધ્યાયમાં વર્ણવે છે.)

શ્રીભગવાન કહે છે:-

मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु॥१॥

હે પાર્થ! તું મારામાં આસક્ત મનવાળો તથા મારાજ અનન્ય આશ્રયવાળો થઇને અધ્યાત્મયોગની સાધના કરતો થકો નિઃસંશય મને જે પ્રકારે સમગ્ર (વિભૂતિ, મહત્તા અને ઐશ્વર્યાદિવાળો) જાણીશ તે હવે સાંભળ. ૧

એ જ્ઞાન હું તને વિજ્ઞાનસહિત પૂરેપુરૂં

કહીશ કે જે જાણ્યા પછી સંસારમાં બીજું જાણવા જેવું કંઈ પણ બાકી નહિ રહે. ૨

(પરંતુ એ જ્ઞાનવાળા) હજારો મનુષ્યો-માંથી કોઇકજ એને (આચરણમાં મૂકીને મોક્ષરૂપી પરમ) સિદ્ધિ માટે યત્ન કરે છે; અને એવા યત્ન કરીને સિદ્ધ થવા ઇચ્છનારાઓમાં પણ કોઇકજ (માર્ગમાં બીજા કશા માટે રોકાયા વિના માત્ર મારેજ પરાયણ રહીને) મને પરમાત્માને તત્ત્વથી જાણે છે. ૩

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર; એમ આઠ વિભાગમાં મારી પ્રકૃતિ વહેંચાયલી છે. ૪

આ મારી (આઠ પ્રકારની) પ્રકૃતિ તો અપરા=કનિષ્ઠ છે; અને હે મહાબાહો! એ સિવાય બીજી એક મારી પરા=શ્રેષ્ઠ પ્રકારની પ્રકૃતિ જીવરૂપે રહેલી છે તે પણ જાણી લે; કે જેનાવડે આ જગત ધારણ કરાય છે.૫

આ મારી બે પ્રકારની પ્રકૃતિઓમાંથી

સર્વ પદાર્થો ઉપજેલા છે માટે આ સમગ્ર જગતની ઉત્પત્તિ તથા પ્રલયરૂપ (અને મૂળ-કારણરૂપ) પણ હું જ છું એવું જાણ. ૬

તથા હે ધનંજય! મારાથી બહાર કિંવા શ્રેષ્ઠ હોય એવું બીજું કાંઇ પણ નથી; અને આ સમગ્ર જગત દોરામાંના મણિઓની પેઠે મારામાં પરોવાયલું છે. ૭

હે કૌંતેય! જળમાં રસ હું છું; સૂર્ય અને ચંદ્રમાં પ્રકાશ હું છું; સર્વ વેદોમાં પ્રણવ હું છું; આકાશમાં શબ્દ હું છું અને પુરુષોમાં પુરુષત્વ હું છું. ૮

પૃથ્વીમાં પવિત્ર ગંધ હું છું; અગ્નિમાં તેજ હું છું; સર્વ પ્રાણીઓમાં જીવન હું છું; તપસ્વીઓમાં તપ હું છું; બુદ્ધિમાનો-માં બુદ્ધિ હું છું; તેજસ્વીઓમાં તેજ હું છું અને હે પાર્થ! સર્વ ભૂતોનું સનાતન બીજ પણ મને જાણ. ૯

બળવાનોનું કામના અને મોહવિના-

નું સાત્ત્વિક બળ હું છું; અને હે ભરત-શ્રેષ્ઠ! પ્રાણીઓમાં ધર્મથી અવિરોધી એવી નિર્દોષ કામનાઓ પણ હું છું. ૧૧

સારાંશ કે, જગતમાં જે પણ સાત્ત્વિક, રાજસિક અને તામસિક ભાવો તથા પદાર્થો છે તે સર્વને મારાથીજ ઉપજેલા જાણ. પરંતુ તે બધા મારામાં સમાયલા છે; હું બધો તેઓમાં સમાયલો નથી. (અથવા એ સર્વ મારે વશ છે; હું તેમને વશ નથી.) ૧૨

છતાં પણ એ ત્રિગુણાત્મક ભાવો (અને પદાર્થો)થી આ સર્વ જગત મોહિત થઇને તેનાથી અત્યંત શ્રેષ્ઠ એવા મને અવિનાશી પરમાત્માને તે જાણતું નથી. ૧૩

કારણ કે મારી આ દૈવી અને ગુણમયી માયાને તરવી કઠિન હોવાથી જેઓ અનન્ય ભાવે મારૂં=માયાપતિનું શરણ લે છે તેઓજ એ માયાને તરી શકે છે. ૧૪

(એવો અતિ ઉત્તમ માર્ગ હોવા છતાં

પણ) માયા પાછળ હરાઇ ગયેલા જ્ઞાનવાળા મૂઢ મનુષ્યો તો મને પરમેશ્વરને શરણ થઇ ભજતા નથી; અને (પ્રપંચ, પાખંડ, હિંસા આદિ) આસુરી ગુણોના આશ્રયવાળા થઇને દુરાચારી, મૂઢ તથા નરાધમ બની જાય છે. ૧૫

હે ભરતશ્રેષ્ઠ અર્જુન! (દુઃખ ટાળવા ઇચ્છનારા) આર્તજનો, (મને જાણવા ઇચ્છનારા) જિજ્ઞાસુઓ, (સાંસારિક પદાર્થો ઇચ્છનારા) અર્થાર્થીઓ અને (મોક્ષ માટે મને પામવા ઈચ્છનારા નિષ્કામ) જ્ઞાનીઓ, એવા ચાર પ્રકારના શુભ કર્મવાળા ભક્તજનો મનેભજે છે.

તેઓમાં સદા મારા ધ્યાનચિંતનમાં રહેનારો અને અનન્ય શ્રદ્ધાભક્તિવાળો જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ છે. કેમકે તે (બીજા ભકતો કરતાં મને તત્ત્વથી યથાવત્ જાણે છે અને માને છે તેથી એવા) જ્ઞાનીને હું અત્યંત પ્રિય હોઉં છું અને એવો જ્ઞાની મને અત્યંત પ્રિય હોય છે. ૧૭

યદ્યપિ એ બધાજ ભક્તો (મને ભજવામાં સમય ગાળતા હોવાથી) ઉદાર=ઉત્તમ છે; પરંતુ (ઉપર કહ્યો તેવો) જ્ઞાની ભક્ત તો મારો આત્માજ છે એવો મારો મત છે. કેમકે તે મારામાં ચિત્ત જોડનારો નિષ્કામ જ્ઞાની ભક્ત તો (બીજું બધું જવા દઇને માત્ર) પરમોત્તમ ગતિસ્વરૂપ એવા મુજ પરમાત્મામાંજ રૂડે પ્રકારે સ્થિત થાય છે. ૧૮

અને બહુ જન્મોને અંતેજ (અર્થાત્ છેલ્લા જન્મમાંજ) તે "સર્વ કાંઇ વાસુદેવજ છે" (અર્થાત્ પરમાત્મા સિવાય બીજું કંઇ પણ નથી) એવા યથાવત્તત્ત્વજ્ઞાનવાળો (અને તેને અનુસારજ વર્તનારો) થઇને સર્વભાવે મારે શરણ થાય છે=મનેજ ભજે છે; પણ એવો **પરમોત્તમ મહાત્મા** અતિ દુર્લભ છે. ૧૯

(ઉપર શ્લોક ૧૫માં કહ્યા તેવા) તે તે માયિક ભોગોની કામનાઓને લીધે હરાઇ ગએલા જ્ઞાનવાળાઓ તો (પોતપોતાની પ્રકૃતિ-

ને અનુસરતા) તે તે નિયમ ધારણ કરીને બીજાજ દેવતાઓને ભજે છે=પૂજે છે. ૨૦

અને જે જે સકામી ભક્ત જે જે દેવતાના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઈચ્છે છે; તેની તેની શ્રદ્ધાને હું તે તે દેવમાં સ્થિર કરૂં છું.૨૧

એથી તેઓ શ્રદ્ધાવાન થઈને તે તે દેવની આરાધનામાં જોડાય છે અને મારા વડેજ વિહિત કરાયલા તે તે યથેચ્છ ભોગોને તે તે દેવતાથી પામે પણ છે; પરંતુ તે તે અલ્પબુદ્ધિવાળા મનુષ્યોને તે તે નાશવંત=લૌકિક ફળજ પ્રાપ્ત થાય છે; તથા અન્ય દેવોને પૂજનારાઓ દેવોને પ્રાપ્ત થાય છે અને મારા ભક્ત (કોઈ પણ પ્રકારે મને ભજે તોપણ છેવટે) મને પરમાત્માનેજ પામે છે. ૨૨–૨૩

વળી એ બુદ્ધિહીન મનુષ્યો મારા સર્વોત્તમ,સર્વથી પર અને અવિનાશી સ્વરૂપને નહિ જાણતાં મને સચ્ચિદાનંદઘન એવા અવ્યક્ત પરમાત્માને વ્યકિતભાવને પામેલો માને છે.

અને ત્રિગુણાત્મક યોગમાયાથી ઢંકાયલો હું સર્વને પ્રત્યક્ષ દેખાતો નથી; તેથીજ આ મૂઢ અજ્ઞાની લોક મને અજન્મા અવિનાશી પરમાત્માને તત્ત્વથી જાણતા નથી. ૨૫

હે અર્જુન! પૂર્વે થઇ ગયેલાં, હાલનાં અને ભવિષ્યમાં થનારાં સર્વ ભૂતોને હું (સર્વશકિતમાન હોવાથી) જાણું છું; પરંતુ શ્રદ્ધાભક્તિ વિનાનો કોઈ પણ મનુષ્ય મને યથાવત્ જાણતો નથી. ૨૬

અને તેથી હે ભારત! ઇચ્છા અને દ્વેષને પરિણામે ઉપજેલાં સુખદુઃખાદિ જોડકાંના મોહને વશ રહીને હે પરંતપ! સર્વ પ્રાણી આ સંસારમાં (સમય જાય તેમ તેમ અનિત્ય જડ અને દુઃખરૂપ પદાર્થો પાછળજ) અધિકાધિક મોહ પામ્યા કરે છે. ૨૭

માત્ર જે પુણ્યકર્મવાળા સજ્જનોનાં પાપનો અંત આવ્યો હોય તેઓજ એ જોડકાંના મોહથી છૂટીને તથા દૃઢ વ્રતવાળા

થઇને મને સર્વભાવે ભજે છે. ૨૮

એ પ્રમાણે જેઓ મારો આશ્રય લઇને જરામરણથી છૂટવા માટે પ્રયત્ન કરે છે; તેઓજ તે બ્રહ્મને, સમગ્ર અધ્યાત્મને અને સર્વ કર્મને રહસ્ય સહિત જાણી શકે છે. ૨૯

અને એવી રીતે જેઓ મને પરમાત્માને અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞસહિત જાણે છે; તેઓ (જીવતાં પણ મારામાંજ ચિત્ત જોડયા કરે છે તેથી) પ્રયાણકાળે પણ મારામાં ચિત્ત જોડનારા થઇને મનેજ પામે છે.૩૦

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે જ્ઞાનવિજ્ઞાનયોગો નામ સપ્તમોઽધ્યાયઃ ॥ ૭ ॥

અધ્યાય ૮ મો-અક્ષરબ્રહ્મયોગ

અર્જુન કહે છે:-

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥१॥

હે પુરુષોત્તમ ! (આપે કહ્યું) તે બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે ? કર્મ શું છે ? વળી અધિભૂત શાને કહ્યું છે? અધિદૈવ શાને કહે છે? અહીં અધિયજ્ઞ કોણ છે અને આ દેહમાં કેવી રીતે છે ? તથા હે મધુસૂદન ! સંયમી ચિત્તવાળા મનુષ્યોને પ્રયાણકાળમાં આપ કયા પ્રકારે જણાઓ છો ? ૧,૨

શ્રીભગવાન કહે છે:-

જે સર્વથી પરમશ્રેષ્ઠ પરમાત્મા તે અક્ષરબ્રહ્મ છે;તે પરબ્રહ્મનો પ્રત્યેક શરીરમાં જે અંતરાત્મભાવ તેનું નામ સ્વભાવ છે અને તે અધ્યાત્મ કહેવાય છે; તથા ભૂતોના ભાવોને ઉત્પન્ન

કરનારો જે વિસર્ગ વ્યાપાર (અર્થાત્ યજ્ઞ, દાન તથા હોમહવન આદિમાં દ્રવ્યાદિનો જે ત્યાગ કરાય છે) તેને 'કર્મ' નામથી કહેલો છે. ૩

સર્વ નાશવાન પદાર્થો અધિભૂત છે; પુરુષ (અર્થાત્ શરીરરૂપી પુરમાં રહેનારો તથા સર્વ જગત જેનાથી પરિપૂર્ણ છે તે પુરુષ) અધિદૈવ છે અને હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન! આ દેહમાં અધિયજ્ઞરૂપે (અર્થાત્ યજ્ઞના અધિષ્ઠાતારૂપે) હું જ છું. ૪

અંતકાળે જે મને પરમેશ્વરનેજ સ્મરણ કરતો થકો શરીરને છોડી જાય છે; તે મારા સ્વરૂપને પામે છે એમાં સંશય નથી. પરંતુ હે કુંતીપુત્ર! અંતકાળે તે જે જે પણ પદાર્થનું સ્મરણ કરતો થકો શરીરને છોડે છે; તે તે પદાર્થની ભાવના સદા તે ભાવતો હોય છે તોજ-તેથીજ તે, તે તે પદાર્થને (અંતકાળે યાદ કરી શકે છે અને) પ્રાપ્ત થાય છે. ૫, ૬

તે માટે તું સદાકાળ મારૂં સ્મરણ કર

તથા યુદ્ધ કર. અને એમ મનબુદ્ધિ સદાકાળ મારામાં અર્પેલાં હશે તો તું નિઃસંદેહ મનેજ પ્રાપ્ત થઇશ. ૭

કેમકે હે પાર્થ ! બીજા કશામાં નહિ જનારા એવા યોગાભ્યાસયુક્ત ચિત્તવડે પરમાત્માનું અનુકૂળ ચિંતન કરતો થકો મનુષ્ય તે પરમદિવ્ય પુરુષનેજ પ્રાપ્ત થાય છે. ૮

સર્વજ્ઞ, પુરાતન=અનાદિ, સર્વના શાસક=નિયંતા, અણુથી પણ સૂક્ષ્મ, સર્વનું ધારણ પોષણ કરનાર, અચિંત્યરૂપ, સૂર્યની પેઠે સદાય ચેતન અને પ્રકાશરૂપ, તથા અજ્ઞાનરૂપી મોહમય અંધકારથી અત્યંત પર, એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમાત્માનું જે સ્મરણ કરતો રહે છે; તે ભક્તિમાન મનુષ્ય એ યોગાભ્યાસના બળથી પ્રયાણકાળે પણ પ્રાણને ભ્રુકુટીની મધ્યમાં રૂડી રીતે સ્થાપન કરીને અચલ મનથી ધ્યાનચિંતન કરતો થકો તે પરમ દિવ્ય પુરુષ એવા પરમાત્માનેજ

પ્રાપ્ત થાય છે. ૯,૧૦

વેદવેદાન્તને જાણનારા જેને અક્ષર=અવિનાશી બ્રહ્મ કહે છે; રાગદ્વેષ રહિત યતિઓ જેમાં પ્રવેશ કરે છે અને જેને જાણવા ઇચ્છનારાઓ બ્રહ્મચર્યને આચરે છે; તે પરમ પદ વિષે હવે તને સંક્ષેપમાં કહીશ.

ઇંદ્રિયોનાં સર્વ દ્વારોને રોકીને, મનને હૃદયમાં નિરોધીને, પોતાના પ્રાણને બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરીને તથા યોગની ધારણામાં સ્થિત થઈને જે "ૐ" એવા એક અક્ષરરૂપ બ્રહ્મનું ઉચ્ચારણ તથા તેના અર્થરૂપ મારૂં પરમાત્માનું સ્મરણ કરતો થકો દેહને ત્યજી જાય છે; તે પરમ ગતિને પામે છે. ૧૨,૧૩

પરંતુ હે પાર્થ! (આગળ કહ્યું તેમ) જે અનન્ય ચિત્તથી, નિત્યપ્રતિ અને નિરંતર મને સ્મરણ કરે છે; તેવા (તથા બધી લૌકિક કામનાઓને ત્યજી ચૂકેલા) નિત્યયુકત યોગીનેજ હું (એ પ્રમાણે પ્રયાણકાળે સ્મરણ-

માં આવવો અને પ્રાપ્ત થવો) સુલભ છું. ૧૪

અને એવા (જીવનકાળમાં અભ્યાસ કરીને) પરમ સંસિદ્ધિને પ્રાપ્ત થએલા મહાત્માઓજ (એ પ્રકારે) મને પ્રાપ્ત થઈને આ દુઃખના ધામરૂપ અને નાશવંત એવા પુનર્જન્મને પામતા નથી. ૧૫

કેમકે હે અર્જુન! આ લોકથી માંડીને બ્રહ્મલોક સુધીના બધા લોકો ફરી ફરીને જન્મવાવાળા છે; અને હે કૌંતેય! મનેજ પ્રાપ્ત થઇને પુનર્જન્મ થતો નથી. ૧૬

બ્રહ્માનો જે દિવસ તેને હજાર ચતુર્યુગી જેટલો તથા રાત્રિને પણ હજાર ચોકડી જેટલી જેઓ જાણે છે; તે મનુષ્યો તેના રાત્રિદિવસને યથાવત્ જાણનારા છે. ૧૭

બ્રહ્માનો દિવસ આવતાં સર્વ વ્યક્તિઓ તેના અવ્યક્ત શરીરમાંથી પ્રકટે છે; અને રાત્રિ આવતાં તેઓ તેજ અવ્યકત નામક શરીરમાં લય પામે છે. ૧૮

આ પ્રમાણે હે પાર્થ! આ સર્વ તેજ પ્રાણીઓનો સમૂહ પ્રકટી પ્રકટીને રાત્રિ આવ્યે પરવશપણે લય પામે છે અને દિવસ આવ્યે પ્રકટ થાય છે. ૧૯

પરંતુ તે અવ્યકતથી પણ પર જે બીજો સનાતન અવ્યકત પુરુષ (અર્થાત્ સચ્ચિદાનંદઘન પૂર્ણબ્રહ્મ પરમાત્મા) છે; તે સર્વ ભૂતો નષ્ટ થવા છતાં પણ નષ્ટ થતો નથી. ૨૦

તે પરબ્રહ્મ પરમાત્મા કે જેને પ્રાપ્ત થઇને મનુષ્યો પાછા આવતા નથી; અને જેને 'અવ્યકત તથા અક્ષરબ્રહ્મ' એમ કહેલો છે; તેને પરમગતિ પણ કહે છે; અને તેજ મારૂં પરમધામ છે. ૨૧

અને હે પાર્થ! એ જે પરમગતિરૂપ પરમાત્માની અંતર્ગત સર્વ ભૂતો રહ્યાં છે; તથા જે સચ્ચિદાનંદઘન બ્રહ્મથી આ સર્વ જગત પરિપૂર્ણ છે; તે અવ્યક્ત 'પરમ પુરુષ' તો અનન્ય ભક્તિથીજ લાભી શકાય છે. ૨૨

હવે હે ભરતશ્રેષ્ઠ ! જે કાળમાં શરીર છોડી ગએલા યોગીઓ પાછા પુનર્જન્મમાં આવતા નથી અને જે કાળમાં ગએલા પાછા આવે છે; તે કાળ વિષે કહીશ. ૨૩

અગ્નિ, જ્યોતિ, દિવસ, શુકલપક્ષ અને ઉત્તરાયણના છ માસ; એ સમયોમાં પ્રયાણ કરનારા બ્રહ્મવેત્તા યોગીજનો પરમાત્માને પ્રાપ્ત થાય છે; (૨૪) તથા ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનના છ માસ; એ સમયોમાં શરીર છોડનારા યોગી ચંદ્રમાની જ્યોતિને પ્રાપ્ત થઇને પાછા અહીં જન્મે છે; (૨૫) જગતની આવી શુકલા અને કૃષ્ણા* ગતિઓ શાશ્વત છે એમ મનાયું છે; કે જેમાંની પહેલીમાં પુનર્જન્મ નથી અને બીજીમાં પુનર્જન્મ થાય છે. ૨૬

પરંતુ હે પાર્થ ! એ ગતિઓને યથાવત્ જાણનારો કોઇ પણ યોગી (એ માન્ય-

*શુકલા=દેવયાન માર્ગ અને કૃષ્ણા=પિતૃયાન માર્ગ.

તા ઉપર) મોહિત થતો નથી. તે માટે હે અર્જુન! તું (આગળ કહ્યું તેમ શ્રેષ્ઠ ગતિ પામવા માટે) સર્વ કાળમાં યોગયુક્ત થા.૨૭

કેમકે યોગી પુરુષજ આ વિષે (આ પછી વિસ્તારથી કહેવાશે તે રહસ્યો) જાણીને વેદોમાં, સકામ યજ્ઞો કરવામાં, તપો કરવામાં તથા દાનો કરવામાં જે જે પુણ્યફળ કહ્યાં છે; તે બધાંજ (ફળો નાશવંત હોવાથી તેને) ઓળંગી જાય છે (અર્થાત્ તે સર્વ અનિત્ય ફળોની ઈચ્છા ત્યજી દઈને માત્ર સચ્ચિદાનંદઘન પરમાત્માનીજ ઈચ્છા તથા આરાધના કરે છે) તથા સનાતન પરમધામને પ્રાપ્ત થાય છે. ૨૮

હરિઃ ૐતત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અક્ષરબ્રહ્મયોગો નામાષ્ટમેઽધ્યાયઃ ॥૮॥

અધ્યાય ૯ મો—રાજવિદ્યા-રાજગુહ્યયોગ

શ્રીભગવાન કહે છે:-

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्॥

તને (મારામાં) દોષદૃષ્ટિ વિનાના ભક્તને તો એ (પરમ ગતિનું) અત્યંત ગુહ્ય જ્ઞાન વિજ્ઞાનસહિત (અર્થાત્ અનુભવસિદ્ધ રહસ્ય-જ્ઞાનસહિત) કહીશ કે જે જાણીને તું અશુભ (સંસારબંધન) થી મોક્ષ પામીશ. ૧

આ બ્રહ્મજ્ઞાન સર્વ વિદ્યાઓનો રાજા, સર્વ ગુહ્યોનો રાજા, પવિત્ર, ઉત્તમ, પ્રત્યક્ષ અનુભવમાં આવે એવું, ધર્મમય, અવિનાશી અને સમજવા તથા સાધવાથી બહુ સુખકારીછે.

હે પરંતપ ! આ (તત્ત્વજ્ઞાન અથવા બ્રહ્મ-

વિદ્યારૂપી) ધર્મને નહિ સાધનારા શ્રદ્ધારહિત નાસ્તિક મનુષ્યોજ મને નહિ પામતાં આ મૃત્યુવાળા સંસારમાર્ગમાં પાછા આવે છે. ૩

આ સર્વ જગત મારા અવ્યક્ત (અર્થાત્ નિરાકાર સચ્ચિદાનંદઘન) સ્વરૂપથી ભરપૂર છે તથા એ બધાં ભૂતો મારામાં સમાઇ રહેલાં છે; પરંતુ હું બધો તેઓમાં સમાઇ રહેલો નથી. (અર્થાત્ નિર્ગુણ નિરાકાર પરમાત્મા અનંત બ્રહ્માંડોથી પણ અત્યંત અપાર વિશાળ છે.)૪

(મારી નિર્ગુણ અવ્યક્ત પરબ્રહ્મની વાત તો અલગ રહી પણ) મારો તે અવ્યક્ત સગુણ આત્મા (કે જે આ બધાં અપાર) ભૂતોનું ધારણ પોષણ કરનારો છે તે પણ એ ભૂતોમાં (બધો) સમાયલો નથી; અને એ ભૂતો મારા એ સગુણ અવ્યક્ત આત્મામાં પણ (સર્વત્ર) રહેલાં નથી. (માટે એ ઉપરથી પણ) મારો યોગપ્રભાવ અને ઇશ્વરીભાવ જો (કે તે આ સમગ્ર ભૂતોથી અને અવ્યક્ત રૂપથી પણ દરેક રીતે કેટલો

બધો અનંત અમાપ હશે). ૫

જેમ સર્વત્ર ગતિ કરનારો મહાન વાયુ (તેનાથી અતિ વિશાળ એવા) આકાશમાં (ઉપજીને સદા તેના એકજ ભાગમાં) સ્થિત રહેલો હોય છે; તેમ આ સર્વ ભૂતો (મારા અવ્યક્ત રૂપમાંથી ઉપજીને) મારામાં (એકજ ભાગમાં) રહ્યાં છે એમ જાણ. ૬

હે કૌંતેય! કલ્પના અંતે એ સર્વ ભૂતો પાછાં મારી એ અવ્યક્ત પ્રકૃતિમાં આવી મળે છે; અને કલ્પના આરંભમાં પાછાં એમાંથી હું તેઓને સૃજું છું. ૭

સ્વભાવથીજ પ્રકૃતિને વશ એવા આ સર્વ પરાધીન ભૂતસમૂહની એ ઘડભાંગ મારી અવ્યક્ત પ્રકૃતિનો આધાર લઇને તેમનાં કર્માનુસાર હું વારંવાર કરૂં છું. ૮

પરંતુ હે અર્જુન! એ ઉત્પત્તિ-નાશનાં કર્મો હું અનાસક્ત તથા ઉદાસીન જેવો રહીને કરતો હોવાથી મને પરમાત્મા-

ને તે કર્મો બાંધી શકતાં નથી. ૯

હે કૌંતેય ! મારા અધિષ્ઠાનપણાથી (આધારથી) એ અવ્યકત પ્રકૃતિજ સચરાચર જગતને પ્રસવે છે (તથા પાછું પોતામાં સમાવે છે) અને એજ કારણથી આ જગત આવાગમનરૂપી ચક્રમાં ફર્યા કરે છે.૧૦

મૂર્ખ અવિવેકી લોક મારા સર્વ ભૂતોના મહાન ઈશ્વરરૂપી પરમાત્મભાવને જાણતા નથી તેથીજ માનવી દેહને ધારણ કરનારા મુજ પરમાત્માની અવજ્ઞા કરે છે. ૧૧

તથા (અનિત્ય, જડ અને દુઃખમય એવા લૌકિક પદાર્થોમાં) વૃથા જ્ઞાનવાળા, વૃથા આશાવાળા,અને વૃથાકર્મવાળા થઇનેએ અચેત અજ્ઞાનીઓ મોહાંધ કરનારી એવી રાક્ષસી અને આસુરી પ્રકૃતિનાજ આશ્રિત થાય છે.૧૨

અને હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય લેનારા મહાત્માઓ તો મને પરમાત્માને અવિનાશી તથા સર્વભૂતોનું આદિકારણ જા-

ણીને અનન્ય મનવાળા થઇને મનેજ ભજે છે;

તથા દૃઢ વ્રતવાળા=દૃઢ નિશ્ચયવાળા થઇને નિરંતર મારાજ ગુણમાહાત્મ્યનું કીર્તન કરતા થકા, (શમદમાદિ સાધનપૂર્વક મારી પ્રાપ્તિ અર્થે) પ્રયત્ન કરતા થકા, મને નમસ્કાર કરતા થકા, તથા સદા મારામાં અંતઃકરણ જોડતા થકા અનન્ય ભક્તિથી મનેજ ઉપાસે છે. ૧૪

તથા બીજાઓ મને સર્વ તરફ મુખાદિ-વાળા પરમેશ્વરને ભગવદ્‌વિષયક જ્ઞાનયજ્ઞ-થી પૂજતા થકા ઐક્યભાવથી, પૃથક્‌ભાવથી, (તથા પોતપોતાને ઠીક લાગે તે તે અનેક ભાવ-થી, રૂપથી) અને ઘણા પ્રકારથી પણ ઉપાસે છે.

કેમકે શ્રૌતયજ્ઞ હું છું; સ્માર્તયજ્ઞ હું છું; પિતૃઓને અર્પાતું સ્વધા અન્ન હું છું; મનુષ્યોનું ઔષધિઅન્ન હું છું; હવનનો મંત્ર હું છું; ઘૃત હું છું; અગ્નિ હું છું અને હોમદ્રવ્ય તથા હવનક્રિયા પણ હુંજ છું. ૧૬

તથા આ જગતનો ધારણકર્તા, પિતા,

માતા, પિતામહ, જાણવા યોગ્ય પવિત્ર ૐકાર, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું.

વળી સર્વનો ગતિરૂપ, પોષણકર્તા, સ્વામી, શુભાશુભનો સાક્ષી, નિવાસસ્થાન, શરણ, સુહૃદ્ તથા, ઉત્પત્તિ, પ્રલય, નિધાનસ્થાન અને અવિનાશી બીજ પણ હું જ છું. ૧૮

હું જ સૂર્યરૂપે તપું છું; વરસાદને ખેંચું છું તથા વરસાવું છું; અને હે અર્જુન! અમૃત, મૃત્યુ, તથા સત્ ને અસત્ સર્વ હું જ છું. ૧૯

ત્રણે વેદોમાં કહેલાં સકામ કર્મો કરનારા, સોમરસ પીનારા અને પાપોથી રહિત થયેલા એવા સકામી પુરુષો, કે જેઓ યજ્ઞોવડે મને પૂજીને સ્વર્ગપ્રાપ્તિની પ્રાર્થના કરે છે; તેઓ પવિત્ર ઈન્દ્રલોક પામીને સ્વર્ગમાં દેવતાઓના દિવ્ય ભોગો ભોગવે છે. ૨૦

પણ તેઓ તે વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ક્ષીણ થયે પાછા મૃત્યુલોકમાં જન્મે છે; અને એવી રીતે ત્રણે વેદોમાં

(સ્વર્ગના સાધનરૂપે) કહેલા સકામ ધર્મને શરણ થયેલા તે ભોગેચ્છુઓ (આ સંસારમાં) આવાગમન પામ્યા કરે છે. ૨૧

અને જે અનન્ય શ્રદ્ધાવાળા ભક્તજનો મને પરમાત્માને ચિંતવતા થકા સદાય નિષ્કામભાવે ઉપાસે છે; તેવા સદા મારામાં અંતઃકરણ જોડનારાઓના તો યોગ અને *ક્ષેમને પણ હું પોતેજ વહન કરૂં છું.૨૨

હે કૌંતેય ! બીજા દેવતાઓના જે સકામી ભક્તો તેમને શ્રદ્ધાપૂર્વક યજે છે તેઓ પણ અવિધિપૂર્વક છતાં વાસ્તવમાં તો મનેજ ભજે-પૂજે છે. ૨૩

કારણ કે સર્વ યજ્ઞોનો ભોક્તા અને સ્વામી પણ હુંજ છું. માત્ર તે અજ્ઞાનીઓ તત્ત્વજ્ઞાનવડે મને તેવો જાણતા નથી તેથીજ (મને સર્વેશ્વરને વિધિપૂર્વક અર્થાત્ સીધી રીતે, નિષ્કામભાવે, મોક્ષ માટે અને જેવો

* યોગ=અપ્રાપ્તની પ્રાપ્તિ. ક્ષેમ=પ્રાપ્તની રક્ષા.

છું તેવા રૂપે ભજતા નથી અને) આવાગમનમાં ભટકયા કરે છે. ૨૪

જેમ દેવોને ઉપાસનારા દેવોને પ્રાપ્ત થાય છે; પિતૃઓને પૂજનારા પિતૃઓને પ્રાપ્ત થાય છે અને ભૂતોને ભજનારા ભૂતોને પ્રાપ્ત થાય છે; તેમ (તેટલાજ શ્રમથી) મને ભજનારા મને પણ પ્રાપ્ત થાય છે. ૨૫

જે પ્રયત્નવાન ભક્ત પત્ર, પુષ્પ, ફળ કે જળ પણ મને ભક્તિભાવથી અર્પણ કરે છે; તેની તે ભક્તિપૂર્વક અર્પાયલી ભેટને હું (પ્રીતિસહિત) સ્વીકારૂં છું. ૨૬

માટે તું જે કાંઈ જમે; જે કાંઇ હોમે; જે કાંઇ દાન કરે; જે કાંઇ તપ કરે અને બીજું પણ જે કાંઈ કરે તે સર્વ હે કૌંતેય! મને અર્પણ કરતો રહે. ૨૭

કેમકે એવી રીતે તું કર્માર્પણરૂપી સંન્યાસયોગમાં ચિત્ત જોડનારો થવાથી કર્મનાં શુભાશુભ ફળરૂપી બંધનોથી મુક્ત રહીશ અને

આવાગમનથી છૂટી જઈ મને પ્રાપ્ત થઇશ.

યદ્યપિ હું સર્વ ભૂતોમાં સમાન છું કેમકે મારે કોઇ અપ્રિય નથી કે પ્રિય નથી; પરંતુ જેઓ મને શ્રદ્ધાભક્તિથી ભજે છે તેઓ મારામાં (તેમના એ વિશેષ યત્નને લીધે વિશેષ ભાવે) રહે છે; તેમ હું પણ તેમનામાં (વિશેષ ભાવે) રહું છું. ૨૯

કોઇ અતિ દુરાચારી પણ જો (સદાચારી તથા) અનન્ય ભાવથી ભક્ત થઇને મને પરમાત્માને ભજે છે; તો તેને સાધુજ માનવો યોગ્ય છે. કેમકે તે હવે યોગ્ય નિશ્ચયવાળો થવાથી સત્વર ધર્માત્મા થાય છે અને સદાકાળની પરમ શાંતિને પ્રાપ્ત થાય છે. વળી હે કૌંતેય ! તું નક્કી જાણજે કે, મારો (એવો ખરે રસ્તે ચઢેલો) ભક્ત કદી પણ નાશ (કે અધોગતિ) પામતો નથી. ૩૦,૩૧

કેમકે હે પાર્થ ! સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્રો અને બીજા જે પાપી જાતિમાં જન્મેલા

હોય તે પણ મારા અનન્ય આશ્રિત થવાથી પરમગતિને પામે છે; તો પછી પવિત્ર બ્રાહ્મણો અને રાજર્ષિ ભક્તો માટે તો કહેવુંજ શું ? માટે તું આ અનિત્ય અને સુખરહિત (છતાં પરમ પુરુષાર્થના સાધનરૂપ એવા) મનુષ્યલોકને પામીને (તે પરમ પુરુષાર્થ પ્રાપ્ત થાય તથા વારંવાર આ ભવાટવીમાં ભટકવું પડે નહિ તે સારૂ) મને સચ્ચિદાનંદઘન પરમાત્માનેજ ભજ; મારામાંજ મનવાળો થા; મારોજ ભક્ત થા; મન કર્મ ને વાણી વડે મારૂંજ યજન પૂજન કરનારો થા અને મનેજ નમસ્કાર કર. કેમકે એ પ્રકારે મારામાં અંતઃકરણ જોડી સર્વ ભાવથી મારે શરણ=પરાયણ થઇને તું મને (સર્વાત્મા, પરમગતિ અને પરમ ધામરૂપ એવા પરમાત્માને)જ પામીશ. ૩૨થી૩૪

હરિઃૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે રાજવિદ્યા-રાજગુહ્યયોગો નામ નવમોઽધ્યાયઃ

અધ્યાય ૧૦ મો—વિભૂતિયોગ

શ્રીભગવાન કહે છેઃ—

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥

હે મહાબાહો ! વળી મારૂં એ પરમ પદાર્થસંબંધી પણ વચન સાંભળ, કે જે તને મારાપર પ્રીતિવાળાને હિતની ઇચ્છાથી કહીશ.

મારી ઉત્પત્તિ દેવગણો તથા મહર્ષિઓ પણ જાણતા કે માનતા નથી. કેમકે (મારૂં આદિજ કશું નથી પણ) દેવતાઓનું અને મહર્ષિઓનું સર્વ પ્રકારે હુંજ આદિકારણ છું.

અને જે કોઇ મને એવો અજન્મા, અનાદિ (સર્વજ્ઞ, સર્વશક્ત, સર્વસંપન્ન, પરમ ઉદાર, ભક્તવત્સલ, સર્વનો પરમ સુહૃદ્) તથા સર્વ લોકોનો મહેશ્વર જાણે છે; તેવો જ્ઞાની મનુષ્યજ મૃત્યુલોકમાં મોહરહિત થઇને સર્વ

પ્રકારનાં પાપોથી વિમુક્ત થાય છે. ૩

સૂક્ષ્મ બુદ્ધિ, તત્ત્વજ્ઞાન, નિર્મોહતા, ક્ષમા, સત્ય, ઇંદ્રિયનિગ્રહ, મનોનિગ્રહ, સુખ, દુઃખ, ઉત્પત્તિ, વિનાશ, ભય, અભય, અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ અને અયશ ઇત્યાદિ જુદા જુદા પ્રકારના પ્રાણીઓના ભાવ મારાથીજ ઉપજે છે. ૪,૫

મારામાં ભાવભક્તિવાળા સાત મહર્ષિઓ, તેમની પૂર્વના સનકાદિ ચાર ઋષિઓ, તથા સ્વાયંભુવ આદિ ચૌદ મનુઓ, કે જેમની સંસારમાં આ સર્વ પ્રજા છે; તેઓ સર્વ મારા મનવડે સંકલ્પથી ઉપજેલા છે. ૬

મારી એવી એવી અનેકવિધ મહાન વિભૂતિ તથા યોગશક્તિને જે તત્ત્વથી જાણે છે; તે તો અચળ જ્ઞાનયોગ દ્વારા મારામાંજ જોડાય છે એમાં સંશય નથી. ૭

કેમકે હુંજ સર્વ જગતની ઉત્પત્તિનું કારણ છું અને સર્વ જગત્ મારીજ સત્તા-

સ્ફૂર્તિવડે પ્રવર્તે છે; એવું સમજીને બુદ્ધિમાનો તો (બધી લૌકિક ઇચ્છાઓ તથા ચિંતાઓ ત્યજી દઇને, મારી મહત્તાઓ ચિંતવીને તથા શ્રદ્ધાભકિતવાળા અને) ભાવાવિષ્ટ થતા થકા મને પરમેશ્વરનેજ ભજે છે. ૮

એવા મારામાંજ ચિત્ત જોડનારા અને મારામાંજ પ્રાણને સ્થિર કરનારા (અથવા જીવન અર્પણ કરનારા એવા જે જ્ઞાની ભકતો તેઓ તો વાણીવડે પણ) પરસ્પરમાં નિત્ય પ્રતિ મારા ગુણપ્રભાવને સમજાવતા થકા સંતુષ્ટ થાય છે; તથા મારૂં કથનકીર્તન કરતા થકા રમણ કરે છે=આનંદ પામે છે. ૯

એવા (લૌકિક ઇચ્છાદિ ત્યજી દઇને) સદા મારા ધ્યાનચિંતનયુકત રહેનારા અને પ્રીતિપૂર્વક ભજનારા ભકતોને હું તે તત્વજ્ઞાનરૂપે એવો બુદ્ધિયોગ આપું છું કે જે બુદ્ધિ પ્રમાણે ચાલીને તેઓ મને પ્રાપ્ત થાય છે.૧૦

તેઓ પ્રત્યે અનુગ્રહ કરવા અર્થે હુંજ

એ રીતે તેમના અંતઃકરણમાં સ્થિત થઇને પ્રકાશમય તત્ત્વજ્ઞાનરૂપી દીપકવડે અજ્ઞાનજન્ય મોહરૂપી અંધકારનો નાશ કરૂં છું. ૧૧

અર્જુન પૂછે છેઃ–

ખરેખર આપ પરબ્રહ્મ, પરમધામ, પરમ પવિત્ર, સનાતન પુરુષ, પરમદિવ્ય, આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપક છો. કેમકે મહર્ષિઓ આપને એવા કહે છે; તથા દેવર્ષિ નારદ, અસિત, દેવલ, વ્યાસ અને આપ પોતે પણ મને એમજ કહો છો. ૧૨,૧૩

માટે હે કેશવ! આ જે કાંઈ આપ મને કહો છો તે સર્વને હું સત્ય માનું છું. હે ભગવન્! આપના પૂર્ણ સ્વરૂપને નથી દેવો જાણતા કે નથી દાનવો પણ જાણતા. ૧૪

હે પુરુષોત્તમ! હે ભૂતોને ઉત્પન્ન કરનારા! હે ભૂતોના ઈશ્વર! હે દેવોના દેવ! હે જગત્પતે! પોતાને તો માત્ર આપ પોતે અને પોતાવડેજ સંપૂર્ણ જાણો છો. ૧૫

માટે આપ જે વિભૂતિઓ દ્વારા આ સર્વ લોકોને વ્યાપ્ત કરીને સ્થિત રહ્યા છો; તે આપની દિવ્ય વિભૂતિઓને પૂરેપુરી કહેવાને આપજ સમર્થ છો. ૧૬

હે યોગેશ્વર ! હું સદા કેવી રીતે ચિંતન કરતો થકો આપને જાણું ? અને હે ભગવન્! આપ કયા કયા પદાર્થોમાં મારાથી ચિંતવવા યોગ્ય છો? (તે વિશેષ સમજાય તે સારૂ) આપની યોગશક્તિ અને વિભૂતિને હે જનાર્દન! ફરી પણ વિસ્તારથી કહો. કેમકે (આપનાં) વચનામૃત સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. ૧૭,૧૮

શ્રીભગવાન કહે છેઃ-

ઠીક, તને મારી દિવ્ય વિભૂતિઓ હું પ્રધાનતાથી કહીશ. કેમકે હે કુરુશ્રેષ્ઠ! મારા બધા વિસ્તારનો તો અંતજ નથી.૧૯

હે ગુડાકેશ! સર્વ ભૂતોના હૃદયમાં આત્મારૂપે હુંજ (બીજાં અંગો કરતાં વિશેષ)

સ્થિત છું અને ભૂતોનો આદિ મધ્ય તથા અંત પણ હુંજ છું. ૨૦

આદિત્યોમાં વિષ્ણુ હું છું; પ્રકાશિત જ્યોતિઓમાં કિરણોવાળો સૂર્ય હું છું; વાયુદેવતાઓમાં મરીચિ હું છું અને નક્ષત્રોમાં ચંદ્રમા હું છું. ૨૧

વેદોમાં હું સામવેદ છું;* દેવોમાં હું ઇંદ્ર છું; ઇંદ્રિયોમાં હું મન છું× અને ભૂતોમાં હું ચેતના છું.÷ ૨૨

અગિયાર રુદ્રોમાં હું શંકર છું; યક્ષ

---

* કેમકે સામવેદમાંની ઉચ્ચ ભાવનાઓ તથા પ્રાર્થનાઓ સમજીને, શ્રદ્ધાભક્તિથી અને અસરકારક સંગીતની પેઠે ગાવા સાંભળવાથી અસર વધારે થાય અને પરિણામ વહેલું આવે એ સ્વાભાવિકજ છે.

× કેમકે મન=મનન=વિચાર જે રસ્તે પ્રેરે, તેજ રસ્તે માણસની બુદ્ધિ, ચિત્ત અને ઇંદ્રિયો પ્રેરાય છે.

÷ કેમકે ચેતના હોય ત્યાંસુધીજ શરીર પ્રિય લાગી ચેતના જતાંજ તે નકામું ને અપ્રિય લાગે છે.

અને રાક્ષસોમાં હું ધનનો સ્વામી કુબેર છું; આઠ વસુઓમાં હું અગ્નિ છું અને શિખરવાળા પદાર્થોમાં હું સુમેરુ છું. ૨૩

હે પાર્થ ! પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ મને જાણ; સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું અને જળાશયોમાં સાગર હું છું. ૨૪

મહર્ષિઓમાં ભૃગુ હું છું; વાણીમાં એકાક્ષર ૐકાર હું છું; યજ્ઞોમાં જપયજ્ઞ અને સ્થાવર વસ્તુઓમાં હિમાલય હું છું. ૨૫

સર્વ વૃક્ષોમાં પીંપળો, દેવર્ષિઓમાં નારદ, ગંધર્વોમાં ચિત્રરથ અને સિદ્ધોમાં કપિલમુનિ હું છું. ૨૬

અશ્વોમાં અમૃતમંથનથી નીકળેલો ઉચ્ચૈઃશ્રવા, ગજેન્દ્રોમાં ઐરાવત અને મનુષ્યોમાં નરાધિપ=રાજા* મને જાણ. ૨૭

હથિયારોમાં વજ્ર હું છું; ગાયોમાં કામધેનુ હું છું; પ્રજાની ઉત્પત્તિમાં કામદેવ

---

* આ વાત દૈવી રાજાની છે; આસુરીની નહિજ.

હું છું અને સર્પોમાં વાસુકિ હું છું. ૨૮

નાગોમાં હું અનંત શેષનાગ અને જળદેવતાઓમાં (તેમનો અધિપતિ) વરુણ છું. પિતૃઓમાં પિતૃરાજ અર્યમા અને શાસન કરનારાઓમાં યમરાજ હું છું. ૨૯

દૈત્યોમાં હું પ્રહ્‌લાદ અને સમય ગણનારાઓમાં સમય છું. પશુઓમાં મૃગરાજ સિંહ અને પક્ષીઓમાં ગરુડ હું છું. ૩૦

પવિત્ર કરનારા પદાર્થોમાં હું પવન અને શસ્ત્રધારીઓમાં રામ છું તથા જળચર પ્રાણીઓમાં મઘર મચ્છ છું અને જળપ્રવાહોમાં જાહ્નવી=ભાગીરથી ગંગા છું. ૩૧

હે અર્જુન! સૃષ્ટિઓનો આદિ, અંત તથા મધ્ય પણ હું જ છું. સર્વ વિદ્યાઓમાં પ્રધાન એવી અધ્યાત્મવિદ્યા=બ્રહ્મવિદ્યા=રાજવિદ્યા અને વિવાદ કરનારાઓમાં તત્ત્વનિર્ણય માટે કરાતો વાદ હું છું. ૩૨

હું અક્ષરોમાં 'અ'કાર અને સમાસોમાં

દ્વંદ્વ સમાસ છું. તથા સર્વ કાળોનો અવિનાશી મહાકાળ, વિરાટરૂપે સર્વ તરફ મુખાદિવાળો ઈશ્વર અને (સર્વનો કર્મફળવિધાતા તથા ધારણપોષણ કરનારો) ધાતા પણ હું છું. ૩૩

સર્વનો નાશ કરનાર મૃત્યુ અને ભવિષ્યમાં થનારાઓની ઉત્પત્તિ (અથવા થનારા ઉત્કર્ષ=ભાગ્યોદય) નું કારણ હું છું. તથા સ્ત્રીઓમાં કીર્તિ, શોભા, વાણી, સ્મરણશક્તિ, બુદ્ધિ, ધીરજ અને ક્ષમા હું છું. ૩૪

વળી સામવેદની ગાવાયોગ્ય શ્રુતિઓમાં બૃહત્સામ, છંદોબદ્ધ ઋચાઓમાં ગાયત્રી મંત્ર, માસોમાં માગશર માસ અને ઋતુઓમાં વસંતઋતુ હું છું. ૩૫

છળ કરનારાઓનો જુગાર અને તેજસ્વીઓનું તેજ હું છું. જીતનારાઓનો વિજય હું છું તથા નિશ્ચયવાળાઓનો નિશ્ચય અને સત્ત્વવાળાઓનો સત્ત્વગુણ હું છું. ૩૬

વૃષ્ણીવંશીઓમાં વાસુદેવ, પાંડવોમાં

અર્જુન, સર્વ પદાર્થને જાણનારા મનનશીલ મુનિઓમાં વેદવ્યાસ અને કવિઓમાં શુક્રાચાર્ય કવિ પણ હુંજ છું. ૩૭

દમન કરનારાઓનો હું દંડ છું; જીતવા ઇચ્છનારાઓની નીતિ છું; ગુપ્ત રાખનારાઓનું મૌન છું અને જ્ઞાનવાનોનું જ્ઞાન હું છું. ૩૮

ટુંકામાં સર્વ ભૂતોની ઉત્પત્તિનું કારણ જે બીજ તે પણ હું છું. કેમકે હે અર્જુન! ચર તથા અચર કોઇ પણ ભૂતપદાર્થ એવો છે નહિ કે જે મારા વિના હોઇ શકે. ૩૯

હે પરંતપ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી; અને વિભૂતિઓનો આ વિસ્તાર તો મેં ઉદ્દેશપૂરતો સંક્ષેપથીજ કહ્યો છે. ૪૦

ટુંકમાં જે જે પદાર્થ વિભૂતિવાળા, શ્રીમાન (અર્થાત્ કાન્તિવાળા, સૌંદર્યવાળા) અને શક્તિમાન અથવા ઉત્સાહી છે તેને તેને તું મારાજ તેજના અંશથી ઉપજેલા જાણ. ૪૧

અથવા હે અર્જુન! આવું બહુ જાણવાથી

તારે શું પ્રયોજન છે? (માત્ર એટલુંજ ધ્યાનમાં રાખ કે) આ સમગ્ર જગતને= સમગ્ર બ્રહ્માંડોને માત્ર એકજ અંશવડે ધારણ કરીને (તથા વ્યાપ્ત કરીને તેમાં સર્વત્ર તથા તે સર્વથી પર પણ) હું સ્થિત રહેલો છું. ૪૨

(ભાવાર્થ કે શ્રીકૃષ્ણ ભગવાનના આ થોડા શબ્દો પણ મનુષ્ય જો હૃદયમાં ઉતારી શકે તો તે સચ્ચિદાનંદઘન પરમાત્મા આ અનંત બ્રહ્માંડો કરતાં કેટલો બધો અપાર વિશાળ અને મહાન છે તે વાત સારી પેઠે ધ્યાનમાં આવી શકી બધીજ લૌકિક ઇચ્છાઓ તથા ચિંતાઓ ટળી જાય અને સદાને માટે તેના પરમધામને પમાડનારો એવો સર્વોત્તમ સ્વધર્મ આચરવાની પ્રેરણા, યોગ્યતા અને પ્રયત્ન વધી સફળ થવાય એમાં સંશય નથી.)

હરિઃ ૐતત્સદિતિ શ્રીમદ્દભગવદ્દગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિભૂતિયોગો નામ દશમોઽધ્યાયઃ ॥૧૦॥

અધ્યાય ૧૧ મો—વિશ્વરૂપ-દર્શનયોગ

અર્જુન કહે છેઃ—

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥

આપે મારા પર કૃપા કરવા માટે અધ્યાત્મવિષયનાં જે પરમ ગુહ્ય વચન કહ્યાં તેથી મારો આ મોહ જતો રહ્યો છે. ૧

કેમકે હે કમળપત્રાક્ષ! ભૂતોની ઉત્પત્તિ અને નાશને મેં વિસ્તારથી આપ પાસેથી સાંભળ્યાં અને આપનું અવિનાશી માહાત્મ્ય પણ સાંભળ્યું. ૨

હે પરમેશ્વર! આપ પોતાને જેવા કહો છો તે બરાબર તેવાજ છો; પરંતુ હે પુરુષોત્તમ! આપના એ ઐશ્વર્યયુક્ત રૂપને હું જોવા ઇચ્છું છું.

હે પ્રભો! આપનું તે અવિનાશી રૂપ મારી આંખોવડે જોવાવું શકય છે એમ જો માનતા હો; તો હે યોગેશ્વર! આપ તે સ્વરૂપનું મને દર્શન કરાવો. ૪

શ્રીભગવાન કહે છે:–

હે પાર્થ! મારાં સેંકડો અને હજારો નાના પ્રકારનાં તથા અનેક રંગ ને આકૃતિવાળાં દિવ્ય રૂપોને જો. ૫

હે ભારત! આદિત્યો, વસુઓ, રુદ્રો, અશ્વિનીકુમારો, મરુદ્‌ગણો તથા બીજાં પૂર્વે નહિ જોયેલાં એવાં પુષ્કળ આશ્ચર્યોને જો. ૬

હે ગુડાકેશ! હવે ચરાચર સહિત સંપૂર્ણ જગત તથા બીજું પણ જે કાંઇ જોવા ઇચ્છે તે સર્વ મારા આ શરીરમાં એક જગાએ સ્થિર થયેલું જો. ૭

પરંતુ મને તારી આ પ્રાકૃત આંખોથી જોવાને સમર્થ નથીજ. તેથી તને દિવ્ય ચક્ષુ આપું છું તે વડે તું મારૂં યોગસામર્થ્ય જો. ૮

સંજય કહે છેઃ-

હે ધૃતરાષ્ટ્ર! મહાયોગેશ્વર શ્રીહરિએ એ પ્રમાણે કહીને તે પછી અર્જુનને પોતાનું પરમ ઐશ્વર્યવાળું વિશ્વરૂપ દેખાડયું. ૯

એ સ્વરૂપ અનેક મુખો અને આંખો-વાળું, અનેક અદ્‌ભુત દર્શનોવાળું, અનેક દિવ્ય ભૂષણોવાળું અને ઉગામેલાં અનેક આયુધોવાળું હતું. ૧૦

દેવનું તે સ્વરૂપ અનંત, સર્વ તરફ મુખોવાળું, સર્વ આશ્ચર્યથી ભરપૂર, દિવ્ય માળા અને વસ્ત્ર ધારણ કરેલું તથા દિવ્ય ગંધનું લેપન કરેલું હતું. ૧૧

આકાશમાં એકસાથે હજાર સૂર્યનો ઉદય થવાથી જે પ્રકાશ થાય તે પણ તે વિશ્વરૂપ પરમેશ્વરના પ્રકાશ જેટલો ભાગ્યેજ થાય.

અર્જુને તે સમયે અનેક પ્રકારે વહેં-ચાયલા સમગ્ર જગતને ત્યાં દેવાધિદેવ શ્રી-કૃષ્ણના શરીરમાં એકઠું થયેલું જોયું; ત્યારે

તે આશ્ચર્યચકિત તથા હર્ષથી રોમાંચિત થએલો ધનંજય વિશ્વરૂપ દેવને શિરસા પ્રણામ કરી હાથ જોડીને બોલ્યો. ૧૩,૧૪

અર્જુન કહે છે:--

હે દેવ ! આપના દેહમાં સર્વ દેવોને, અનેક ભૂતોના સમૂહોને, કમળાસન ઉપર બેઠેલા બ્રહ્માને, મહાદેવને, સર્વ ઋષિઓને તથા દિવ્ય સર્પોને જોઉં છું. ૧૫

હે વિશ્વેશ્વર ! આપને સર્વ બાજુએથી અનેક બાહુ, પેટ, મુખ અને નેત્રવાળા તથા અનંત રૂપવાળા જોઉં છું; અને હે વિશ્વરૂપ ! નથી આપના અંતને દેખતો; નથી મધ્યને દેખતો અને નથી આદિને દેખતો.૧૬

આપને હું મુકુટધારી, ગદાધારી, ચક્રધારી, તેજના અંબારરૂપ, સર્વ બાજુથી પ્રકાશમાન, દુઃખથી જોઇ શકાય એવા, પ્રજ્વલિત અગ્નિતથા સૂર્ય જેવી જ્યોતિવાળા અને સર્વ તરફથી માપવિનાના જોઉં છું.૧૭



વિશ્વરૂપદર્શન

આપજ જાણવા યોગ્ય પરમ અક્ષર અર્થાત્ અવિનાશી પરમાત્મા છો; આપ આ વિશ્વના સર્વોપરિ ભંડાર છો; આપ અવિકારી, શાશ્વત ધર્મના રક્ષક અને સનાતન પુરુષ છો; એવો મારો મત થયો છે. ૧૮

આપને આદિ, મધ્ય અને અંતવિનાના, અનંત શક્તિવાળા, અનંત બાહુવાળા, ચંદ્ર અને સૂર્યરૂપ નેત્રોવાળા, પ્રદીપ્ત અગ્નિરૂપ મુખવાળા અને પોતાના તેજથી આ વિશ્વને તપાવી રહેલા જોઉં છું. ૧૯

હે મહાત્મન્ ! સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું આ સર્વ આકાશ તથા સર્વ દિશાઓ એક આપથીજ ભરપૂર છે તથા આપનું આ અદ્ભુત અને ઉગ્ર રૂપ જોઇને ત્રણે લોક બહુ ભયભીત થયા છે. ૨૦

તે દેવતાઓના સમૂહ આપમાંજ પ્રવેશ કરે છે; કંઇએક બીધેલાઓ હાથ જોડીને પ્રાર્થના કરે છે; તથા મહર્ષિઓ અને સિદ્ધો-

ના સમૂહ "સ્વસ્તિ=સારૂં થાઓ" એમ કહી-ને પુષ્કળ સ્તોત્રોથી આપની સ્તુતિ કરે છે.૨૧

વળી આ જે રુદ્રો, આદિત્યો, વસુઓ, સાધ્યો, વિશ્વેદેવો, અશ્વિનીકુમારો, મરુતો, પિતૃઓ તથા ગંધર્વ, યક્ષ, અસુર અને સિદ્ધના સમૂહો છે; તે બધાય વિસ્મિત થઇને આપને જોઇ રહ્યા છે.૨૨

હે મહાબાહો! આપનું આ બહુ મુખો અને આંખોવાળું, બહુ હાથપગ અને જાંગો-વાળું, બહુ પેટવાળું અને બહુ દાઢોવાળું મહાવિકરાળ રૂપ જોઇને લોકો તથા હું બહુ દુઃખી થઇએ છીએ.૨૩

આ આકાશને જઈ અડતા, પ્રકાશમાન, અનેક રંગોવાળા તથા ઉઘાડેલા મુખવાળા અને પ્રકાશમાન વિશાળ નેત્રોવાળા, એવા આપને જોઇને મારો અંતરાત્મા બહુ દુઃખ પામે છે; તથા હે વિષ્ણો! મને ધીરજ અને શાંતિ વળતી નથી. ૨૪

આપનાં વિકરાળ દાઢોવાળાં અને પ્રલય-કાળના અગ્નિ જેવાં મુખોને જોઈને હું દિશાઓ જાણતો નથી અને મને સુખ પણ થતું નથી. માટે હે દેવેશ! હે જગન્નિવાસ! આપ પ્રસન્ન થાઓ. ૨૫

ધૃતરાષ્ટ્રના આ બધાજ પુત્રો પૃથ્વી-પતિ રાજાઓના સમુદાય સહિત તથા આ ભીષ્મ, દ્રોણ અને કર્ણ તથા અમારા પણ મુખ્ય યોદ્ધાઓસહિત આપનાં વિકરાળ દાઢો-વાળાં ભયાનક મુખોમાં ઝડપથી પ્રવેશી રહ્યા છે; અને કેટલાક તો ચૂરો થઈ ગયેલાં મસ્તકોસહિત આપના દાંતની વચ્ચેના ભાગો-માં ચોંટેલા દેખાય છે. ૨૬,૨૭

જેમ નદીઓના પુષ્કળ જળપ્રવાહ સમુદ્રનીજ તરફ વહે છે, તેમ આ માનવી-લોકના શૂરવીરો આપનાં પ્રજ્વલિત મુખો-માં પ્રવેશે છે.૨૮

જેમ પતંગીઆં મરવા માટે પ્રદીપ્ત

અગ્નિમાં મોટા વેગથી જઈ પડે છે; તેજ પ્રમાણે આ લોકો પણ આપનાં મુખોમાં બહુ વેગથી પ્રવેશ કરે છે. ૨૯

સર્વ તરફથી પ્રજ્વલિત મુખો વડે આપ સમગ્ર લોકોને પકડતા થકા ચાટી રહ્યા છો; અને હે વિષ્ણો! આપનો ઉગ્ર પ્રકાશ સમગ્ર જગતને તેજથી ભરી દઇને બહુ તપાવી રહ્યો છે.

મને કહો કે આવા ઉગ્ર રૂપવાળા આપ કોણ છો? હે દેવેશ્વર! આપને નમસ્કાર હો; આપ પ્રસન્ન થાઓ; આપને મૂળ રૂપમાંજ જોવા ઇચ્છું છું. કેમકે આપની આ પ્રવૃત્તિને હું વધારે નથીજ સમજી શકતો. ૩૧

શ્રીભગવાન કહે છે:–

હું લોકોનો નાશ કરનારો પ્રબળ મહાકાળ છું અને અત્યારે આ લોકોનો નાશ કરવાને પ્રવૃત્ત થયો છું; તેથી બંને સેનાઓમાં જે યોદ્ધાઓ આવી ઉભા છે તે સર્વ તારા લડયા વિના પણ રહેવાના નથી. ૩૨

તે માટે તું ઉભો થા; શત્રુઓને જીતીને યશ મેળવ અને સમૃદ્ધ રાજ્યને ભોગવ. આ સર્વ તો પ્રથમથીજ મારાથી હણાયલા છે; તેથી હે સવ્યસાચીન્! તું તો એમાં નિમિત્ત-માત્ર થા; અને મારા મારી રાખેલા દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા બીજા પણ વીર યોદ્ધાઓને હણ; ભય ન પામ. રણમાં શત્રુ-ઓને તું જીતીશ; માટે યુદ્ધ કર. ૩૩,૩૪

સંજય કહે છેઃ–

કેશવનાં એ વચન સાંભળીને મુકુટ-ધારી અર્જુન હાથ જોડીને કાંપતો થકો નમસ્કાર કરીને તથા ફરી પણ ભયભીત-પણે પ્રણામ કરીને શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે ગદ્‌ગદ્ વાણીથી બોલ્યો. ૩૫

અર્જુન કહે છેઃ–

હે હૃષીકેશ! આપ પરમાત્માના ગુણ-કીર્તનવડે (સજ્જનોનું) જગત અતિહર્ષિત થાય છે તથા આપમાં અનુરાગ પામે છે;

રાક્ષસો ભયભીત થઇને દિશાઓમાં નાસી જાય છે; તથા સિદ્ધોના સર્વ સમૂહો આપને નમસ્કાર કરે છે; તે યોગ્યજ છે.૩૬

હે મહાત્મન્! બ્રહ્માના પણ આદિકર્તા અને પરમ શ્રેષ્ઠ ગુરુ એવા આપને તેઓ શા· માટે નમસ્કાર ન કરે ? કેમકે હે અનંત! હે દેવાધિદેવ ! હે જગન્નિવાસ ! જે કાંઇ સત અને અસત્ છે તેનાથી પર એવા અવિનાશી (સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ) આપ છો. ૩૭

આપ આદિદેવ અને સનાતન=પુરાણ પુરુષ છો; આપ આ વિશ્વનું પરમોત્તમ સ્થાન છો; સર્વને જાણનારા છો; જાણવા યોગ્ય (અને પામવા યોગ્ય) પરમ ધામ છો; તથા હે અનંત રૂપવાળા! આ બધું વિશ્વ આપ વડે ભરપૂર થએલું છે.૩૮

આપ વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્ર- મા, પ્રજાપતિ તથા તેમના પિતા એવા બ્રહ્માના પણ પિતા છો. આપને હજારો વાર

નમસ્કાર હો નમસ્કાર હો; અને ફરી ફરી પણ આપને નમસ્કાર હો નમસ્કાર હો.૩૯

હે અનંત સામર્થ્ય અને અપાર પરાક્રમવાળા! આપને આગળથી નમસ્કાર હો; પાછળથી નમસ્કાર હો અને હે સર્વરૂપ સર્વાત્મા! આપને સર્વ બાજુથી નમસ્કાર હો. કેમકે આપ સર્વ જગતને વ્યાપીને રહ્યા છો તેથી સર્વ કાંઇ અને સર્વરૂપે આપજ છો.

આપના આ મહિમાને ન જાણનારા એવા મારાથી 'સખા છો' એમ માનીને આપને પ્રેમથી અથવા પ્રમાદથી પણ હે કૃષ્ણ! હે યાદવ! હે સખા! એવું જે કંઇ ભાર દઇને કહેવાયું છે;(૪૧) તથા હે અચ્યુત! આહારવિહારમાં, તથા આસનભોજનાદિમાં, એકલા અથવા બીજાઓ સમક્ષ વિનોદમાં પણ જે અનાદર પામ્યા છો; તે બધા અપરાધ આપ અમાપ પ્રભાવવાળા પરમાત્મા પાસે હું ક્ષમા કરાવું છું.૪૨

હે અપ્રતિમ પ્રભાવવાળા! આપ આ સચરાચર જગતના પિતા અને ગુરુઓના ગુરુ હોવાથી અતિ પૂજનીય છો. ત્રણે લોકમાં આપના સમાન પણ બીજો નથી; ત્યાં અધિક તો ક્યાંથીજ હોય ? ૪૩

માટે હે પ્રભો! હું શરીરને ખૂબ નમાવી પ્રણામ કરીને આપ સ્તુત્ય પ્રભુને પ્રસન્ન થવાને પ્રાર્થું છું. હે દેવ! જેમ પિતા પુત્રના, મિત્ર મિત્રના અને પતિ પ્રિયાના અપરાધ સહન કરે છે; તેમ આપ (મારા અપરાધ) સહન કરવા–ક્ષમા કરવા યોગ્ય છો. ૪૪

પૂર્વે નહિ જોયેલા એવા આપના આ રૂપને જોઇને હું હર્ષ પામ્યો છું અને તેની સાથે ભયથી મારૂં મન દુઃખી પણ થયું છે; માટે હે દેવ! મને તે પૂર્વનુંજ રૂપ દેખાડો. હે દેવાધિદેવ! હે જગન્નિવાસ! પ્રસન્ન થાઓ. ૪૫

આપને હવે તેવાજ મુકુટધારી તથા હાથમાં ગદા અને ચક્રવાળા જોવા હું ઇચ્છું

છું; માટે હે હજારો હાથવાળા! હે વિશ્વ-મૂર્તે! આપ તે ચતુર્ભુજરૂપેજ થાઓ.૪૬

શ્રીભગવાન કહે છેઃ-

હે અર્જુન ! મારૂં આ પરમ તેજોમય, અંતરહિત અને સર્વનું આદિ એવું વિશ્વ-રૂપ=વિરાટરૂપ મેં પ્રસન્ન થઈને મારા યોગ-બળવડે તને બતાવ્યું છે; કે જે તારાવિના બીજા કોઇએ પૂર્વે જોયેલું નથી. ૪૭

કેમકે હે કુરુવીરશ્રેષ્ઠ ! મનુષ્યલોકમાં આવા વિશ્વરૂપવાળો હું વેદોના માત્ર અધ્ય-યનથી, કામનાવાળા દાન કે યજ્ઞોથી, અથવા નામમાત્રના કર્મકાંડ કે એવી તેવી બીજી ક્રિયાઓથી અથવા દેખાડવા માત્રનાં ઉગ્ર તપોથી પણ તારી (ભક્તાત્માની) પેઠે બીજાને દેખાવો શક્ય નથી. ૪૮

મારૂં આવું ઘોર રૂપ જોઇને તને દુઃખ ન થાઓ અને વિમૂઢતા ન થાઓ તથા ભયરહિત પ્રસન્ન મનવાળો થઇને ફરી તું

મારૂં આ તે પૂર્વનું જ સ્વરૂપ જો. ૪૯

સંજય કહે છે:-

આ પ્રમાણે મહાત્મા વાસુદેવે અર્જુનને કહીને પછી પોતાનું તેવું જ રૂપ દેખાડ્યું અને ફરી સૌમ્યમૂર્તિ થઇને એ ભયભીત અર્જુનને આશ્વાસન આપ્યું. ૫૦

અર્જુન કહે છે:-

હે જનાર્દન! આપનું આ સૌમ્ય માનવીરૂપ જોઇને હવે હું સચેત થઇ સ્વસ્થ પ્રકૃતિ પામ્યો છું. ૫૧

શ્રીભગવાન કહે છે:-

મારૂં આ જે રૂપ જોઇ શકાવું અતિદુર્લભ છે તે તેં જોયું છે. દેવો પણ સદા આ રૂપનું દર્શન કરવાની આકાંક્ષાવાળા છે. ૫૨

તેં મને જેવો જોયો છે એવી રીતે તો હું (ઉપર કહ્યું તેમ) વેદથી, તપથી, દાનથી કે યજ્ઞથી પણ દેખાવો શકય નથી. ૫૩

અને હે પરંતપ અર્જુન! (જે મનુષ્ય

એકનિષ્ઠ ધ્યાનયોગ એટલે અનન્ય ભક્તિ-યોગ સાધી શકે છે તેને એ) અનન્ય ભક્તિ-વડેજ એ પ્રકારે હું સમજાવાને, જણાવાને તથા તત્ત્વથી પ્રવેશી શકાવાને શકય છું.૫૪

અને હે પાંડવ! જે મનેજ પરમ શ્રેષ્ઠ-પરમ આશ્રય-પરમગતિ-માનીને મારીજ પ્રાપ્તિ અર્થે મારે પરાયણ રહે છે; મારેજ અર્થે કર્મ કરનારો અને મારોજ ભક્ત થાય છે; તથા જે અન્ય સર્વ સંગ=આસક્તિ ત્યજી દઇને સર્વ પ્રાણીપદાર્થોપ્રત્યે વૈરવિનાનો થાય છે; તેજ (અનન્ય ભક્તિવાળો થઇને) મને પ્રાપ્ત થાય છે. ૫૫

હરિઃૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિશ્વરૂપદર્શનયોગો નામ એકાદશોઽધ્યાયઃ ।।

અધ્યાય ૧૨ મો-ભક્તિયોગ

(૧૧મા અધ્યાયમાં છેલ્લા બે શ્લોકથી અનન્ય ભક્તિવાળાને શ્રેષ્ઠ કહ્યો; પણ આગલા અધ્યાયોમાં ચાર પ્રકારના ભક્તોમાં જ્ઞાનીને પોતાનો આત્મા કહ્યો છે તથા જ્ઞાનને વખાણ્યું છે; તેથી જ્ઞાનનિષ્ઠ અને સગુણનો ઉપાસક, એ બેમાં વધારે શ્રેષ્ઠ કોણ તે વાત આ અધ્યાયમાં અર્જુન પૂછે છે અને તેના ઉત્તરમાં સગુણની ઉપાસનાની વિશેષતા કહે છે. અને તે ન જ બને તો અભ્યાસ યોગ અને તે પણ ન બને તો કર્મયોગથી શરૂઆત કરવાનું કહીને અનન્ય ભક્તિને યોગ્ય થવાની જરૂર સમજાવે છે તથા એ યોગ્યતાનાં સાધન અને લક્ષણ કહી તેને ધર્મામૃતની ઉપમા આપીને એ ધર્મામૃતને આચરનારા ભક્ત પરમેશ્વરને વધારે પ્રિય છે એમ કહે છે.)

અર્જુન પૂછે છે:-

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥

એવી રીતે સદાય યોગયુક્ત રહેનારા જે

ભક્તો આપને (સગુણ ઇશ્વરરૂપે) ઉપાસે છે; તથા જેઓ અવ્યક્ત=નિરાકાર=ગુણાતીત એવા અક્ષર બ્રહ્મરૂપેજ ઉપાસે છે; તેઓમાં ઉત્તમ યોગવેત્તા કોણ? ૧

શ્રીભગવાન કહે છેઃ-

જેઓ પરમ શ્રદ્ધાવાળા થઇ મારા સગુણ રૂપમાં મન પરોવીને નિત્ય ધ્યાન-ચિંતનમાં રહેતા થકા મને ઉપાસે છે; તેઓ-ને મેં અતિ ઉત્તમ યોગી માન્યા છે. ૨

અને જે ઇંદ્રિયોના સમૂહને સારી રીતે વશ કરી સર્વત્ર સમબુદ્ધિવાળા થઇને સર્વ ભૂતોના હિતમાં મચ્યા રહેતા થકા અવર્ણ-નીય, અચિંત્ય, અક્ષર, સર્વવ્યાપક તથા સદા એકરસ અને અચળ એવા અવ્યક્ત (નિરાકાર) સ્વરૂપને એકનિષ્ઠાથી ઉપાસે છે; તેઓ પણ મનેજ પ્રાપ્ત થાય છે; ૩,૪

પરંતુ તે અવ્યક્તમાં આસક્ત ચિત્ત-વાળાઓને પરિશ્રમ ઘણો વધારે થાય છે;

તથા વ્યક્તદેહધારીઓ અવ્યક્ત બ્રહ્મની ગતિને ઘણા દુઃખથી પ્રાપ્ત થાય છે. ૫

અને જેઓ (ધ્યાનયોગની યોગ્યતા આવતાંજ) સર્વ કર્મો મને સમર્પણ કરી (અર્થાત્ ત્યજી દઈને બીજા કશામાં ચિત્ત નહિ રાખતાં સર્વ પ્રકારે) મારે પરાયણ થઇને અનન્ય ભક્તિયોગ વડે ધ્યાન ધરતા થકા મનેજ ઉપાસે છે; તેવા મારા (સગુણ રૂપ) માં ચિત્ત પરોવનારાઓનો હે પાર્થ! આ જન્મમૃત્યુવાળા સંસારસાગરમાંથી હું રૂડી રીતે અને શીઘ્ર ઉદ્ધાર કરૂં છું. ૬,૭

માટે તું મારા (સગુણ રૂપ)માંજ મન રાખ અને મારામાંજ બુદ્ધિ પરોવ; એટલે દેહાન્ત પછી પણ તું મારામાંજ નિવાસ કરીશ એમાં સંશય નથી. ૮

પણ (તેં આગળ કહ્યું છે તેમ) જો તું ચિત્તને મારા ધ્યાનરૂપી યોગમાં સ્થિર ન કરી શકતો હોઉ તો હે ધનંજય! અભ્યાસ-

યોગ* વડે (ધ્યાનની યોગ્યતા મેળવીને) મને પ્રાપ્ત થવાની ઈચ્છા કર. ૯

અને અભ્યાસયોગ સાધવાને પણ અસમર્થ હોઉં તો (તેના કારણરૂપ ચિત્તની અશુદ્ધિને ટાળવા માટે દીનદુઃખી, અજ્ઞ, અનાથ તથા પ્રભુપરાયણ સાચા સાધુ બ્રાહ્મણાદિની સેવા ઇત્યાદિ બની શકે તે તે ઉપકારક) કર્મ મારા યોગ અર્થે કરવાને તત્પર થા; અને એમ મારી પ્રાપ્તિ અર્થે (નિષ્કામ ભાવે, અનન્યભાવે, વેચાયલા ચાકરની પેઠે અને ઉંડી લાગણીથી ચિત્ત પરોવીને) કર્મો કરતો થકો પણ તું (ચિત્તવિશુદ્ધિ તથા ધ્યાનયોગ દ્વારા પરમ) સિદ્ધિને પ્રાપ્ત થઇશ.

અને જો તેમ કરવાને પણ અશક્ત

---

*પરમેશ્વરના અપાર ગુણ, મહિમા, ઇત્યાદિનું ચિંતન, કીર્તન, શ્રવણ, અન્યોઅન્ય પ્રબોધન, તથા ભગવદ્‌વિષયક ગ્રંથોનું પઠન, પાઠન ઇત્યાદિ જો કાળજીપૂર્વક અને લૌકિક કામના વિના કરાય તો તે પણ એક રીતે અભ્યાસયોગજ છે.

હોઉં તો (જે કાંઈ કરે તે કર્યા પછી પણ મને અર્પણ કરતો રહે અને એવી રીતે પણ તે તે) બધાં કર્મફળોનો ત્યાગ કર. અને (એ પ્રકારે પણ) મારા કર્મયોગનો આશ્રય લેનારો તથા પ્રયત્ન કરનારો થા. ૧૧

કેમકે (જ્ઞાન વિનાના-વગર સમજ્યે કરાતા) અભ્યાસ કરતાં તો માત્ર જ્ઞાન હોય તે પણ શ્રેષ્ઠ છે; માત્ર જ્ઞાન હોય તે કરતાં જ્ઞાનપૂર્વક ધ્યાન કરાય તે શ્રેષ્ઠ છે; અને (જ્ઞાનપૂર્વક ધ્યાન કરનારે પણ જો લૌકિક ફળાસકિત અને તૃષ્ણાનો ત્યાગ ન કર્યો હોય તો તે ધ્યાન યથાવત્ બની સમાધિ અને સાક્ષાત્કારરૂપે ફળતું નથી; તેથી એવા અયથાર્થ) ધ્યાન કરતાં (નિષ્કામ ભાવે કર્મ કરવારૂપે અથવા કર્યા પછી ઈશ્વરાર્પણ કરવા-રૂપે પણ) કર્મફળોનો ત્યાગ કરવો એજ શ્રેષ્ઠ છે. કેમકે કર્મફળત્યાગથી (મનની અશાન્તિ દૂર થઇ શાન્તિપૂર્વક કર્મયોગ સાધી શકાય

છે અને તેથી ચિત્તશુદ્ધિ વધી વિશેષ મહત્ત્વ-નાં કાર્ય, નીતિ, રીતિ, સાધન, સાધના, આદિ સૂઝીને અભ્યાસયોગ, ધ્યાનયોગ તથા સમાધિયોગરૂપી પરમાત્મયોગ પણ સુખપૂર્વક સાધી શકાય છે અને તેથી જીવનમુક્તિરૂપી) પરમ શાન્તિ પણ શીઘ્ર પ્રાપ્ત થાય છે. ૧૨

(હવે એવો લૌકિક ફળેચ્છાઓ ત્યજી પ્રભુપ્રીત્યર્થે કર્મ કરનારો મનુષ્ય જે ચિત્તશુદ્ધિ, યોગ્યતા, પ્રભુપ્રીતિ અને પરમ શાન્તિ સત્વર મેળવે છે તે વાત આઠ શ્લોકથી કહે છે.)

જે યોગી સર્વ ભૂતોમાં દ્વેષ વિનાનો, નિષ્કામ મૈત્રી અને કરુણાવાળો, મમતારહિત, અહંકારરહિત, સુખ અને દુઃખમાં સમદૃષ્ટિ-વાળો, ક્ષમા કરનારો, સદા સંતોષી, મન તથા ઇંદ્રિયોને વશ રાખનારો, દૃઢ નિશ્ચયવાળો અને મન તથા બુદ્ધિને મારામાં જોડનારો થાય છે; તે મારો ભક્ત મને પ્રિય છે. ૧૩, ૧૪

જેનાથી લોકો ઉદ્વેગ પામતા નથી અને

જે લોકોથી ઉદ્વેગ પામતો નથી; તથા જે હર્ષ, ઈર્ષા, ભય અને ઉદ્વેગથી મુકત છે; તે ભકત મને પ્રિય છે. ૧૫

વળી જે સ્પૃહાવિનાનો, પવિત્ર, દક્ષ=ચતુર, પક્ષપાતરહિત, મનોવ્યથાથી છૂટેલો અને સર્વ આરંભને ત્યજનારો છે; તે મારો ભકત મને પ્રિય છે.૧૬

જે કશાથી નથી હર્ષ પામતો કે નથી દ્વેષ કરતો; નથી શોક કરતો કે નથી ઇચ્છા કરતો; તથા જે શુભ અને અશુભ (કર્મો અથવા કર્મફળોને) ત્યજી દઇને ભક્તિવાળો થયો છે; તે મને પ્રિય છે. ૧૭

વળી જે શત્રુ ને મિત્રમાં, માનને અપમાનમાં, ટાઢ ને તડકામાં તેમજ સુખ ને દુઃખમાં સમાન છે તથા જે સર્વ આસક્તિ ત્યજી ચૂકેલો છે; જેને મન સ્તુતિ ને નિંદા સરખાં છે; જે મૌની=મનનશીલ=નહિ બોલનારો=થોડું બોલનારો છે; તથા સમય પર જે

કાંઇ આવી મળે તેમાં સંતોષી રહેનારો, ઘરબારવિનાનો અને સ્થિર બુદ્ધિવાળો છે; તેવો ભક્તિમાન મનુષ્ય મને પ્રિય છે.૧૮,૧૯

આ ઉપર કહેલા ધર્મરૂપી અમૃતને જે શ્રદ્ધાવાન તથા મારે પરાયણ થઇને (અર્થાત્ મનેજ પરમ શ્રેષ્ઠ અને પ્રાપ્તવ્ય સમજીને નિષ્કામ ભાવે) ઉપાસે છે=આચરે છે તે ભક્તો મને અત્યંત પ્રિય છે. ૨૦

(તાત્પર્ય કે ઉપલા આઠ શ્લોકમાં કહેલા ધર્મરૂપી અમૃતને જાણનારા જ્ઞાની મુમુક્ષુએ તેને પ્રયત્નપૂર્વક પોતાના હૃદયમાં ને આચરણમાં ઉતારીને મોક્ષ માટે સાચી યોગ્યતા મેળવવાની અનિવાર્ય અગત્ય છે. એ ધર્મામૃત જાણીને માત્ર વાતો અને દેખાવમાં ઉતારવાથી સર્વજ્ઞ ઇશ્વર પણ ઠગાતો નથી અને કદાચ દુનિયા અંજાઇ જાય તો તે પણ સદાકાળ ઠગાયલી રહેતી નથી.)

હરિઃ ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ભક્તિયોગો નામ દ્વાદશોઽધ્યાયઃ ॥૧૨॥

અધ્યાય ૧૩ મો—ક્ષેત્રક્ષેત્રજ્ઞ-વિભાગયોગ

(૧૨ મા અધ્યાયમાં નિર્ગુણના ભક્તો કરતાં સગુણના અનન્ય ભક્તોને ઉત્તમ યોગી તથા સંસારસાગરમાંથી સુખપૂર્વક શીઘ્ર ઉદ્ધાર પામનારા કહ્યા. તથા એવી યોગ્યતા ન હોય તો તે મેળવવા માટે અભ્યાસયોગ તથા કર્મયોગ સાધવાનું કહ્યું. પછી એ પ્રકારે અનન્ય ભક્તિયોગ વડે સિદ્ધ યોગી એટલે જીવનમુક્ત થએલા મહાત્માનાં લક્ષણ છેલ્લા આઠ શ્લોકમાં સમજાવ્યાં, અને એ સ્થિતિએ પહોંચી કૃતકૃત્ય થવું એજ આવશ્યક ધર્મ હોવાથી એ ધર્મરૂપી અમૃતને ઉપાસવાની=આચરણમાં ઉતારવાની આવશ્યકતા સમજાવી; પરંતુ એ સર્વના પાયાભૂત જે તત્ત્વજ્ઞાન તે યથાવત્ જાણ્યા વિના કર્મયોગ, અભ્યાસયોગ કે ધ્યાનયોગ યથાવત્ સધાઈ ઉદ્ધાર થાય નહિ; તેથી આ અધ્યાયમાં પ્રથમ પ્રકૃતિનો તથા પુરુષનો વિવેક સમજાવે છે.)

અર્જુન કહે છેઃ-

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥

હે કેશવ! પ્રકૃતિ અને પુરુષને, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞને તથા જ્ઞાન અને જ્ઞેયને એટલાંને સમજવા ઇચ્છું છું. ૧

શ્રીભગવાન કહે છેઃ-

હે કૌંતેય! આ શરીરને 'ક્ષેત્ર' કહે છે; અને એને જે જાણે છે તેને, તેના જાણનારા 'ક્ષેત્રજ્ઞ' કહે છે.૧

વળી હે ભારત! સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ-રૂપે (અર્થાત્ જીવરૂપે) પણ વસ્તુતઃ મનેજ રહેલો જાણ; અને ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું આવું જે જ્ઞાન, તેજ (ખરૂં અને પાયાભૂત) જ્ઞાન છે એવો મારો મત છે. ૨

તે ક્ષેત્ર જે છે, જેવું છે, જે જે વિકારો-વાળું છે, જે કારણથી અને જે કાર્યરૂપે ઉપજેલું છે; તથા તે ક્ષેત્રજ્ઞ જે કાંઇ છે અને

જેવા પ્રભાવવાળો છે; તે પણ હવે સંક્ષેપમાં મારાથી સાંભળ. ૩

એ વિષે ઋષિઓથી વિવિધ વેદમંત્રો દ્વારા બહુ પ્રકારે અને જુદી જુદી રીતે ગવાયું-સમજાવાયું છે તથા કાર્ય અને કારણરૂપ હેતુ બતાવીને પૂર્ણ નિશ્ચિત કરેલાં બ્રહ્મસૂત્રનાં પદોદ્વારા પણ કહેવાયેલું છે.૪

પાંચ મહાભૂત, અહંકાર, બુદ્ધિ, અવ્યક્ત=મૂળપ્રકૃતિ=માયા, દશ ઇંદ્રિયો, એક મન, ઇંદ્રિયગોચર પાંચ વિષયો, તેમજ ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂળદેહરૂપી પિંડ, ચેતના અને ધૈર્ય, આ (એકત્રીસ) તત્ત્વોના સમૂહને ટુંકમાં 'સવિકાર ક્ષેત્ર' કહ્યું છે.૫,૬

(તત્ત્વજ્ઞાનના અભાવેજ પ્રકૃતિ શરીરરૂપે પરિણામ પામેલી છે અને તેની સાથે જીવને અહંતામમતા બંધાઇ ગઇ છે; માટે તેને ટાળવા સારૂ ઉપલા શ્લોકોથી ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞની ભિન્નતા ટુંકમાં સમજાવી. હવે એ ક્ષેત્રજ્ઞ અથવા જીવાત્મા એ

જ્ઞાનને અનુસરતો પ્રયત્ન કરીને કેવી રીતે આગળ વધે છે તથા કઇ કઇ યોગ્યતાઓ પામીને તત્ત્વદર્શી સિદ્ધ જ્ઞાની થઈ શકે છે તેનું જ્ઞાન આપે છે.)

અમાનીપણું, અદંભીપણું, અહિંસા, ક્ષમાવૃત્તિ, મન અને વાણીની સરળતા, આચાર્યસેવા, પવિત્રતા, અંતઃકરણની સ્થિરતા, મન અને ઇંદ્રિયોનો નિગ્રહ, ઇંદ્રિયોના સર્વ ભોગોમાં વૈરાગ્ય, નિરાભિમાનપણું, જન્મ મૃત્યુ જરા અને વ્યાધિ ઈત્યાદિમાં રહેલાં દુઃખ તથા દોષોનું વારંવાર ચિંતન, પુત્ર સ્ત્રી ગૃહ અને ધનાદિમાં આસકિત તથા મમતા ન હોવી, ઈષ્ટ તેમ અનિષ્ટની પ્રાપ્તિમાં સદાય ચિત્તની સમાનતા રહેવી, તથા ૭–૯

અનન્ય અભ્યાસયોગથી મારા પ્રત્યે ઉપજતી અવ્યભિચારિણી ભકિત, શુદ્ધ એકાંત સ્થળ સેવવાનો સ્વભાવ, જનસમૂહમાં અપ્રીતિ, સદાય અધ્યાત્મજ્ઞાનમાં સ્થિતિ તથા તત્ત્વજ્ઞાનના અર્થરૂપ પરમાત્માનું દર્શન;

એ સર્વનું નામ "જ્ઞાન" છે (અર્થાત્ જ્ઞાન-પ્રાપ્તિનાં એ ૨૪ સાધન અને લક્ષણ છે) અને એ સિવાયનું (કિંવા એનાથી વિપરીત એવું જે માનીપણું, દંભીપણું, પક્ષપાત ઈત્યાદિ) બીજું જે કાંઇ હોય તે સર્વને "અજ્ઞાન" (અર્થાત્ અજ્ઞાનનું પરિણામ) કહ્યું છે. (અને તેથી સર્વથા તેનો ત્યાગ કરવો જોઇએ.)૧૦,૧૧

(ઉપરોક્ત સાધન અને સાધનાવડે જે પરમ વસ્તુ પામવા યોગ્ય છે તેનું સ્વરૂપ તથા મહત્ત્વ હવે સમજાવે છે.)

હવે જે જ્ઞેય=જાણવા યોગ્ય છે તથા જેને જાણીને મનુષ્ય મોક્ષરૂપી અમૃતને પામે છે તે વિષે કહીશ. તે બ્રહ્મ આદિ એટલે ઉત્પત્તિ વિનાનો અને સર્વથી પર એટલે શ્રેષ્ઠતમ હોવાથી નથી સત્ કહેવાતો કે નથી અસત્ કહેવાતો. (અર્થાત્ અકથનીય છે.)૧૨

તે પરબ્રહ્મ પરમાત્મા સર્વ બાજુએ હાથપગવાળો, સર્વ બાજુએ નેત્ર શિર અને

મુખવાળો, સર્વ બાજુએ કાનવાળો અને સંસારમાં સર્વ પ્રાણી તથા પદાર્થોને અંદરથી ને બહારથી વ્યાપ્ત કરીને રહેલો છે. ૧૩

તે સર્વ ઇંદ્રિયોના ગુણધર્મોના આભાસવાળો જણાવા છતાં વાસ્તવમાં તે સર્વ ઇંદ્રિયોથી રહિત છે; આસકિત રહિત છતાં સર્વનો ધારણપોષણ કરનારો છે અને નિર્ગુણ છતાં સર્વ ગુણોનો ભોક્તા છે. ૧૪

તે પરબ્રહ્મ પરમાત્મા ચરાચર સર્વ ભૂતોની અંદર અને બહાર સર્વત્ર પરિપૂર્ણ છે; પરંતુ અત્યંત સૂક્ષ્મ હોવાથી તે અવિજ્ઞેય (અર્થાત્ એકકી વેળાએ સર્વાંશે સમજાય નહિ એવો) અને અતિ સમીપ છતાં પણ (અજ્ઞાનીઓ માટે અત્યંત) દૂર હોય તેવો છે.૧૫

તે જાણવા યોગ્ય પરબ્રહ્મ પરમાત્મા આકાશની પેઠે સર્વત્ર અખંડ=અવિભકતપણે ભરપૂર હોવા છતાં સર્વ પ્રાણીપદાર્થોમાં વિભકતની પેઠે રહેલો ભાસે છે; તથા ઉત્પત્તિ-

સમયે સર્વ ભૂતોની ઉત્પત્તિ કરનાર, સ્થિતિ-સમયે ધારણપોષણ કરનાર અને નાશકાળે સંહાર કરનારરૂપે રહેલો છે. ૧૬

તેને સૂર્યાદિ સર્વ જ્યોતિઓની પણ પરમ જ્યોતિ તથા તમસથી=અંધકારથી=અજ્ઞાનથી અત્યંત પર (અર્થાત્ પ્રકાશરૂપ-જ્ઞાનસ્વરૂપ) કહેલો છે અને જ્ઞાનરૂપે, જ્ઞેયરૂપે (અર્થાત્ જાણવાયોગ્ય રૂપે) તથા જ્ઞાનવડે (પ્રયત્ન અને યોગ્યતા સાધવાથી) પ્રાપ્ત થઇ શકે એવા અંતર્યામીરૂપે તે સર્વના હૃદયમાં રહેલો છે. ૧૭

એ પ્રમાણે ક્ષેત્રનું, જ્ઞાનનું તથા જ્ઞેય એટલે જાણવા યોગ્ય પરમાત્માનું જે સ્વરૂપ અહીં ટુંકમાં કહેવાયું છે; એ જ્ઞાનને મારો ભક્ત પ્રયત્નથી વિશેષરૂપે સમજી લઇને (અનિત્ય પદાર્થોનો મોહ ત્યજી દે છે તથા મારા માર્ગ તરફ વળે છે અને તેથી) મારા પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. ૧૮

હવે એ ક્ષેત્ર અથવા પ્રકૃતિ, તેમજ (તેને જાણનારો ક્ષેત્રજ્ઞ, જીવાત્મા અથવા) પુરુષ, એ બંનેને પણ અનાદિ જાણ અને રાગદ્વેષાદિ વિકારોને તથા લોકપરલોકના સર્વ ત્રિગુણાત્મક પદાર્થોને પણ પ્રકૃતિમાં-થીજ ઉપજેલા જાણ. ૧૯

કેમકે કાર્ય એટલે દેહને; તથા કરણને (અર્થાત્ દશ ઇંદ્રિયો, મન, બુદ્ધિ તથા અહંકાર એ તેર સાધનને) ઉત્પન્ન કરવામાં કારણ પ્રકૃતિને કહે છે; તથા સુખદુ:ખોના ભોક્તાપણામાં જીવાત્માને કારણભૂત કહે છે.

પ્રકૃતિમાં (ચિદાભાસરૂપે) સ્થિત થયેલો પુરુષ (કે જેને જીવાત્મા કહે છે તેજ) પ્રકૃતિથી ઉપજેલા સર્વ ત્રિગુણાત્મક પદાર્થોને ભોગવે છે; અને આ જીવાત્માનો એ ગુણો–પદાર્થો–ભોગો સાથેનો સંગજ (અર્થાત્ તેઓ પ્રત્યેની આસક્તિજ) સારી નરસી યોનિઓમાં જન્મ થવામાં કારણ હોય છે.૨૧

પરંતુ એ પ્રમાણે આ દેહમાં ઉપદ્રષ્ટા, અનુમોદક, ભર્તા અને ભોક્તારૂપે રહેલો જીવાત્મા (ઉપર કહ્યું તેમ વાસ્તવમાં) આ દેહથી અત્યંત પર=શ્રેષ્ઠ=જુદો=વિશાળ હોવાથી તે (સોપાધિક=સગુણ બ્રહ્મરૂપે) મહેશ્વર પણ છે; તથા (નિરૂપાધિક=નિર્ગુણ બ્રહ્મરૂપે) "પરમાત્મા" એવા નામથી પણ કહેવાયો છે. ૨૨

આ પ્રમાણે જે મનુષ્ય પુરુષને તથા ગુણસહિત પ્રકૃતિને તત્ત્વથી જાણે છે; તે સર્વથા વર્તતો છતાં પણ ફરીથી જન્મતો નથી.

(કારણ કે પોતપોતાના અધિકાર પ્રમાણે એવા જ્ઞાનીઓમાંનાજ) કેટલાકો એ પરમાત્માને શુદ્ધ ચિત્તવડે ધ્યાનયોગદ્વારા હૃદયમાં જુએ છે; બીજા કેટલાક સાંખ્યયોગ (અર્થાત્ જ્ઞાનયોગ) દ્વારા આત્માકાર વૃત્તિ કરતા રહીને જુએ છે અને બીજા કેટલાક નિષ્કામ કર્મયોગદ્વારા પણ જુએ છે. ૨૪

અને એ પ્રકારે નહિ જાણનારા બીજા

જે શ્રદ્ધાળુ જનો અન્ય પાસે (અર્થાત્ આગળ કહેલું છે તેવા તત્ત્વદર્શી જ્ઞાની પાસે) સાંભળીને (તેને અનુસરતો પ્રયત્ન તથા સંયમ કરતા થકા તે પરમાત્માને) ઉપાસે છે; તેવા શ્રવણ દ્વારા ઈશ્વરપરાયણ થનારા પણ આ મૃત્યુગય સંસારને નિશ્ચય તરી જાય છે. ૨૫

હે ભરતશ્રેષ્ઠ! જે કાંઇ સ્થાવર અને જંગમ પદાર્થો ઉત્પન્ન થાય છે; તેને ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના (અર્થાત્ પ્રકૃતિ અને પુરુષના) સંયોગથી ઉપજેલા જાણ. ૨૬

આ પ્રમાણે જે મનુષ્ય સર્વ ચરાચર નાશવંત ભૂતપ્રાણીઓમાં અવિનાશી પરમેશ્વરને સમાનપણે વ્યાપી રહેલા જુએ છે તેજ યથાર્થ જુએ છે. ૨૭

અને સર્વત્ર સમભાવથી રહેલા પરમેશ્વરને (એ પ્રમાણે પોતામાં અને) સર્વ સ્થળે સમાનપણે સ્થિત રહેલા જોનારો મનુષ્ય પછી પોતા વડે પોતાને નથીજ

હણતો. (અર્થાત્ બીજાની હાનિ કરનારને પ્રકૃતિના નિયમ પ્રમાણે હરકોઈ રીતે જે હાનિ થવાની; તે હાનિ જ્ઞાની મનુષ્ય પોતાને હાથે પોતાને નથીજ કરતો) અને તેથી પરમગતિને પ્રાપ્ત થાય છે. ૨૮

વળી જે મનુષ્ય સર્વ કર્મોને સર્વ પ્રકારે પ્રકૃતિવડેજ કરાયલાં જુએ છે; તથા આત્માને સર્વત્ર અકર્તા જુએ છે તેજ યથાર્થ જુએ છે.

વળી જ્યારે તે સર્વ ભૂતોનાં જુદાં જુદાં શરીરોને એક પરમાત્મામાં સ્થિત રહેલાં જુએ છે તથા તે પરમાત્મા વડેજ સર્વ ભૂતોનો વિસ્તાર થયેલો સમજે છે; ત્યારે તો તે જ્ઞાની મનુષ્ય (સર્વ કોઇને પોતાના કુટુંબ અથવા આત્મારૂપ માનીને સર્વ પ્રત્યે નિષ્કામ તથા ઉદાર થાય છે અને તેથી વિશેષ ચિત્તશુદ્ધિવાળો તથા અનન્ય ભક્તિવાળો થઇને) સમાધિ દ્વારા સચ્ચિદાનંદઘન એવા પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થાય છે.૩૦

હે કૌંતેય ! આ અવિનાશી પરમાત્મા અનાદિ અને ગુણાતીત હોવાથી શરીરમાં સ્થિત છતાં પણ વાસ્તવમાં નથી કાંઇ કરતો કે નથી કશાથી લેપાતો. ૩૧

જેમ આકાશ સર્વમાં વ્યાપી રહેલું છતાં સૂક્ષ્મ હોવાથી કશાથી લેપાતું નથી; તેમ આત્મા પણ દેહમાં સર્વત્ર રહેલો છતાં દેહના ગુણોથી લેપાતો નથી. ૩૨

જેમ સૂર્ય એક છતાં આ બધા વિશ્વને પ્રકાશિત કરે છે; તેમ હે ભારત ! આ એકજ ક્ષેત્રજ્ઞ પરમાત્મા બધાં ક્ષેત્રોને પ્રકાશ આપે છે.

આ પ્રકારે જ્ઞાનરૂપી ચક્ષુ વડે જેઓ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ(અર્થાત્ પ્રકૃતિ અને પુરુષ) વચ્ચેના અંતરને=વિલક્ષણપણાને તથા વિકારસહિત પ્રકૃતિથી છૂટવાના ઉપાયને યથાવત્ જાણે છે; તેઓ તો (યથોચિત પ્રયત્ન કરીને) તે પરમ પદ તરફજ વળી જાય છે.૩૪

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ત્રયોદશોઽધ્યાયઃ ॥

અધ્યાય ૧૪ મો—ત્રિગુણ-વિભાગયોગ

(જીવને સંસારમાં જન્મ થવાનું કારણ તેનું અજ્ઞાન તથા ત્રિગુણાત્મક પ્રકૃતિમાં આસક્તિ છે; ઇત્યાદિ ભાવનાં વચનોથી આગળ કહેલું સંસારનું વિલક્ષણપણું, ૧૩ મા અધ્યાયમાં કહેલા તત્ત્વજ્ઞાનનું મહત્ત્વ તેમજ ક્ષેત્રક્ષેત્રજ્ઞનો સંયોગ સ્વતંત્ર નહિ પણ ઈશ્વરાધીન છે એ વાત, અને ગુણોથી છૂટવાનો પ્રકાર તથા છૂટેલા જીવનમુક્તનાં લક્ષણ.એ સર્વ આ અધ્યાયમાં હવે વિસ્તારથી સમજાવે છે.)

શ્રીભગવાન કહે છેઃ-

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः॥

વળી સર્વ જ્ઞાનોમાં અતિ ઉત્તમ એવું એ પરમ જ્ઞાન ફરી પણ કહીશ; કે જેને

જાણીને સર્વ જ્ઞાનીજનો મુનિ અર્થાત્ સંયમી થઇને આ સંસારના અસાર માર્ગમાંથી પરમસિદ્ધિના માર્ગમાં વળી ગયા છે. ૧

આ જ્ઞાનનો આશ્રય કરીને (અર્થાત્ એ જ્ઞાનને અનુસરતી મુનિજનોની સંયમી રહેણી તથા સાધના સાધીને) મારા સાધર્મ્યને પ્રાપ્ત થએલા સિદ્ધ ઋષિજનો સૃષ્ટિના આરંભ-કાળમાં ફરી ઉત્પન્ન થતા નથી અને તેથી મરણનું પણ દુઃખ પામતા નથી.૨

સર્વનું ગર્ભસ્થાન મારી ત્રિગુણમયી મહત્ પ્રકૃતિ છે; તેમાં હું ચેતનારૂપી ગર્ભ મૂકું છું અને તે જડચેતનના સંયોગથી હે ભારત! સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે. ૩

હે કૌંતેય ! સર્વ યોનિઓમાં જે જે મૂર્તિઓ જન્મે છે તે સર્વને ગર્ભરૂપે ધારણ કરનારી મૂળ માતા એ મહત્ પ્રકૃતિ છે; અને તેમનો હું બીજ આપનારો મૂળપિતા છું.

હે મહાબાહો! સત્ત્વગુણ, રજોગુણ અને

તમોગુણ, એવા પ્રકૃતિમાંથી જન્મેલા ત્રણે ગુણ એ અવિનાશી જીવાત્માને દેહની આસક્તિમાં બાંધે છે. ૫

હે નિષ્પાપ! તેમાં સત્ત્વગુણ એ નિર્મળતાને લીધે પારદર્શક, નિર્દોષ તથા પ્રકાશ આપનારો હોવાથી જીવાત્માને સુખની અને જ્ઞાનની આસક્તિમાં બાંધે છે. ૬

હે કૌંતેય! વિષયોમાં રાગરૂપી રજોગુણને તૃષ્ણા× તથા આસક્તિથી ઉપજેલો જાણ અને તે જીવાત્માને કર્મ અને ફળની આસક્તિમાં બાંધે છે. ૭

અને હે ભારત! સર્વ દેહાભિમાની જીવોને મોહમાં નાખનારા તમોગુણને અજ્ઞાનથી ઉપજેલો જાણ; કે જે જીવોને પ્રમાદ, આળસ અને નિદ્રાવડે બાંધે છે. ૮

ટુંકમાં હે ભારત! સત્ત્વગુણ જીવને

×તૃષ્ણા=લોકેષણા, વિત્તેષણા, પુત્રૈષણા, એ ત્રણ એષણાઓ.

સુખ સંગે જોડે છે અને રજોગુણ કર્મસંગે જોડે છે; પરંતુ તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઇ પ્રમાદમાં પણ જોડે છે. ૯

હે ભારત! રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ પ્રબળ થાય છે; સત્ત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ પ્રબળ થાય છે તથા સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ પ્રબળ થાય છે. ૧૦

આ દેહમાં જ્યારે સર્વ દ્વારોમાં જ્ઞાન અને ચેતના ઉપજે છે; ત્યારે સત્ત્વગુણ વધેલો છે એમ જાણવું. ૧૧

અને હે ભરતશ્રેષ્ઠ! રજોગુણ વધતાં લૌકિક પદાર્થોનો લોભ, સકામ પ્રવૃત્તિ તથા કર્મોનો આરંભ, અંતઃકરણની અશાંતિ અને ભોગોની લાલસા એ સર્વ ઉપજે છે. ૧૨

તથા હે કુરુનંદન! તમોગુણ વધવાથી અપ્રકાશ (અર્થાત્ અંતઃકરણમાં અતિ અવિવેક) અને ઇંદ્રિયોમાં આળસ, કર્તવ્યમાં

અપ્રવૃત્તિ, પ્રમાદ (અર્થાત્ વ્યર્થ ચેષ્ટા) અને મોહ, એ બધાંજ ઉપજે છે. ૧૩

દેહ જ્યારે સત્ત્વગુણની વૃદ્ધિમાં મરી જાય ત્યારે તો દેહધારી જીવાત્મા ઉત્તમ જ્ઞાનીઓના નિર્મળ લોકોને પામે છે; રજો-ગુણની વૃદ્ધિમાં દેહ મરી જવાથી જીવાત્મા કર્મોની આસક્તિવાળાઓમાં જન્મે છે અને તમોગુણની વૃદ્ધિમાં મરવાથી મૂઢ મનુષ્યોમાં જન્મે છે. ૧૪,૧૫

સુકૃત કર્મોનું ફળ સાત્ત્વિક અને દોષરહિત છે; રાજસ કર્મોનું ફળ દુઃખ છે અને તામસ કર્મોનું ફળ તો અજ્ઞાન કહેલું છે.

સત્ત્વગુણથી જ્ઞાન ઉપજે છે; રજોગુણથી લોભજ ઉપજે છે અને તમોગુણ વધવાથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન પણ ઉપજે છે. ૧૭

સત્ત્વમાં સ્થિતિવાળા સ્વર્ગાદિ ઉચ્ચ ગતિ પામે છે; રજોગુણીઓ મધ્યમાં=મનુષ્યલોકમાં રહે છે; અને કનિષ્ઠ તમોગુણી વૃત્તિવાળા

અધોગતિમાં જાય છે. ૧૮

અને દ્રષ્ટા જીવાત્મા જ્યારે ત્રણે ગુણો વિના બીજાને કર્તા જોતો નથી; તથા મને ત્રણે ગુણોથી અત્યંત પર=શ્રેષ્ઠ જુએ છે; ત્યારે તે મારા પરમાત્મભાવ તરફ વળી જાય છે; અને એવો, દેહોત્પત્તિના કારણરૂપ આ ત્રણે ગુણોને ઓળંગી જઈને જન્મમરણ તથા વૃદ્ધાવસ્થા ઇત્યાદિનાં દુઃખોથી છૂટેલો મનુષ્યજ મોક્ષરૂપી અમૃતને અનુભવે છે. ૧૯,૨૦

અર્જુન કહે છેઃ–

હે પ્રભો ! એવો ત્રણે ગુણોને ઓળંગી ચૂકેલો ત્રિગુણાતીત મનુષ્ય કેવાં લક્ષણવાળો અને કેવાં આચરણવાળો હોય છે? તથા તે આ ત્રણે ગુણોને કેવી રીતે=કેવા ઉપાયવડે ઓળંગી જાય છે? ૨૧

શ્રીભગવાન કહે છેઃ–

હે પાંડવ! જે મનુષ્ય (સત્ત્વગુણના કાર્યરૂપ) સુખ અને જ્ઞાનને, (રજોગુણના

કાર્યરૂપ) પ્રવૃત્તિને કિંવા (તમોગુણના કાર્યરૂપ) મોહને પણ પ્રવૃત્ત થએલાં જોઇને નથી તેનો દ્વેષ કરતો કે નિવૃત્ત થએલાં જોઇને નથી તેની ઇચ્છા કરતો; (અર્થાત) જે ઉદાસીનની પેઠે તટસ્થ રહીને ગુણોથી વિચલિત થતો નથી કે ચેષ્ટા કરતો નથી પણ ગુણો 'ગુણોમાંજ વર્તે છે' એવું સમજીને સ્થિર રહે છે; (૨૨–૨૩)

એમ જે સુખદુઃખમાં સમદૃષ્ટિવાળો અને સ્વસ્થ રહે છે; જે માટી પથ્થર અને સોનામાં સમદૃષ્ટિવાળો, પ્રિય અને અપ્રિયને સમાન માનનારો, પોતાની નિંદા અને સ્તુતિને સરખાં સમજનારો તથા ધીરજ-વાળો થાય છે; જે માન તથા અપમાનમાં સમાન છે; જે મિત્ર અને શત્રુના પક્ષોપ્રત્યે સમાન છે તથા જેણે સર્વ આરંભોનો પરિ-ત્યાગ કર્યો છે; તેને ગુણાતીત કહે છે. ૨૪

અને જે (જ્ઞાની સાધક ઉપર કહ્યું તેમ

બીજા કશા તરફ નહિ જોતાં) અવ્યભિચારી ભક્તિયોગ-અર્થાત્ એકનિષ્ઠ ધ્યાનયોગ-વડે મને ભજ્યા કરે છે; તેજ આ ત્રણે ગુણોને રૂડા પ્રકારે ઓળંગી જઇ બ્રહ્મપ્રાપ્તિ માટે યોગ્ય થયેલો મનાય છે-ગણાય છે.

અને તે અવિનાશી, શાશ્વત, અવિકારી, અખંડ, અપાર, એકરસ, આનંદસ્વરૂપ તથા ધર્મરૂપ (અને તેથી આગળ કહ્યા તેવા ધર્મ વડેજ પ્રાપ્ત થઇ શકે) એવા પરબ્રહ્મ પરમાત્માની પ્રતિષ્ઠારૂપ હું છું. ૨૭

હરિઃ ૐતત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ત્રિગુણવિભાગયોગો નામ ચતુર્દશોઽધ્યાયઃ॥

અધ્યાય ૧૫ મો-પુરુષોત્તમયોગ

(ચૌદમા અધ્યાયને અંતે કહ્યું છે કે અનન્ય ભક્તિવાળોજ ત્રણે ગુણથી છૂટીને બ્રહ્મરૂપ થાય છે. પરંતુ સારાસારના જ્ઞાન અને અસાર પ્રત્યેની ઉપરામતા વિના એકનિષ્ઠ ભક્તિ ઉપજે નહિ; તેથી આ અધ્યાયમાં સંસારને વૃક્ષરૂપે વર્ણવી તેની અનિત્યતા સમજાવીને અનાસક્તિરૂપ શસ્ત્ર વડે તેને છેદી નાખવાનું તથા તેના ઊર્ધ્વ મૂળ અથવા અધિષ્ઠાનરૂપ પરમેશ્વરને શરણ થવાનું કહે છે. અને પછી તે પરમાત્માનો મહિમા વર્ણવીને તેને પામવા માટે જે યોગ્યતા જોઇએ તથા તે યોગ્યતા મેળવવા માટે તેના પાયારૂપ જે અધ્યાત્મજ્ઞાન જોઇએ તે સમજાવે છે અને છેવટે કહે છે કે, એવી યોગ્યતા મેળવનારોજ અનન્યભાવે ભગવાનને ભજી કૃત-કૃત્ય થઇ શકે છે.)

શ્રીભગવાન કહે છેઃ-

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥

આ સંસારરૂપી પીપળો, કે જે ઉપર (આદિપુરુષરૂપી એક) મૂળવાળો અને નીચે (વિસ્તારરૂપી અનેક) શાખાવાળો છે; તથા (ઊર્ધ્વગતિ અને અધોગતિ ઈત્યાદિ સમજાવીને ઉચ્ચ ગતિ તરફ પ્રેરનારાં એવાં) જેનાં વેદરૂપી પાંદડાં છે; તથા (જે પ્રવાહરૂપે અવિચ્છિન્ન હોવાથી અને જેનું મૂળ એટલે અધિષ્ઠાન અવિનાશી પરમાત્મા હોવાથી) જેને નાશરહિત પણ કહે છે. માટે જે કોઇ તેને (માત્ર ઉપર ઉપરથી નહિ પણ તલસ્પર્શી–શુદ્ધ–સૂક્ષ્મ બુદ્ધિવડે તેના મૂળસહિત યથાવત્) જાણે છે; તેજ (વેદનું ખરૂં તાત્પર્ય જાણનારો) વેદવેત્તા છે.૧

તે(સંસારરૂપી વૃક્ષ)ની ત્રણે ગુણરૂપી જળવડે પોષાઇને બહુ વધેલી તથા વિષયોરૂપી કુંપળોથી શોભી રહેલી શાખાઓ, ઉપર તથા નીચે (દેવયોનિથી તે તિર્યકયોનિ સુધી સર્વત્ર) ફેલાયલી છે; તથા તેની (તે

શાખાઓમાંથી નીકળેલો અને) કર્માનુસાર મનુષ્યલોકમાં બાંધી દેનારી એવી (અહંતા-મમતા અને તૃષ્ણારૂપી) મૂળિયો પણ નીચે (ઠેઠ અધોગતિ સુધી) વ્યાપી રહેલી છે. ૨

પરંતુ આ સંસારરૂપી વૃક્ષનું જે રૂપ અહીં કહ્યું તેવું (શુદ્ધ ચિત્તવાળા મુમુક્ષુ જનોને વિચારકાળમાં તથા વિશુદ્ધ ચિત્ત-વાળા મુક્તજનોને પરમાત્મસાક્ષાત્કારસમયે) પ્રાપ્ત થતું નથી; તેમજ નથી જણાતી તેની પ્રતિષ્ઠા=હયાતી, નથી જણાતી તેની ઉત્પત્તિ, અને તેથી નથી જણાતો તેનો અંત. માટે (તે સર્વના આદિ=અધિષ્ઠાન અને સચ્ચિદા-નંદઘન એવા પરબ્રહ્મ પરમાત્માને પામવા સારૂ પ્રથમ લૌકિક તૃષ્ણા અને વિષયાસક્તિ-રૂપી) અતિદૃઢ મૂળીઓવાળા આ સંસારરૂપી અશ્વત્થવૃક્ષને, દૃઢ અસંગતા=પૂર્ણ અના-સક્તિરૂપી શસ્ત્રવડે છેદી નાખીને (૩) તે પછી "જે પરમ પુરુષના અધિષ્ઠાનપણાથી

આ સંસારવૃક્ષની પુરાણી પ્રવૃત્તિ વિસ્તાર પામી છે તે આદિપુરુષનેજ શરણે હવે હું થાઉં છું" (એવો દૃઢ નિશ્ચય કરીને) તે પરમપદરૂપી પરમાત્માનોજ માર્ગ શોધવો અને પકડવો જોઇએ કે જે માર્ગમાં ગયેલા મનુષ્યો પાછા (આ સંસારવૃક્ષના દુઃખમય માર્ગમાં) આવતા નથી. ૪

પરંતુ (જેઓ ઉપર કહ્યું તેમ દૃઢ અનાસકિતરૂપી શસ્ત્ર વડે સંસારરૂપી વૃક્ષને છેદીને) અભિમાન અને મોહ વિનાના, આસકિતરૂપ દોષને જીતેલા, બધી લૌકિક કામનાઓથી નિવૃત્ત થએલા, સદા આધ્યાત્મિક ધ્યાન–ચિંતનાદિમાં રહેનારા, તથા સુખદુઃખાદિ નામવાળાં જોડકાંથી વિમુક્ત થયેલા હોય; એવા અમૂઢ–અર્થાત્ સાવચેતીવાળા–જ્ઞાનીઓજ તે અવિનાશી પરમપદમાં જઈ શકે છે.

તે સ્વયંપ્રકાશરૂપ અવિનાશી પરમપદ કે જેને સૂર્ય ચંદ્ર કે અગ્નિ પ્રકાશી શકતા

નથી; અને જે પરમપદમાં ગયેલા પુણ્યાત્માઓ પાછા જન્મમરણમાં આવતા નથી; તેજ મારૂં પરમધામ છે. ૬

આ જીવલોકમાં મારોજ સનાતન અંશ જીવાત્મારૂપ થયો છે; અને પ્રકૃતિમાં રહેલી મનસહિત છએ ઇંદ્રિયોને તે પોતામાં આકર્ષી લે છે. ૭

દેહાદિનો ઈશ્વર એવો જીવાત્મા જ્યારે શરીરને છોડી જાય છે ત્યારે; અને જ્યારે બીજા શરીરમાં પેસે છે ત્યારે પણ તે, પુષ્પમાંથી ગંધને લઇ જનારા વાયુની પેઠે મનસહિત ઇંદ્રિયોને સાથે લઈને જાય છે; (૮) અને ત્યાં પણ તેનાં તેજ શ્રોત્ર, ચક્ષુ, ત્વચા, જીભ અને નાસિકાનો તથા મનનો આશ્રય લઈને આ જીવાત્મા વિષયોને ભોગવે છે. ૯

પરંતુ તે શરીરને છોડી જનારા, શરીરમાં સ્થિત રહેનારા તથા શબ્દાદિ વિષયોને ભોગવનારા (અથવા તો સુખદુઃખ અને મો-

હાદિ ગુણોવાળો હોવાથી પણ સ્પષ્ટ રીતે જાણી શકાય એવા) જીવાત્માને પણ મોહાધીન અજ્ઞાની લોકો યથાવત્ જાણી શકતા નથી; માત્ર જ્ઞાનરૂપી અંતરચક્ષુવાળાજ જાણી શકે છે.

અને જીવાત્મામાં અધિષ્ઠાનરૂપે સ્થિત રહેલા એવા એ પરમાત્માને તો નિષ્કામ યોગીજનો પણ (વિક્ષેપાદિ દોષ ટાળી વિશુદ્ધિ સાધવાનો) પ્રયત્ન કરતા કરતાજ તત્ત્વથી જાણી શકે છે; અને (વિશુદ્ધિ સાધ્યા વિનાના) અકૃતાત્માઓ તો અચેત અર્થાત્ મલિન ચિત્તવાળા હોવાથી (બાહ્ય કર્મો ત્યજી દઇને અકર્મી–ત્યાગી–ભેખધારી બની જાય, કિંવા જ્ઞાનને ગોખી મારીને મહાત્મામાં ખપે તોપણ અંદરથી તો ઉલટા વધારે જૂઠા, વિષયી, ખટપટી અને લોભી બનતા હોવાથી ધ્યાનાદિ માટે) યત્ન કરે તોપણ એ વિશુદ્ધ પરમાત્માને તત્ત્વથી જોઇ શકતા નથી. ૧૧

(હવે એ પરમાત્માની મહત્તા સર્વાત્મભાવે વર્ણવે છે.)

સૂર્યમાં ગયેલું જે તેજ અખિલજગત-ને પ્રકાશિત કરે છે; અને જે તેજ ચંદ્રમા તથા અગ્નિમાં રહેલું છે; તે તેજને તું મારૂં પરમાત્માનું જાણ. ૧૨

પૃથ્વીમાં પેસીને હુંજ મારા ઓજસ-ની આકર્ષણશક્તિ વડે સર્વ ભૂતોને ધારણ કરૂં છું તથા રસાત્મક ચંદ્ર થઇને સર્વ વનસ્પતિઓનું પોષણ કરૂં છું. ૧૩

વૈશ્વાનર જઠરાગ્નિ થઇને હુંજ પ્રાણી-ઓના દેહમાં રહેલો છું તથા પ્રાણ અને અપાનવાયુ સાથે ભળીને ચારે પ્રકારના× અન્નને પચાવું છું. ૧૪

સર્વના હૃદયમાં હું વિશેષરૂપે રહેલો છું; અને મારાજ આધાર અથવા અધિષ્ઠાન-

×૧ ભક્ષ્ય=ચાવવાના પદાર્થ. ૨ પેય=પીવા-ના પદાર્થ, ૩ લેહ્ય=ચાટવાના પદાર્થ, ૪ ચોષ્ય= ચૂસવાના પદાર્થ.

પણા વડે સર્વ પ્રાણીઓને પોતપોતાનાં પુણ્ય-કર્માનુસાર સ્મૃતિ અને જ્ઞાન ઇત્યાદિ થાય છે તથા પાપકર્માનુસાર સ્મૃતિ અને જ્ઞાનાદિકનો લોપ થાય છે. વળી સર્વ વેદોવડે જાણવા યોગ્ય પણ હું છું અને (મહર્ષિઓ-રૂપે) વેદાન્તનો કર્તા તથા વેદવેત્તા (એટલે વેદાર્થ જાણનાર અને તેનું રહસ્ય સમજાવનાર ઋષિમુનિઓ અને સમર્થ આચાર્યો-રૂપે) પણ હું પરમાત્માજ છું. ૧૫

આ સંસારમાં ક્ષર અને અક્ષર એવા બેજ પ્રકારના પુરુષ એટલે પદાર્થ પ્રસિદ્ધ છે. એમાં સર્વ ભૂતોનાં શરીરને ક્ષર=નાશવંત કહ્યાં છે; અને કૂટસ્થને (અર્થાત્ જે શરીર મરવા છતાં પણ જેમનો તેમ રહે છે તે જીવાત્માને) અક્ષર=નાશરહિત કહે છે.૧૬

તથા જે ત્રણે લોકમાં પ્રવેશીને=વ્યાપીને સર્વનું ધારણ પોષણ કરે છે; અને જેને 'અવિનાશી પરમેશ્વર' અને 'પરમાત્મા'

એવાં નામોથી કહેલો છે તે ઉત્તમ પુરુષ તો વળી બીજોજ છે. ૧૭

જે કારણથી હું એ ક્ષર=નાશવંત પદાર્થથી અત્યંત શ્રેષ્ઠ છું; અને એ અક્ષર=નાશરહિત જીવાત્માથી પણ અતિ ઉત્તમ છું; તેથીજ હું લોકોમાં અને વેદોમાં 'પુરુષોત્તમ' નામથી પ્રસિદ્ધ છું. ૧૮

હે ભારત! જે મનુષ્ય (નાશવંત પ્રાણીપદાર્થોમાં) મોહ વિનાનો થઇને એ પ્રકારે મને તત્ત્વથી 'પુરુષોત્તમ' જાણે છે; તે સર્વજ્ઞ (જાણવા જેવું સર્વ કાંઈ જાણનારો) છે અને તે (એવા અનિત્ય, જડ અને દુ:ખરૂપ પદાર્થોને ભજતો નથી પણ) સર્વભાવથી મને સચ્ચિદાનંદઘન પરમાત્માનેજ ભજે છે. ૧૯

સારાંશ કે હે નિષ્પાપ ભારત! જે આ ગુપ્તમાં ગુપ્ત=ગૂઢમાં ગૂઢ એવું અધ્યાત્મશાસ્ત્ર મેં તને કહ્યું; તેને યથાવત્ સમજવાથી

મનુષ્ય ઉત્તમ બુદ્ધિવાળો થાય છે; અને (એવો બુદ્ધિમાન જ્ઞાની અનિત્ય પદાર્થોના મોહમાં અને આ પછી જણાવેલી આસુરી સંપત્તિમાં ફસી નહિ રહેતાં દૈવી સંપત્તિના ગુણો સાધે છે તથા) કૃતકૃત્ય થઇ રહે છે.૨૦

હરિઃ ૐતત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમયોગો નામ પંચદશોऽધ્યાયઃ

અધ્યાય ૧૬ મો—દૈવાસુરસંપદ્વિભાગયોગ

(પંદરમા અધ્યાયના અંતે કહ્યું છે કે, એ જ્ઞાનરૂપી ગુહ્યતમ શાસ્ત્રને જાણનારો જ્ઞાની કૃતકૃત્ય થાય છે; પણ તે જ્ઞાનશાસ્ત્રને માત્ર જાણવા કે ભણવાથીજ નહિ પણ તેને અનુસરીને દૈવી સંપત્તિ મેળવવાથીજ કૃતકૃત્ય થાય છે; એ વાત હવે આ અધ્યાયમાં સમજાવે છે.)

શ્રીભગવાન કહે છેઃ–

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥

નિર્ભયતા, અંતઃકરણની સંશુદ્ધિ, જ્ઞાન અને યોગમાં વિશેષ સ્થિતિ,* સાત્ત્વિક દાન, ઇંદ્રિયનિગ્રહ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ,

---

* અહીં ભગવાન શંકરાચાર્ય પોતાના ભાષ્યમાં નીચેના ભાવનું સમજાવે છે:–

સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, કર્મફળનો ત્યાગ, શાંતિ, નિંદા એટલે ચાડી ન કરવી, ભૂતમાત્રપ્રત્યે દયા, અલોલુપતા, કોમળતા=અક્રૂરતા, લજ્જા, અચપળતા, તેજસ્વિતા,

---

સત્ત્વસંશુદ્ધિ–એટલે અંતઃકરણની વિશેષ શુદ્ધ અર્થાત્ વ્યવહારમાં જૂઠ, કપટ, ઠગાઇ ઇત્યાદિ અવગુણો છોડી દઇને શુદ્ધ ભાવથી આચરણ કરવાં તે.

જ્ઞાનયોગવ્યવસ્થિતિ–એમાં **જ્ઞાન** એટલે આત્માદિ પદાર્થોને યથાવત્ જાણવા તે. **યોગ** એટલે ઇંદ્રિયાદિના નિગ્રહથી ચિત્તને એકાગ્ર કરીને જાણેલા પરમ પદાર્થનો સાક્ષાત્કાર અથવા અનુભવ કરવો તે. **વ્યવસ્થિતિ**–એટલે એ જ્ઞેય પરમાત્મામાં વિશેષ સ્થિતિ=તન્મયતા હોવી તે. બધી સાત્ત્વિકી અથવા દૈવી સંપત્તિઓના સાર અને ફળરૂપ સર્વોપરિ સંપત્તિ એજ છે.

(આ હકીકત અહીં એટલા માટે અપાઇ છે કે હવે તો કંઇએક વામમાર્ગી જેવા છતાં ધર્માત્મામાં ખપ્યા કરતા ધર્મઠગોને વેદાન્તનાં સાધન-

ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ અને બહુ-
માનીપણું ન હોવું; આ (૨૬) ગુણો હે
ભારત ! દૈવી સંપત્તિ પામેલાના હોય છે.

હે પાર્થ ! આસુરી સંપત્તિને પામેલા-
માં ઢોંગ, ધર્મધ્વજીપણું, ગર્વ=ઘમંડ, અ-
તિમાન, ક્રોધ, કઠોરવાણી અને અજ્ઞાન (તથા
વિપરીત જ્ઞાન) હોય છે.૪

આમાં દૈવી સંપત્તિ મોક્ષને માટે અને
આસુરી સંપત્તિ બંધનને માટે મનાયલી છે.

ચતુષ્ટયના વિસ્તારરૂપ એવી આ અધ્યાયમાં કહેલી
સાધનસંપત્તિ તેની સાથે, ધર્મશાસ્ત્ર સાથે,
ગીતા અને ઉપનિષદાદિના ખરા અર્થો સાથે,
અથવા તો ભગવાન શંકરાચાર્ય જેવા મહર્ષિઓ-
ની આવી આવી અગત્યની સૂચનાઓ સાથે
લેવાદેવા નહિ હોવાથી, તેઓ તો માત્ર અમુકતમુક
પોથાં ગોખી ગોખાવીને અહંબ્રહ્માસ્મિ કહેવા–
કહેવરાવવામાંજ બ્રહ્મસાક્ષાત્કાર ઠોકી બેસાડે
છે. માટે એવાઓથી સૌ કોઇએ બહુજ સાવચેત
અને છેટા રહેવા જેવું છે.)

પણ હે પાંડવ! તું દૈવી સંપત્તિ લઈને જન્મેલો છું; માટે શોક ન કર. ૫

આ જગતમાં મનુષ્યોની દૈવી અને આસુરી એમ બે પ્રકારની સૃષ્ટિ અથવા રચના છે; તેમાં દૈવી જીવોવિષે વિસ્તારથી કહ્યું. હવે હે પાર્થ! આસુરી જીવોવિષે મારાથી સાંભળ.

આસુર મનુષ્યો કર્તવ્ય કાર્યમાં પ્રવૃત્ત થવાનું અને ન કરવા યોગ્ય કર્મથી નિવૃત્ત થવાનું જાણતા નથી; તેથી તેઓમાં પવિત્રતા, સત્ય અને સારાં આચરણ પણ જણાતાં નથી–અર્થાત્ તેઓ અપવિત્ર, દુરાચારી અને જૂઠપ્રપંચવાળા હોય છે. ૭

તેઓ કહે છે કે, બધું જગત જૂઠપ્રપંચવાળું, પ્રતિષ્ઠા વિનાનું, પાપપુણ્યના ફળપ્રદાતા તરીકે ઈશ્વર (કિંવા એવી કોઈ વસ્તુ) વિનાનું તથા સ્ત્રીપુરુષના સંયોગથી આપોઆપ ઉપજેલું છે; અને 'કામ' એજ તેની ઉત્પત્તિનું કારણ છે તથા તે માત્ર ભોગો

ભોગવવા માટે છે; બીજું વળી શું હોય ? અર્થાત્ તે બીજા શા અર્થે હોય? ૮

એવી અવળી સમજણનો આધાર લઇને પોતાના સુસ્વભાવનો નાશ કરનારા, અલ્પ બુદ્ધિવાળા તથા ઘોર કર્મ કરનારા એ શત્રુઓ જાણે જગતના નાશ માટેજ જન્મે છે! ૯

પાખંડ, માન અને મદથી ભરેલા (આસુરી લોકો) મોહને લીધે એવા અશુભ નિશ્ચયો પકડીને, તથા પૂરી થાય નહિ એવી ભોગેચ્છાઓનો આશ્રય લઈને તથા ભ્રષ્ટાચારવાળા થઈને સંસારમાં પ્રવર્તે છે.૧૦

વિષયોના ઉપભોગમાંજ પરમ પુરુષાર્થ છે અને એમાંજ પરમાનંદ છે; એવા નિશ્ચયવાળા હોવાથી તેઓ પ્રલયના અંતસુધી પહોંચે એવી પાર વિનાની ચિંતામાં ડૂબેલા રહે છે. ૧૧

આશાઓરૂપી સેંકડો પાશથી બંધાયેલા તથા કામક્રોધપરાયણ રહેનારા તેઓ,

વિષયભોગો અર્થે અન્યાયથી ધનાદિ પદાર્થો ભેગા કરવા મથે છે. ૧૨

મેં આજે આ તો મેળવ્યું અને હવે આ મનોરથ પૂરો કરીશ; આ આટલું ધન મારી પાસે છે અને ફરી પણ આટલું ભેગું થશે; તે અમુક શત્રુ તો મારા હાથે મરાયો અને બીજાઓને પણ હું હણીશ; હું ઇશ્વર=માલીકોનો માલીક=રાજા છું; હું સત્તા અને વૈભવ ભોગવનારો છું; હું સિદ્ધ, બળવાન અને સુખી છું; હું ધનાઢ્ય અને મોટા જથાવાળો છું; મારા જેવો બીજો છે કોણ? હું યજ્ઞ કરીશ; દાન દઇશ; મોજ માણીશ અને હર્ષ પામીશ. એવા પ્રકારના અજ્ઞાનજન્ય વિચારોથી મોહિત થયેલા; અનેક પ્રકારે ભ્રમિત ચિત્તવાળા અને મોહજાળમાં ફસાઇ રહેલા તથા પદાર્થો અને ભોગોમાં અતિ આસક્તિવાળા તે આસુરી લોકો અપવિત્ર નરકમાં જઇ પડે છે. ૧૩થી૧૬

પોતાને શ્રેષ્ઠ માની લઇ પોતાની પ્રશંસા કરનારા, વિનયરહિત તથા ધન અને માનના મદવાળા એવા તે આસુરી મનુષ્યો વિધિરહિત અને નામમાત્રના યજ્ઞોવડે દંભથી=પાખંડથી યજન પૂજન કરે છે. ૧૭

વળી તેઓ અહંકાર, બળ, ગર્વ અને કામક્રોધાદિ દોષોના આશ્રયવાળા, સજ્જનોની નિંદા કરનારા અને એમ પોતાના તથા પરાયા દેહમાં રહેલા મુજ અંતર્યામીનો દ્વેષ કરનારા હોય છે.૧૮

મારો દ્વેષ કરનારા અને અશુભ કામો કરનારા તે ક્રૂર નરાધમોને સંસારમાં હું વારંવાર આસુરી યોનિઓમાંજ નાખું છું.

હે કૌંતેય! એવા જન્મોજન્મ આસુરી જીવોમાં જન્મનારા મૂઢ લોકો મને પ્રાપ્ત નહિ થતાં એથીપણ અધમ ગતિનેજ પામે છે.

કામ, ક્રોધ અને લોભ, એ ત્રણે પ્રકારનાં નરકનાં દ્વાર જીવાત્માનો નાશ કર-

નારાં છે; તે માટે એ ત્રણેને ત્યજી દેવાં જોઈએ.

કેમકે હે કૌંતેય ! નરકનાં એ ત્રણે દ્વારથી છૂટયો હોય તેજ મનુષ્ય પોતાના કલ્યાણનાં સાધન આચરી શકે છે; અને આચરે છે તેથીજ પરમ ગતિને પામે છે.૨૨

શાસ્ત્રે કહેલો વિધિમાર્ગ છોડી દઈને જે પોતાની કામના પ્રમાણે વર્તે છે; તે નથી પામતો સિદ્ધિ, નથી પામતો પરમ-ગતિ કે નથી પામતો સુખ.૨૩

તે માટે તારે તો આ (કરવા યોગ્ય) કાર્ય અને (ન કરવા યોગ્ય) અકાર્યની વ્યવસ્થામાં શાસ્ત્રને પ્રમાણ જાણીને શાસ્ત્રે વિધાન કરેલાં સ્વધર્મરૂપ કર્મોજ કરવાં યોગ્ય છે. ૨૪

હરિઃ ૐતત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મબ્રહ્માર્પણયોગો નામ ષોડશોઽધ્યાયઃ ।।

અધ્યાય ૧૭ મો—શ્રદ્ધાત્રય-વિભાગયોગ

ये शास्त्रविधिमुत्सृज्य यजंते श्रद्धयान्विताः।
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः

અર્જુન પૂછે છેઃ–પરંતુ હે કૃષ્ણ! જેઓ શાસ્ત્રવિધિ છોડી દઈને કેવળ શ્રદ્ધાવડે પૂજે છે; તેમની નિષ્ઠા કેવી સમજવી? સત્ત્વગુણી, રજોગુણી કે તમોગુણી? ૧

શ્રીભગવાન કહે છેઃ–જીવોની તે સ્વભાવજન્ય શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી અને તામસી, એમ ત્રણ પ્રકારની હોય છે તે સાંભળ. ૨

હે ભારત! સર્વ કોઇની શ્રદ્ધા તેમના અંતઃકરણને અનુસરતી હોય છે; અને જે જેવી શ્રદ્ધાવાળો હોય છે તે (તેવાજ પદાર્થને ભજતો હોવાથી પરિણામે પોતે પણ) તેવોજ થાય છે; માટે આ દરેક મનુષ્ય શ્રદ્ધામયજ છે. (અર્થાત્ શ્રદ્ધાનોજ બનેલો છે.

કેમકે અત્યારે પણ જે કોઇ મનુષ્ય જેવો હોય છે; તે પ્રથમ તેવી શ્રદ્ધાવાળો હતો તેથીજ તેવો બની શકયો હોય છે; અને અત્યારે તેની શ્રદ્ધા જેવી અને જેવા પ્રત્યે હશે તેવોજ તે હવે પછી બની શકશે.) ૩

સાત્ત્વિક મનુષ્યો દેવોને પૂજે છે; રાજસ મનુષ્યો યક્ષ અને રાક્ષસોને પૂજે છે;તથા બીજા તામસ મનુષ્યો પ્રેત તથા ભૂતગણોને પૂજે છે.

દંભ અને અહંકારવાળા જે મનુષ્યો ઇચ્છા અને આસક્તિના બળથી પ્રેરાઇને શાસ્ત્રવિધિરહિત ઘોર તપ તપે છે; તથા શરીરમાં સ્થિત રહેલા ભૂતોના સમૂહને અને અંતઃકરણમાં સ્થિત રહેલા મને અંતર્યામીને પણ દુર્બળ કરતા હોય છે; તે મલિન ચિત્તવાળાઓને આસુરી બુદ્ધિવાળા જાણ.૫,૬

વળી (તે તે પ્રકૃતિવાળા) સર્વને ત્રણ પ્રકારના આહાર પ્રિય હોય છે; તથા તેઓનાં યજ્ઞ, તપ અને દાન પણ ત્રિવિધ હોય છે;

તેમના આ ભેદ સાંભળ. ૭

આયુષ્ય, સાત્ત્વિકતા, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનારા; તથા રસવાળા, ઘૃતાદિ સ્નેહવાળા, પોષક અને હૃદયને અનુકૂળ આહાર સાત્ત્વિક જનોને પ્રિય હોય છે.૮

તીખા, ખાટા, ખારા, અતિઉના, તીક્ષ્ણ, લૂખા, દાહ કરનારા અને દુઃખ, શોક તથા વ્યાધિ ઉપજાવનારા આહાર રાજસી જનોને પ્રિય હોય છે. ૯

જે ભોજન એક પહોર વીતેલું, સ્વાદ ઉડી ગયેલું, દુર્ગંધવાળું, રાતનું વાસી, એઠું અને અપવિત્ર હોય તે પણ તામસી મનુષ્યોને પ્રિય હોય છે. ૧૦

ફળની આકાંક્ષારહિત મનુષ્ય વડે "યજ્ઞ કરવો યોગ્ય છે–કર્તવ્ય છે" એવું મનથી સમજીને શાસ્ત્રવિધિની દૃષ્ટિએ જે યજ્ઞ કરાય છે; તે સાત્ત્વિક છે. ૧૧

અને હે ભરતશ્રેષ્ઠ! ફળનો ઉદ્દેશ રાખીને

કે દંભ–દેખાવ અર્થે જે પણ યજ્ઞ કરાય છે; તે રાજસ જાણવો. ૧૨

શાસ્ત્રવિધિ રહિત, અન્નદાન રહિત, મંત્રરહિત, દક્ષિણારહિત અને શ્રદ્ધારહિત યજ્ઞને તામસી કહે છે. ૧૩

દેવ, દ્વિજ, ગુરુ અને જ્ઞાનીજનોનું પૂજન; તથા પવિત્રતા, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા; એ સર્વ શારીરિક અથવા કાયિક તપ કહેવાય છે. ૧૪

કોઇને ઉદ્વેગ ન કરે તેવું પ્રિય, સત્ય અને હિતકારી વચન બોલવું; તથા સ્વાધ્યાય (અર્થાત્ સર્વોત્તમ કર્તવ્ય–પ્રાપ્તવ્યમાં પ્રેરે અને જોડે એવા ગ્રંથ ઇત્યાદિનું શ્રવણ, પઠન–પાઠન) તથા જપકીર્તનાદિનો અભ્યાસ, એ વાણીનું તપ કહેવાય છે. ૧૫

મનની પ્રસન્નતા, શાન્ત સ્વભાવ, મૌન, મન તથા ઇંદ્રિયોનો નિગ્રહ અને ભાવોની સંશુદ્ધિ; એને માનસિક તપ કહે છે.

ફળની આકાંક્ષા વિનાના અને ચિત્તશુદ્ધિવાળા મનુષ્યો દ્વારા ઉત્તમ શ્રદ્ધાથી તપાયલા એ ત્રણે પ્રકારના તપને સાત્ત્વિક તપ કહે છે.

અને જે તપ સત્કાર, માન કે પૂજાવા માટે અથવા દંભ–પાખંડથી કરાય છે તે તપ અનિશ્ચિત અને અનિત્ય ફળવાળું હોવાથી તેને અહીં રાજસી કહ્યું છે. ૧૮

જે તપ મન અથવા શરીરની પીડા સહિત અથવા બીજાની હાનિ કરવા માટે અથવા મૂઢતાપૂર્વક હઠ કે આગ્રહથી કરાય છે; તે તપને તામસ કહેલું છે. ૧૯

દાન દેવું ઉચિત છે–કર્તવ્ય છે; એમ સમજીને જે દાન સ્થળ, કાળ ને પાત્રાદિનો વિચાર કરીને તથા અનુપકારીને (પોતા ઉપર ઉપકાર ન કરનારને) દેવાય છે; તે દાનને સાત્ત્વિક કહેલું છે.૨૦

પરંતુ જે દાન સામો ઉપકાર પામવા માટે અથવા સ્વર્ગાદિ ફળનો ઉદ્દેશ રાખીને

અથવા (દુઃખથી, મરણકાળથી કે ભાવી સંભવો ઇત્યાદિથી) દુઃખી થઈને દેવાય છે, તે દાનને રાજસ કહ્યું છે.૨૧

અને જે દાન અયોગ્ય સ્થળે,, અયોગ્ય કાળે, અપાત્રને, સત્કાર વિના, અથવા અવજ્ઞા સાથે દેવાય છે; તેને તામસિક દાન કહેલું છે.

પરબ્રહ્મનો 'ૐ' 'તત્' 'સત્' એવાં ત્રણ નામથી શાસ્ત્રોમાં નિર્દેશ કરાયો છે; અને પૂર્વે એજ નિર્દેશપૂર્વક બ્રાહ્મણ, વેદ તથા યજ્ઞાદિક સૃજાયા છે. ૨૩

તે માટે બ્રહ્મવેત્તાઓએ શાસ્ત્રોદ્વારા વિધાન કરેલી યજ્ઞ, દાન અને તપ ઇત્યાદિ ક્રિયાઓ સદા 'ૐ' એવું પરમાત્માનું નામ ઉચ્ચારીનેજ આરંભાય છે. ૨૪

કર્મફળ નહિ ઇચ્છનારા મોક્ષેચ્છુઓ દ્વારા પણ 'તત્' એવા નામોચ્ચારપૂર્વક યજ્ઞ અને તપરૂપી ક્રિયાઓ તથા દાનાદિકની વિવિધ ક્રિયાઓ કરાય છે. ૨૫

સદ્‌ભાવ (સત્યતાનો ભાવ) તથા સાધુ-ભાવ (શ્રેષ્ઠતાનો ભાવ) દર્શાવવા માટે 'સત' એવા પરમાત્માના નામનો પ્રયોગ કરાય છે; તથા હે પાર્થ ! ઉત્તમ કર્મમાં પણ 'સત્' શબ્દ યોજાય છે. ૨૬

તથા યજ્ઞમાં, તપમાં અને દાનમાં સ્થિતિ થવી=સ્થિત થવું તે પણ 'સત્' એમ કહેવાય છે અને તે યજ્ઞાદિને માટે અથવા જે પરમાત્માની પ્રીતિ અર્થે જે કર્મ કરાય તે પણ 'સત્' એમ કહેવાય છે. ૨૭

શ્રદ્ધાવિના હોમાયલો હવન, અપાયલું દાન, તપાયલું તપ તથા જે કાંઇ કર્મ કરાયું હોય તે સર્વ 'અસત્' એમ કહેવાય છે. કેમકે હે પાર્થ! નથી તે આ લોકમાં લાભકારી થતું કે નથી દેહ મુવા પછી સુખકારી થતું.

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રદ્ધાત્રયવિભાગ-યોગો નામ સપ્તદશોઽધ્યાયઃ ॥૭॥

અધ્યાય ૧૮મો-મોક્ષસંન્યાસયોગ

(અત્યાર સુધીના સર્વ અધ્યાયો દ્વારા જે જ્ઞાન ઉપદેશાયું છે તેનો એટલે કે સમસ્ત ગીતા-શાસ્ત્રનો આશય અને વેદોનું સંપૂર્ણ તાત્પર્ય હવે આ અધ્યાયમાં કહે છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજે તો આ ગીતા ગ્રંથને શ્રીકૃષ્ણ ભગવાનના રત્ન-ખચિત દેવાલયની અને તેના સારાંશરૂપ આ અધ્યાયને ગીતામંદિર ઉપર ચઢાવેલા ચિંતામણિ-ના પ્રકટ કળશની ઉપમા આપી છે.)

અર્જુન કહે છે:–

संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥१॥

હે મહાબાહો ! હે હૃષીકેશ ! હું સંન્યાસનું તત્ત્વ તથા હે કેશિનિષૂદન ! ત્યાગનું તત્ત્વ જુદું જુદું સમજવા ઇચ્છું છું. ૧

શ્રીભગવાન કહે છે:–

બુદ્ધિમાન પંડિતો કામ્ય કર્મોના ત્યાગને સંન્યાસ જાણે છે; અને વિચક્ષણ

વિદ્વાનો સર્વ કર્મોના ફળના ત્યાગને ત્યાગ=સંન્યાસ કહે છે. ૨

સાંખ્યાદિ મતના વિદ્વાન એમ કહે છે કે, બધાં કર્મ દોષવાળાં હોવાથી (રાગદ્વેષાદિ) દોષોની પેઠે તજી દેવા યોગ્ય છે; અને બીજા વિદ્વાન એમ કહે છે કે યજ્ઞ,દાન અને તપરૂપ કર્મ ત્યજવા યોગ્ય નથી.૩

હે ભરતોત્તમ! તે ત્યાગના વિષયમાં મારો નિશ્ચય સાંભળ. હે પુરુષવ્યાઘ્ર! ત્યાગ પણ ત્રણ પ્રકારનો રૂડી રીતે કહેલો છે. ૪

યજ્ઞ, દાન અને તપરૂપી કર્મો ત્યાજ્ય નહિ પણ કર્તવ્યરૂપજ છે. કેમકે વિદ્વાનોને પણ યજ્ઞ, દાન અને તપ, એ ત્રણે વિશુદ્ધ કરનારાં છે. ૫

પરંતુ હે પાર્થ! એ (કર્તવ્યરૂપ) કર્મો પણ મનુષ્યોએ ફલેચ્છા તથા આસક્તિ ત્યજીને કરવાં જોઈએ; એવો મારો નિશ્ચિત કરેલો ઉત્તમ મત છે.૬

નિયત*કર્મનો ત્યાગ યોગ્ય નથી; છતાં મોહથી તેનો ત્યાગ કરવો એ તામસ ત્યાગ કહેલો છે.૭

જે કાંઈ કર્મ કરાય તે દુઃખરૂપજ છે; એમ સમજીને શરીરક્લેશના ભયથી તેને ત્યજે છે; તે એવો રાજસ ત્યાગ કરીને ત્યાગનું ફળ=મોક્ષ નથીજ પામતો. ૮

હે અર્જુન! 'કર્તવ્ય છે' એમજ સમજીને તથા આસક્તિ અને ફળેચ્છા ત્યજીને જે નિયત કર્મ કરાય છે; તેનેજ સાત્ત્વિક ત્યાગ માન્યો છે.૯

જે અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો અને કુશળ કર્મમાં આસક્ત નથી થતો; તેજ સત્ત્વગુણવાળો અને સંશયરહિત જ્ઞાનવાળો તથા ઉત્તમ ત્યાગી છે.૧૦

---

* 'નિયતકર્મ'નો અર્થ પ્રકૃતિ અથવા ગુણ-સ્વભાવને અનુસરતાં કર્મ–શાસ્ત્રવિહિત કર્મ–સ્વધર્મપાલનરૂપ કર્મ–પોતાનાં કર્તવ્ય કર્મ, એવો છે.

કેમકે દેહધારી(કોઇ પણ માનવી)થી સઘળાં કર્મો ત્યજાવાં શકયજ નથી; માટે જે કર્મફળને ત્યજનારો છે તેજ ત્યાગી છે; એમ કહેવાય છે. ૧૧

કર્મફળ નહિ ત્યજનારા અત્યાગીઓને તો કર્મનું ઇષ્ટ અનિષ્ટ અને મિશ્ર, એમ ત્રણે પ્રકારનું ફળ(યોગ્ય સમયે પાકી પ્રારબ્ધરૂપે અહીં મળે તે અગાઉ દેહ છૂટે તો) મુવા પછી (પરલોકમાં કિંવા પુનર્જન્મમાં) પ્રાપ્ત થાય છે; અને (ફળેચ્છારહિત) સંન્યાસી=ત્યાગી જનોને તો તે કદી પણ નથી મળતું.

હવે હે મહાબાહો! સર્વ કર્મોની સિદ્ધિ-માટે સાંખ્યશાસ્ત્રના સિદ્ધાંતમાં આ પાંચ કારણ કહેવાયલાં છે; તે મારાથી જાણી લે.૧૩

એમાં અધિષ્ઠાન=આધાર, કર્તા=જીવ, ઇંદ્રિયાદિ જુદાં જુદાં સાધન, વિવિધ પ્રકાર-ની જુદી જુદી ક્રિયાઓ તેમજ પાંચમું દૈવ પણ કહેલું છે. ૧૪

મન વાણી ને શરીર વડે મનુષ્ય જે કાંઇ ન્યાયવાળું અથવા વિપરીત કર્મ આરંભે છે; તેનાં આ પાંચે કારણ છે; એવું છતાં પણ જે અશુદ્ધ બુદ્ધિને લીધે તેમાંથી કેવળ પોતાનેજ કર્તા જુએ છે, તે મલિન બુદ્ધિવાળો મનુષ્ય ખરૂં નથી જોતો. ૧૫,૧૬

જેને 'હું કર્તા' એવી ભાવના નથી અને જેની બુદ્ધિ લૌકિક પદાર્થોમાં લેપાતી નથી; તે આ બધા લોકોને હણી નાખે તો પણ નથી હણતો કે નથી પાપમાં બંધાતો.

જ્ઞાન=જાણવું, જ્ઞેય=જાણવાની વસ્તુ અને જ્ઞાતા=જાણનારો, એ ત્રણ વસ્તુ કર્મમાં પ્રેરનારી છે; અને સાધન, ક્રિયા તથા કર્તા, એ ત્રણ કર્મ કરવાનાં સાધન છે. (કેમકે એ ત્રણ હોય તોજ કર્મ બને છે.)૧૮

ત્રણે ગુણોની અને તેના પેટાભાગોની સંખ્યા સમજાવનારા એવા સાંખ્યશાસ્ત્રમાં જ્ઞાન, કર્મ તથા કર્તાને ગુણોના ભેદથી ત્રણ

ત્રણ પ્રકારનાં કહેલાં છે; માટે તે પણ યથા-વત્ સાંભળ. ૧૯

જે જ્ઞાનવડે મનુષ્ય જુદાં જુદાં સર્વ ભૂતોમાં એક અખંડ=વિભાગરહિત અવિ-નાશી પરમાત્માને જુએ છે; તે જ્ઞાનને સાત્ત્વિક જાણ. ૨૦

અને જે જ્ઞાન સર્વ ભૂતોમાં જુદા જુદા પ્રકારના અનેક ભાવોને જુદા જુદા રહેલા જુએ છે; તે જ્ઞાનને રાજસ જાણ. ૨૧

જે જ્ઞાન માત્ર કોઇ (એક પ્રતિમા, મંદિર, શરીર, સંપ્રદાય કિંવા મતપંથ ઇત્યાદિ) એક-જ કાર્યમાં બધોય ઇશ્વર સમાઈ રહ્યો હોય (અને એ વિના બીજે કયાંય હોયજ નહિ) તેની પેઠે આસકત રહે છે; એવું જે કારણ અથવા યુકિતરહિત અને તત્ત્વાર્થરહિત અલ્પ=તુચ્છ જ્ઞાન, તેને તામસ જ્ઞાન કહેલું છે. ૨૨

જે પ્રકૃતિનિયત અને શાસ્ત્રનિયત કર્મ આસકિતરહિત તથા ફળેચ્છારહિત મનુષ્ય-

દ્વારા રાગદ્વેષવિના કરાયું હોય; તે સાત્ત્વિક કહેવાય છે. ૨૩

જે કર્મ ફળેચ્છાવાળાથી, અહંકારવાળા મનુષ્યથી કે બહુ પરિશ્રમથી કરાય, તેને રાજસ કહેલું છે. ૨૪

જે કર્મ પરિણામ, હાનિ, હિંસા અને સામર્થ્યનો વિચાર નહિ કરતાં માત્ર મોહથી જ આરંભાય છે તે તામસ કહેવાય છે. ૨૫

જે કર્તા આસક્તિરહિત, અહંતા-મમતાવિનાનો, ધીરજ અને ઉત્સાહવાળો તથા સિદ્ધિઅસિદ્ધિમાં હર્ષશોકવિનાનો છે; તે કર્તા સાત્ત્વિક કહેવાય છે. ૨૬

વિષયાસક્ત, કર્મફળને ઈચ્છનારો, લોભી, ઘાતકી, અપવિત્ર આચરણવાળો તથા (સિદ્ધિઅસિદ્ધિમાં) હર્ષશોકવાળો કર્તા રજોગુણી કહેવાય છે. ૨૭

જે કર્તા અશાન્ત, સંસ્કારહીન, અનમ્ર=ઘમંડી, ધૂર્ત=કપટી, બીજાની આજીવિકા

ટાળનારો, આળસુ, ખેદ કર્યા કરનારો કિંવા લાંબી લાંબી વાતો કે વિચારોમાંજ રહીને કર્તવ્યમાં બહુ ઢીલ કર્યા કરનારો હોય તે તામસી કહેવાય છે. ૨૮

હે ધનંજય ! ગુણોને લીધે બુદ્ધિના અને ધારણા અથવા ધીરજના પણ ત્રિવિધ ભેદ વિભાગપૂર્વક કહ્યા છે તે સર્વ સાંભળ. ૨૯

હે પાર્થ! પ્રવૃત્તિમાર્ગ ને નિવૃત્તિમાર્ગ, કર્તવ્ય ને અકર્તવ્ય, ભય ને અભય તથા બંધ અને મોક્ષને જે બુદ્ધિ યથાવત્ જાણે છે; તે સાત્ત્વિકી છે. ૩૦

જે બુદ્ધિ વડે મનુષ્ય ધર્મ અને અધર્મ-ને તથા કર્તવ્ય અને અકર્તવ્યને પણ યથાવત્ જાણતો નથી તે બુદ્ધિ હે પાર્થ ! રાજસી છે. ૩૧

અને હે પાર્થ! જે તમોગુણથી ઢંકાયલી બુદ્ધિ અધર્મને ધર્મ માને છે તથા બધા અર્થોને હોય તેથી વિપરીત માને છે; તે બુદ્ધિ

તામસી છે. ૩૨

હે પાર્થ! (આ મનુષ્યદેહ મેળવીને જાણવા તથા પામવા યોગ્ય તો એક માત્ર સર્વ ઐશ્વર્ય અને શકિતસંપન્ન તથા પરમ ઉદાર પરમાત્મા અને તેની પ્રાપ્તિના ઉપાયો-જ છે; એવી) જે અવ્યભિચારિણી ધારણાવડે મન પ્રાણ અને ઇંદ્રિયોની ક્રિયાઓને અનન્ય ધ્યાનયોગ વડે ધારણ કરાય છે (અર્થાત્ અન્ય વિષયક વૃત્તિઓ, ક્રિયાઓ અને સાધનાઓને પોતાની ઇષ્ટ ધારણાને અનુ-સરતી બનાવાય છે) તે ધારણા અથવા ધીરજ સાત્ત્વિકી છે. ૩૩

અને હે પૃથાપુત્ર અર્જુન ! ફળાકાંક્ષા-વાળો મનુષ્ય (રૂઢિ, વ્યાધિ, હાનિ, વય, આ-સકિત ઇત્યાદિ) પ્રસંગોને લીધે ધર્મપાલન-માં, અર્થમાં (એટલે ધનધામ સ્ત્રીપુત્ર ઇત્યાદિ લૌકિક પદાર્થો મેળવવા, જાળવવા તથા નષ્ટ થવામાં) અને કામમાં (એટલે ભોગો ભોગ-

વવામાં) જે ધીરજ ધારણ કરે છે; તે ધારણા અથવા ધીરજ હે પાર્થ! રાજસી છે.૩૪

અને હે પાર્થ! દુર્બુદ્ધિવાળો મનુષ્ય જે ધારણા અથવા ધીરજ વડે ઉંઘ, ભય, શોક, ખેદ તેમજ મદને પણ છોડતો નથી; તે ધીરજ તામસી છે.૩૫

હવે હે ભરતશ્રેષ્ઠ! સુખ પણ ત્રણ પ્રકારનાં મારાથી સાંભળ. જે સુખમાં મનુષ્ય અભ્યાસયોગ દ્વારા (ધ્યાનયોગ અને અધ્યાત્મયોગમાં) રમણ કરે છે અને સર્વ દુઃખોના અંતને પામે છે; તેવું પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદવડે ઉપજતું સુખ, સાધનના આરંભમાં વિષ જેવું ભાસે તોપણ પરિણામે અમૃત જેવું હોય છે; અને તેથી તે સુખને સાત્વિક કહેલું છે. ૩૬,૩૭

જે સુખ વિષયો અને ઇંદ્રિયોના સંયોગથી ઉપજે છે; તે પ્રથમ અમૃત જેવું ભાસે તોપણ પરિણામે વિષ જેવું હોવાથી તે

સુખને રાજસ કહેલું છે. ૩૮

જે સુખ પ્રથમ તેમજ છેવટે પણ મનુષ્યને મોહકારક થતું હોય; તેવા નિદ્રા, આળસ અને મદથી ઉપજતા સુખને તામસી કહેલું છે. ૩૯

ટુંકમાં આ પૃથ્વીમાં, આકાશમાં કિંવા દેવલોકમાં એવું કોઇ પણ પ્રાણી કે પદાર્થ નથી, કે જે આ પ્રકૃતિજન્ય ત્રણ ગુણોથી મુક્ત હોય. ૪૦

હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોનાં કર્મ સ્વભાવથી ઉપજેલા ગુણોને લીધે જુદાં જુદાં છે. ૪૧

શમ=મનોનિગ્રહ, દમ=ઇંદ્રિયનિગ્રહ, તપ, પવિત્રતા, ક્ષમા, સરલતા, શાસ્ત્રજ્ઞાન, અનુભવસિદ્ધ જ્ઞાન અને આસ્તિકતા; એ બ્રાહ્મણનાં સ્વભાવજન્ય કર્મ છે. ૪૨

શૌર્ય, તેજસ્વિતા, ધૈર્ય=ધારણાશક્તિ, ચાતુર્ય, યુદ્ધમાંથી ન ભાગવું, દાતાપણું અને

ઈશ્વરભાવ,* એ ક્ષત્રિયનાં સ્વભાવજન્ય=સ્વાભાવિક કર્મ છે.૪૩

ખેતી, પશુપાલન અને વાણિજ્ય એ વૈશ્યનાં સ્વભાવજન્ય કર્મ છે; તથા સેવા-ચાકરીનાં કર્મ શૂદ્રને માટે પણ સ્વાભાવિક છે.

પોતપોતાનાં સ્વાભાવિક કર્મોમાં મચ્યો રહેનારો મનુષ્ય પરમ સિદ્ધિને પામે છે; પણ (તે અગાઉ) એ સ્વકર્મનિરત મનુષ્ય (અતિ આવશ્યક એવી ચિત્તવિશુદ્ધિ અને ધ્યાનનિષ્ઠાને–અર્થાત્ એ બંને યોગ્યતાને અથવા) સાધનરૂપી સિદ્ધિને પ્રથમ જેવી રીતે પામે છે તે સાંભળ. ૪૫

જે (પરમાત્માની સત્તાસ્ફૂર્તિ)થી સર્વ ભૂતોની ઉત્પત્તિ અને પ્રવૃત્તિ થાય છે તથા જેનાથી આ સમગ્ર જગત વ્યાપ્ત છે; તે પર-માત્માને પોતાનાં સ્વાભાવિક કર્મવડે પૂજીને-

* આશ્રિતો ઇત્યાદિનું પ્રેમથી અને નિઃસ્વાર્થ-ભાવે રક્ષણ, પાલન અને હિત કરવાનો સ્વભાવ.

જ મનુષ્ય એ (ચિત્તવિશુદ્ધિ અને ધ્યાન-નિષ્ઠારૂપી અતિ આવશ્યક) સિદ્ધિને પામે છે.

માટે (બીજાએ તેના શ્રેષ્ઠ ગુણસ્વભાવ-ને લીધે વિશેષ ગુણવાળો ધર્મ ભલે પાળ્યો હોય; પણ પોતાને માટે તો તે ધર્મ પોતાના બીજા પ્રકારના ગુણસ્વભાવને લીધે પરધર્મ-રૂપજ હોય છે; તેથી એવા) બીજાએ સારી રીતે આચરેલા પરધર્મ કરતાં સ્વધર્મ ઓછા ગુણવાળો હોય તોપણ તેનેજ આચરવો શ્રેષ્ઠ છે. કેમકે સ્વભાવનિયત સ્વધર્મરૂપ કર્મને કરનારો મનુષ્ય (સહજે કરી શકે છે તથા) પાપને પામતો નથી. ૪૭

માટે હે કૌંતેય! (ઉત્તમ ગુણસ્વભાવ-વાળા બીજા માણસના સ્વાભાવિક કર્મ કરતાં) પોતાનું સ્વભાવજન્ય સહજ કર્મ દોષવાળું લાગે તોપણ ત્યજવું નહિ. કેમકે પોતાનાજ ધૂમાડાવડે ઢંકાયલા અગ્નિની પેઠે બધાંય કર્મ દોષથી ઢંકાયેલાં હોય છે. ૪૮

અને મનુષ્ય (એ પ્રકારે સ્વધર્મરૂપ કર્મને આચરતો થકો જ્યારે) સર્વત્ર અનાસક્ત બુદ્ધિવાળો, મન તથા ઇંદ્રિયોને જીતનારો અને સ્પૃહારહિત થાય છે; ત્યારેજ તે કર્મત્યાગરૂપી સંન્યાસે કરીને (અર્થાત્ બાહ્યક્રિયાની મુખ્યતાવાળાં નિષ્કામ કર્મો ત્યજી દઇને) તેનાથી પરમોત્તમ એવી નૈષ્કર્મ્ય સિદ્ધિને (અર્થાત્ ચિત્તવિશુદ્ધિ અને ધ્યાનયોગાદિ આન્તરિક સાધના સાધવાની ઉત્તમ યોગ્યતાને) પ્રાપ્ત થાય છે. ૪૯

હે કૌંતેય! એવો (સ્વધર્મરૂપ કર્મોવડે પ્રભુને નિષ્કામ ભાવે પૂજીને ધ્યાનયોગની યોગ્યતારૂપી ઉત્તમ) સિદ્ધિને પામેલો મનુષ્ય જે પ્રકારે ધ્યાનયોગ સાધીને પરમ લક્ષ્યરૂપ પરબ્રહ્મ પરમાત્માને પામે છે; તે પણ હવે મારાથી ટુંકામાં સાંભળ. ૫૦

એવો વિશુદ્ધ (અર્થાત્ અનાસક્ત બુદ્ધિવાળો) મુમુક્ષુ, સાત્ત્વિક ધારણારૂપી

ધીરજથી અંતઃકરણને વશ કરીને, શબ્દાદિ વિષયોને ત્યજીને તથા (વિષયો ઉપરના) રાગદ્વેષને પણ ફેંકી દઇને (૫૧) જ્યારે શુદ્ધ એકાંત સ્થળને સેવનારો, થોડો અને હલકો આહાર કરનારો, મન વાણી કાયાને જીતનારો, નિત્ય ધ્યાનયોગપરાયણ રહેનારો (અર્થાત્ સદાય પરમાત્માના ધ્યાનચિંતનમાં ચિત્તને જોડી એકાગ્ર કરનારો) અને વૈરાગ્યનો દૃઢ રીતે આશ્રય કરનારો થાય છે; (૫૨) તથા જ્યારે અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને સંગ્રહ–પરિગ્રહને મૂકી દઇને સર્વત્ર મમતાવિનાનો અને સર્વ પ્રકારે શાંત–ઉપરામ અંતઃકરણવાળો થાય છે; ત્યારેજ તે બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય થાય છે. ૫૩

અને એવો બ્રહ્મભૂત (થવા ઇચ્છનારો) સાધક જ્યારે પ્રસન્ન ચિત્તવાળો બનીને નથી કશાનો શોક કરતો કે નથી ઇચ્છા કરતો; તથા (પોતાની પેઠેજ બીજાઓને સુખદુઃખ

થતાં હશે એવી) સર્વ ભૂતોમાં સમદૃષ્ટિવાળો થાય છે; ત્યારેજ તે મારી પરાભક્તિ લાભે છે.

અને એ પરાભકિતવડેજ હું જેવો (સગુણ ઈશ્વરરૂપે તથા નિર્ગુણ પરબ્રહ્મરૂપે અતુલ્ય પ્રભાવવાળો તથા અપાર મહત્તા-વાળો) છું તથા જે કાંઈ છું; તેવો મને તે તત્ત્વથી રૂડા પ્રકારે જાણે છે; અને એ ભક્તિ-થી મને એમ તત્ત્વથી જાણીને વિનાવિલંબે તે મારામાં પ્રવેશે છે. ૫૫

અને (સર્વસ્વ મને સમર્પીને) સવ-ભાવે મારા આશ્રયે રહેનારો મનુષ્ય સદાકાળ (એટલે કે દેહાન્ત સુધી) સર્વ કર્મો કરતો રહે તોપણ તે મારા કૃપાપ્રસાદ વડે ઉપરોક્ત સનાતન અવિનાશી પદને અર્થાત્ પરમ સિદ્ધિને પામે છે.૫૬

માટે તું ચિત્તવડે સર્વ કર્મો મને સમ-ર્પણ કરતો રહી મારે પરાયણ થઇને (એટલે કે મને પરમાત્માનેજ સર્વશ્રેષ્ઠ પરમગતિ=

પરમ પ્રાપ્તવ્ય સમજનારો થઇને) તથા સમત્વબુદ્ધિરૂપ નિષ્કામ કર્મયોગનું અવલંબન કરીને સદા મારામાંજ ચિત્ત રાખનારો થા.

એ પ્રમાણે મારામાં ચિત્તવાળો થવાથી મારી કૃપાવડે સર્વ દુર્ગોને (અર્થાત્ વિઘ્નોને= અંતરાયોને) તરી જઈશ; અને જો તું અહંકારથી મારૂં કહેવું નહિ સાંભળે તો વિનાશ પામીશ. ૫૮

અહંકારનો આશ્રય લઇને તું જે એમ માને છે કે, 'હું યુદ્ધ નહિ કરૂં' પણ તારો એ નિશ્ચય મિથ્યા છે. કેમકે તારી ક્ષાત્ર પ્રકૃતિ તને યુદ્ધમાં જોડી દેશે.૫૯

કેમકે હે કૌંતેય! (સર્વની પેઠે તું પણ આગળ કહ્યાં તેવાં) પોતાના ગુણસ્વભાવજન્ય શૂરવીરતા ઇત્યાદિ કર્મોથી દૃઢ બંધાયેલો= ટેવાયલો હોવાથી મોહને લીધે અત્યારે જે કાર્ય કરવા ઇચ્છતો નથી; તે કાર્ય પ્રકૃતિવશ થઈને પણ કરીશ. ૬૦

માટે હે અર્જુન ! શરીરરૂપી યંત્રમાં આરૂઢ એવાં સર્વ પ્રાણીઓને જે અંતર્યામી ઈશ્વર પોતાની માયાવડે યંત્રપર બેસાડેલાં પૂતળાંની પેઠે (તેમનાં કર્માનુસાર) ભ્રમણ કરાવતો થકો સર્વ ભૂતોના હ્રદયમાં સ્થિત રહેલો છે; તેનેજ શરણે સર્વભાવથી જા. કેમકે હે ભારત ! તેનીજ કૃપાથી તું મોક્ષ-રૂપી પરમ શાન્તિ તથા સનાતન ધામને પ્રાપ્ત થઈ શકીશ. ૬૧, ૬૨

આ પ્રકારે આ ગુપ્તથી પણ અતિગુપ્ત એવું અધ્યાત્મજ્ઞાન મેં તને કહ્યું છે. માટે આ જ્ઞાનનો પૂરેપુરો વિચાર કરીને પછી જેમ ઈચ્છે તેમ કર. ૬૩

વળી ફરી પણ સર્વ ગુહ્યોમાં ગુહ્ય મારૂં પરમ રહસ્યવાળું (અને સારભૂત) વચન સાંભળ. તું મને અત્યંત પ્રિય છે તેથી તારૂં હિત (જેમાં છે તેજ વાત) કહું છું કે (૬૪) તું "મારામાંજ મનવાળો અને

મનેજ ભજનારો—પૂજનારો એવો મારોજ ભક્ત થા તથા મનેજ નમસ્કાર કર એટલે તું મનેજ પ્રાપ્ત થઇશ.” આ સત્ય પ્રતિજ્ઞા તારે સારૂ (એટલા માટે) કરૂં છું કે, તું મારો પ્રિય સખા છે. ૬૫

માટે બીજાં બધાં પરધર્મરૂપ કર્મો-(કરવાના વિચાર)નો પરિત્યાગ કરીને એક મારે પરમાત્માનેજ શરણે થા. (અર્થાત્ અત્યારે તો તને જે યોગબુદ્ધિથી ધર્મયુદ્ધ કરવાનું કહું છું તેજ કર અને તેથી થનારાં) સર્વ પાપોથી હું તને મુક્ત કરી દઈશ; માટે શોક ન કર. ૬૬

તને (તારી યોગ્યતાને લીધે તારા હિત માટે) કહેલું આ પરમ રહસ્ય તારે કદી પણ અતપસ્વીને, અભક્તને, સેવારહિતને (કિંવા સાંભળવાની ઈચ્છાવિનાનાને) તથા મારો દ્વેષ કરનારા મનુષ્યને કહેવા યોગ્ય નથી. ૬૭

આ પરમ ગુહ્ય જ્ઞાન જે કોઇ મારા

ભક્તોમાં (નિષ્કામભાવે) સ્થાપિત કરશે; તે નિઃસંશય મારી પરાભક્તિ કરીને મનેજ પ્રાપ્ત થશે. કેમકે સર્વ મનુષ્યોમાં તેના કરતાં મારૂં વધારે પ્રિય કાર્ય કરવાવાળો કોઇ નથી; તેમ આ પૃથ્વીમાં મને તેના જેટલો પ્રિયતર પણ બીજો થનાર નથી. ૬૮, ૬૯

આપણા આ ધર્મમય સંવાદરૂપી ગીતાશાસ્ત્રનું જે કોઇ ખરા મનથી અધ્યયન કરશે, તેનાથી હું જ્ઞાનયજ્ઞવડે પૂજાઇશ, એવી મારી મતિ છે. ૭૦

જે શ્રદ્ધાવાન તથા દોષદૃષ્ટિવિનાનો મનુષ્ય આ ગીતાશાસ્ત્રનું ઉંડી જિજ્ઞાસાથી શ્રવણ કરશે તે પણ (ઉન્નતિની શુભેચ્છા અને પ્રયત્નવાળો અવશ્ય થશે અને તેથી) પાપોથી મુક્ત થઇને પુણ્યકર્મ કરનારાઓના શુભ લોકોને પ્રાપ્ત થશે. ૭૧

હે પાર્થ! શું તેં આ મારૂં કથન એકાગ્રચિત્તે સાંભળ્યું? અને હે ધનંજય!

શું તારો અજ્ઞાનજન્ય મોહ સર્વથા નાશ પામ્યો ? ૭૨

અર્જુન કહે છેઃ–

હે અચ્યુત ! આપના કૃપાપ્રસાદથી મારો સર્વ મોહ નષ્ટ થયો છે; મને (સ્વધર્મકર્મની, ગુણસ્વભાવની, કાર્યઅકાર્યની, પ્રવૃત્તિ નિવૃત્તિની, યોગબુદ્ધિની તથા પરમ પ્રાપ્તવ્ય ઇત્યાદિની સર્વ) સ્મૃતિ પ્રાપ્ત થઇ છે અને તેથી હુ સંદેહરહિત તથા સુસ્થિર થયો છું અને હવે આપના વચન પ્રમાણે કરીશ. ૭૩

સંજય કહે છેઃ–હે ધૃતરાષ્ટ્ર ! એ પ્રમાણે મેં ભગવાન વાસુદેવ અને મહાત્મા અર્જુનનો આ અદ્‌ભુત રહસ્યવાળો તથા રૂવાં ઉભાં કરે એવો સંવાદ સાંભળ્યો. ૭૪

ભગવાન વ્યાસના કૃપાપ્રસાદથી દિવ્ય દૃષ્ટિ પામીને મેં આ પરમ ગુહ્ય યોગરહસ્ય વિષેનો સંવાદ સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનના પોતાના મુખથી કહેવાતો સાંભળ્યો છે.

હે ધૃતરાષ્ટ્ર રાજન્! કેશવ અને અર્જુનના આ અદ્‌ભુત અને પવિત્ર કરનારા સંવાદને સંભારી સંભારીને હું તો વારંવાર હર્ષ પામું છું. ૭૬

અને હે રાજન્! શ્રીહરિના તે અતિ અદ્‌ભુત વિશ્વરૂપને પણ સંભારી સંભારીને મને મહાન આશ્ચર્ય થાય છે; તથા વારંવાર આનંદ પામું છું. ૭૭

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે; ત્યાંજ લક્ષ્મી, વિજય, વિભૂતિ અને અચળ નીતિ છે; એવો મારો મત છે. ૭૮

હરિઃ ૐતત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે મોક્ષસંન્યાસયોગો નામ અષ્ટાદશોઽધ્યાયઃ ।।

श्रीमद् भगवद्गीता समाप्त

ગામઠી ગીતા

ધરતયડો કે છે:-

ધરમ છેતરમાં ને કુરુ છેતરમાં,
એ ધડીકમાં બાઝી મરે-
હંજયડા ધડીકમાં બાઝી મરે;
(એવાં) મારાં છૈયાં ને મારા ભાઇનાં સોકરાં (૨)
ભેળાં થઇને હું કરે-
હંજયડા ભેળાં થઇને હું કરે ?—૧

અરજણિયો કે છે:-

ન્હાંનાંએ મારવાં ને મ્હોટાંએ મારવાં,
ને મારવાનો નાં મળે આરો-
કરહણીયા મારવાનો નાં મળે આરો;
એવું તે રાજ કેદીક નારે કર્યું તો (૨)
ચીયો ગીગો રહી જ્યો કુંવારો ?
કરહણિયા હું તો નથી લડવાનો.—૨

કરહણિયો કે છે:-

અજરાંમર છે અલ્યા મનખાંનો આત્યમો,
ને માર્યો નાં કોથી મરાય,-
અરજણિયા માર્યો નાં કોથી મરાય;
એવું હમજીને અલ્યા દીધે તું રાછ્યને (૨)
તારા બાપાનું હું જાય,-

અરજણિયા મેલ્યને મુરખાવેડા.—૩
મલક બધો તારી કરવાનો ઠેકડી,
ને હું તો કહી કહીને થાચ્યો,-
અરજણિયા હું તો કહી કહીને થાચ્યો;
આ ખતરીના કુરમેં ચ્યાંથી તુ આવો (૨)
ઉંધા તે પાંનીયાનો પાચ્યો,-
અરજણીયા મેલ્યને મુરખાવેડા.—૪
અલ્યા જુધમાં જીતેશ તો રાજ કરેશ ને,
મરેશ તો જાશ ઓલ્યા હરગે,-
અરજણીયા મરેશ તો જાશ ઓલ્યા હરગે;
અલ્યા તારો તે દી જો ઘેરજ હોય તો (૨)
આવો તે લાગ શીદ ચૂકે ?
અરજણિયા મેલ્યને મુખરખાવેડા.—૫
મોટા મોટા મ્હાત્યમા ને મોટા પુરસ,
જીણે વાસનાંમાં મેલ્યો પૂળો,-
અરજણિયા વાસનામાં મેલ્યો પૂળો;
અલ્યા એવા એ જગત હાટુ કરમ ઢહઇડે (૨)
પછે તુ તે ચેઈ વાડીનો મૂળો,-
અરજણિયા મેલ્યને મુરખાવેડા.—૬
કરમની વાત બધી આપડા હાથમાં,
ને ફળની નહિ એક કણી,-
અરજણિયા ફળની નહિ એક કણી;

ઈમ ના હોય તો બધાય થઈ બેહે (૨)
બોલ્યા દલ્લી તે શહેરના ધણી,-
અરજણિયા મેલ્યને મુરખાવેડા.—૭
(માટે) ઉંધું ધાલીને જા કરમ ઢહડ્યને,
ફળની કર્ય માં ફકર,-
અરજણિયા ફળની કર્ય માં ફકર;
ફળનો દેનારો બોલ્યો બેઠો પરભૂડીયો (૨)
તે તારા નથી બાપનો નોકર,-
અરજણિયા મેલ્યને મુરખાવેડા.—૮

અરજાંણ્યો કે છે:-

ભરમ ભાજ્યો ને મારો સાંસ્યો ટર્યો છે,
ને ગન્યાંન લાધ્યુ મને હાચુ,-
કરહણિયા ગન્યાંન લાધ્યુ મને હાચુ;
તું મારો મદારી ને હું તારો માંકડો (૨)
નચાવે ત્યમ હું નાચુ,-
કરહણિયા હું તો હવે લડવાનો.—૯

હંજયડો કે છે:-

જોગી કરહણિયો ને ભડ અરજણિયો,
ઈ બે જયાં થાયે ભેળા,-
ધરતયડા ઇ બે જયાં થાયે ભેળા;
મારૂ દલડુ તો ઇમ શાખ્ય પૂરે છે (૨)
તિયાં દહાડી ઉડે ઝી ચેળાં;
ધરતયડા દહાડી ઉડે ઝી ચેળાં.—૧૦

ગીતાજીનાં ગુણગાન

(ખાસ અભ્યાસીઓના વિચાર, સારાંશરૂપે)

ભાઇ પરમાનંદજી—જો આર્યોની સભ્યતાના—અર્થાત્ જ્ઞાનચારિત્રના મહાસાગરને એકાદ ગાગરમાં સમાયલો જોવો હોય તો તે ગીતામાં જણાશે. કદાચ આર્યજાતિનાં બીજાં બધાં શાસ્ત્રો નાશ પામી માત્ર ગીતા રહી હોત તોપણ તેના ગૌરવની સ્મૃતિ સંસારમાં ચાલુ રહેત. કેમકે એમાં આર્ય સભ્યતા એટલી બધી સુરક્ષિત છે કે **ગીતાનો પ્રચાર થવો અથવા નાશ થવો એ આર્ય ધર્મની વૃદ્ધિ અથવા નાશ થવા બરાબર છે.**

ગીતાજી જેવું અદ્વિતીય પુસ્તક કાંઇ અકસ્માત્ પેદા થતું નથી. એના પહેલાં તો ઘણા કાળની જ્ઞાનોન્નતિ આવશ્યક છે. જયાં ઉપનિષદો અને દર્શનશાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન હયાત ન હોય ત્યાં 'ગીતા' જેવો ગ્રંથ રચી શકાયજ નહિ. **માત્ર એક મહાભારતમાંજ** ગીતાને વિસ્તા**રથી સમજાવનારાં દૃષ્ટાંત મળી શકે છે.** નાહી ધોઇ પવિત્ર થઇને પાઠ કરનારજ ગીતાના સ્વર્ગીય ગાનનું મહત્ત્વ કંઇક સમજી શકે; પંડિતો-

નાં પ્રવચનોમાંજ તેનું આંતર્બાહ્ય સૌંદર્ય કંઇક જોઇ શકે; સુયોગ્ય ગુરુચરણોમાં બેસીનેજ "**समोऽहं सर्व भूतेषु**"નો કંઇક અનુભવ કરી શકે; પણ આ મોહટાળક મંત્રનું પૂરૂં રહસ્ય તો તેજ ભવ્યાત્મા સમજી શકે કે જે દુર્યોધન અને દુ:શાસનના અત્યાચારોનો નાશ કરવાનો અડગ નિશ્ચય કરી યુદ્ધભૂમિમાં તત્પર થઇને ઉભો હોય.

ગીતાજ એક એવું ધર્મપુસ્તક છે, કે જે આર્ય ધર્મના પ્રચારમાં ખાસ ઉપયોગી થઈ શકે. કેમકે એક આખી હિંદુ જાતિ તેને પોતાના ધર્મપુસ્તકતરીકે માને છે; અને ઋષિમુનિઓ તથા દાર્શનિકો પણ માને છે કે તેમાં વૈદિક **જ્ઞાનનો** સારાંશ સમાયલો છે. માટે એનેજ **આર્ય ધર્મનું પ્રમાણભૂત પુસ્તક** કહેવું એ સર્વથા ઉચિત છે.

મહાત્મા બંકિમબાબુ:—ગીતમાં જ્ઞાન કર્મ અને ભક્તિ, ત્રણેને એવો યોગ્ય ન્યાય અપાયો છે કે જેવું સામંજસ્ય બીજા કોઇ પણ ગ્રંથમાં નથી! × × આવો અપૂર્વ ધર્મ, આવું અપૂર્વ ઐક્ય કેવળ ગીતામાંજ દેખાય છે. આવી અદ્દભુત ધર્મવ્યાખ્યા અને આવો પરમોત્તમ ભક્તિવાદ કોઇ પણ દેશમાં ને કોઇ પણ કાળે સમજાવાયો નથી.

લોકમાન્ય તિલક–એમણે બૌદ્ધોના ત્રિપીટક, ધમ્મપદ તથા ખ્રિસ્તીઓના બાઇબલ સાથે ગીતાની તુલના કરીને નિર્ણય કર્યો છે કે, દુઃખીને શાંતિ આપનાર, આધ્યાત્મિક પૂર્ણદશાની ઓળખાણ આપનાર અને ટુંકામાં ચરાચર જગતનાં ગૂઢ તત્ત્વો સમજાવી દેનાર ગીતા જેવો ગ્રંથ જગતની કોઇ પણ ભાષામાં નથી.

સનાતન વૈદિક ધર્મરૂપી વૃક્ષનું એ એક અત્યંત મધુર અને પૂર્ણ પાકેલું અમર ફળ છે.

યોગ, સાંખ્ય, ન્યાય, મીમાંસા, ઉપનિષદો વગેરે પૂર્ણાવસ્થાએ પહોંચ્યા પછી વૈદિક ધર્મને જે જ્ઞાનમૂલક, ભક્તિપ્રધાન તથા કર્મયોગપરાયણ એવું છેવટનું સ્વરૂપ અપાયું; અને જે સ્વરૂપ હાલના વૈદિક ધર્મના પાયારૂપ છે; તેજ સ્વરૂપ આ ભગવદ્‌ગીતામાં પ્રતિપાદન કરેલું છે. અને તેથીજ કહી શકાય કે, **હિંદુધર્મનાં તત્ત્વો સંક્ષેપમાં અને નિઃસંદેહ રીતે સમજાવી શકે એવો ગીતા સમાન કોઈ પણ ગ્રંથ સંસ્કૃત વાઙ્‌મયમાં નથી.**

આ ગીતાગ્રંથમાં વૈદિક ધર્મનો જે સમગ્ર સાર સમાયલો છે; તે સારભૂત નિત્યધર્મને

જાણીને કેવળ કર્તવ્ય તરીકે સર્વભૂતહિતાર્થે પ્રબળ પ્રયત્નો કરીને વિજયો મેળવનારા કર્મવીરો તથા ધર્માત્માઓ જ્યારે આ ભારતભૂમિને અલંકૃત કરતા હતા; ત્યારે આ દેશ ઈશ્વરકૃપાને પાત્ર થઇ જ્ઞાન, ચારિત્ર્ય અને ઐશ્વર્યના શિખરે પહોંચેલો હતો; અને જ્યારથી એ બંને લોક-માંથી તારનારો તથા પરમ શ્રેયકારી એવો પૂર્વ-તર ધર્મ છૂટતો ચાલ્યો ત્યારથીજ ભારતવાસી-ઓની દુર્દશા શરૂ થઇ છે.

મહામના માલવીયાજી—આ અદ્‌ભુત ગ્રંથના ૧૮ નાનકડા અધ્યાયોમાં એટલું બધું સત્ય, એટલું બધું જ્ઞાન અને એટલા બધા ઉચ્ચ, ગંભીર તથા સાત્ત્વિક વિચારો ભરેલા છે, કે જે મનુષ્યને નીચામાં નીચી દશામાંથી ઉપાડીને દેવતાને સ્થાને બેસાડવાની શકિત ધરાવે છે.

એફ. એચ. મોલેમ (ઇંગ્લેંડના યાહુદી)-હું પૂરેપુરો એક ઇસાઇતરીકે ઉછર્યો છું અને બાઇબલનો મેં યથાર્થ અભ્યાસ કર્યો છે; છતાં કહેતાં હર્ષ થાય છે કે, એમાં જે લખાયું છે તે માત્ર ગીતાના થોડાક સારરૂપે છે અને ગીતામાંથી જે જે મળે છે તે બાઇબલોમાં મળતું નથી.

મને એજ આશ્ચર્ય થાય છે કે, ભારતીય નવયુવાનો શામાટે અહીં સુધી વિજ્ઞાન શીખવા આવે છે? નિઃસંદેહ એનું કારણ તેમનો પાશ્ચાત્ય દેશો પ્રત્યેનો મોહજ છે. તેમનાં ભોળાં હૃદયોએ હજુ નિર્દય અને અવિનયી પશ્ચિમવાસીઓનાં હૃદય ઓળખ્યાં નથી. વિદેશી શિક્ષણથી મળતી ભપકાદાર પદવીઓની લાલચે તેઓ એ સ્વાર્થીઓની ઈંદ્રજાળમાં ફસાય છે; બાકી જે દેશ યા સમાજને ગુલામીમાંથી છૂટવું હોય તેને માટે તો એ માર્ગ અધોગતિનોજ છે.

હું ઇસાઇ હોવા છતાં પણ ગીતા પ્રત્યે આટલું બધું માન એટલા માટે ધરાવું છું કે જે પ્રશ્નોનો નિકાલ હજુ પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો નથી લાવી શક્યા, તેવા ગૂઢ પ્રશ્નોનો નિકાલ એ ગીતા ગ્રંથમાં શુદ્ધ અને સરળ રીતે આપેલો છે.

એમાંનાં કેટલાંય સૂત્રો અમૂલ્ય ઉપદેશોથી ભરપૂર જણાયાં તેથીજ મારે માટે ગીતાજી યોગેશ્વરી માતા થઇ રહી છે. એ ગીતા દુનિયાની અઢળક સંપત્તિ વડે પણ ખરીદી શકાય નહિ એવો ભારતવર્ષનો અમૂલ્ય–અલૌકિક ખજાનો છે.

મહાત્મા થૉરો—મહાત્મા ગાંધીજી કહે છે કે, તેમના હૃદયમાં સત્યાગ્રહના ભાવો ઉત્પન્ન

થવાના મુખ્ય કારણરૂપે અને આદર્શ તરીકે અમેરિકન મહાત્મા થૅારો છે. તેઓ એકાંત માટે જંગલમાં રહેતા ત્યારે તેમના પટ્ટશિષ્ય એમર્સન એક દિવસ તેમની ઝુંપડી પાસે જઇને જુએ છે તો થૅારો એક પાટ ઉપર સૂઇ રહ્યા છે અને નીચે બે ત્રણ સાપ વિંછી પડ્યા છે! થોડી વારે એ સાપ વિંછી ચાલ્યા ગયા પછી થૅારો જાગ્યા ત્યારે એમર્સને અભિવંદનાદિ કર્યા બાદ સંકોચથી કહ્યું કે "મેં અહીં કેટલાંક ઝેરી જાનવર જોયાં તે કદાચ આપને હેરાન કરે; તેથી આજ્ઞા હોય તો આપનું બિછાનું બીજી જગ્યાએ કરી આપું."

આ સાંભળીને મહાત્મા થૅારોએ ખડખડાટ હસીને કહ્યું કે "એમર્સન! એમાં ભયની શી વાત છે? જ્યાંસુધી મારી રક્ષક **શ્રીગીતામાતા હયાત છે ત્યાંસુધી મને કશોજ ભય નથી."**

મહાત્મા થૅારો એક જગ્યાએ કહે છે કે:- "પ્રાચીન યુગની સર્વ સ્મરણીય વસ્તુઓમાં ગીતાથી શ્રેષ્ઠ કોઇ વસ્તુ નથી. × × ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે તેના લખનાર દેવતાને અગણિત વર્ષ થવા છતાં એવો બીજો એકે ગ્રંથ હજી લખાયો નથી. × ×

ગીતાની સાથે સરખાવતાં જગતનું હાલનું બીજું બધું જ્ઞાન મને તુચ્છ જણાય છે અને વિચાર કરતાં આ ગ્રંથનું એટલું બધું મહત્ત્વ જણાય છે કે આ તત્ત્વજ્ઞાન કોઇ જુદાજ યુગમાં કે સ્થિતિમાં લખાયલું હોવું જોઇએ. × × હું રોજ **પ્રાત:કાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતારૂપી પવિત્ર જ્ઞાનામૃતમાં સ્નાન કરાવું છું.**"

મહાત્મા એમર્સન:—અમેરિકાનો આ સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર ગીતાને ઇષ્ટદેવની મૂર્તિ સમાન ગણીને પોતાની સામે રાખતો. કેમકે ગીતાને તે સમગ્ર વિશ્વના સાહિત્યમાં સર્વોત્તમ ગ્રંથ, ચિંતનની સર્વશ્રેષ્ઠ સામગ્રી તથા માનવજાતિના અનુભવની સૌથી મહાન સંપત્તિ માનતો હતો. જ્યારે તે એમાંનો '**सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि।**' એ શ્લોક વાંચતો, ત્યારે તેનું આખું શરીર પુલકિત થઇ રહેતું; હૃદય નાચી ઉઠતું અને કલાકોના કલાકો સુધી તે આનંદાશ્રુ વહાવતો!

સાધુ વસવાણી:—ગીતા ગ્રંથ એવો અમૂલ્ય અને આધ્યાત્મિક ભાવોથી ભરેલો છે કે જેથી હું વખતોવખત પરમાત્માને પ્રાર્થું છું કે, મરતાં સુધી ગીતાનો સંદેશ એકથી બીજા સ્થળે

પહોંચાડી શકું એવી શક્તિ તે દયા કરીને આપે.

ટી. વી. શેષગિરિ અય્યર:—ગીતામાં સંસારના સર્વ ધર્મોનાં સર્વોત્તમ તત્ત્વ છે. તે ગૃહસ્થનાં કર્તવ્યોનું પૂર્ણ ધર્મશાસ્ત્ર છે; સૌથી મહાન અવતારની વાણી છે અને અમારા ધાર્મિક તથા સામાજિક જીવનનો સર્વોત્તમ સાર છે.

મહર્ષિ દ્વિજેન્દ્રનાથ:–પાશ્ચાત્ય દાર્શનિક ગ્રંથો ભલેને ખૂબ ચમકે; પરંતુ અમારા આ ધર્મદીપકનો પ્રકાશ તેથીયે વધુ ઝળકીને તેમને ઝાંખા પાડી દેશે.

ટી. સી. કેશવાલુ પિલ્લે:–આપણાં બાળકોને શરૂથીજ ગીતાનો પાઠ કરવાની ટેવ પાડવી જોઇએ. આપણી નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ગીતા સિવાય બીજા કોઇ શિક્ષક કે માર્ગદર્શકની જરૂર નથી.

પ્રૉ. રંગાચાર્ય:–હિંદુઓને સાંપ્રદાયિકતાથી રહિત એવું ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવા માટે શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જેવો બીજો કોઈપણ ગ્રંથ નથી. તેમાં પ્રતિપાદન કરેલા સઘળા નૈતિક અને ધાર્મિક આદેશ પરમાત્માની આજ્ઞારૂપ છે.

ભક્તરામ શર્મા:—હાલમાં સર્વ કોઇ સ્વીકારે એવી કોઈ વસ્તુ હોય તો તે માત્ર એક

ભગવદ્‌ગીતા છે. વ્યાસમુનિએ ગીતાશાસ્ત્ર રચીને હિંદુઓને એક તંતુથી બાંધી દીધા છે. જો આપણે ગીતા તરફ પૂરતું ધ્યાન આપીએ તો સંસારમાંથી સમસ્ત વેર-વિરોધ નાશ પામે.

શ્રી. મજુમદાર—પ્રિય ભાઈઓ! પરમાત્માના આ ગીતારૂપી હૃદયને સદાનો સાથી બનાવો. નિત્ય પાઠ કરતા રહી તેનો પ્રવાહ તમારા હૃદયમાં વધુ ને વધુ વહેવરાવવાનો પ્રયત્ન કરો અને પછી જોઈ લ્યો કે શું થાય છે? અવશ્ય તમારૂં ખૂબ કલ્યાણ થશે.

ડૉ. મેકનિકલ:–ગીતાગ્રંથ બુદ્ધિની પ્રખરતા, આચારની ઉત્તમતા અને ધર્મોત્સાહનું અપૂર્વ મિશ્રણ રજુ કરે છે.

પંડિતવર શ્રીલક્ષ્મણજી શાસ્ત્રી:–ધર્મનાં ગૂઢ રહસ્યોને સરળ અને સુરસ એવા થોડાક શબ્દોમાં પ્રકટ કરવાની અપૂર્વ શક્તિ તો માત્ર શ્રીગીતાજીમાંજ રહેલી છે.

એફ. ટી. બ્રુકસ:–ભારતવર્ષના ઉજ્જવળ ભૂતકાળનું આ મહાન દાન એવું અસરકારક છે કે જે માનવજાતિનું હજી વધુ ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ કરશે.

વિલ્હેલ્મ ફોન હુમ્બોલ્ટ (એક મહાન

જર્મન):-સંસારમાં જેટલા ગ્રંથો છે તેમાં ક્યાંય ગીતા જેવા સૂક્ષ્મ ને ઉન્નત વિચારો મળતા નથી. (દુનિયાના સૌથી વધુ વાંચવા યોગ્ય ગ્રંથ· તરીકે જર્મનીમાં પણ ગીતા સૌથી વધુ વંચાય છે.)

મહેરબાબાજી—ભગવાન શ્રીકૃષ્ણ હિંદુ· જાતિમાં જન્મવાથી ગીતાને લોકો હિંદુઓના- જ ધર્મગ્રંથ માને છે; પરંતુ વાસ્તવમાં આ ગ્રંથ સમસ્ત માનવજાતિનો છે.

ચીની અનુવાદક—આ મહાત્મા શ્રીકૃષ્ણ-ના જ્ઞાન ઉપર એટલો આસક્ત હતો કે તે રોજ વાંચીને ત્રણ ચાર વાર પ્રેમરુદન કરતો; અને ચીનાઓએ તો એનુંજ નામ "કિષનજી" (કૃષ્ણજી) પાડી દીધું હતું; તથા અત્યારે એનું મૂળ નામ તો ત્યાં કોઇ જાણતુંજ નથી.

વૉરન હેસ્ટિંગ્સ—કોઇ પણ જાતિને ઉન્નતિના શિખરે ચઢાવવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે.

મહાન અકબરનો પૌત્ર દારા—મારામાં ગીતાનાં પૂરતાં વખાણ કરવાની શક્તિ નથી.

મહાત્મા ગાંધીજી:—એક વાર મારો અંતકાળ પાસે આવેલો જણાયો ત્યારે ગીતા

મને બહુજ આશ્વાસનરૂપ થઇ હતી. × × × જ્યારે જ્યારે હું બહુ ભારે મુશ્કેલીઓથી ઘેરાઇ જાઉં છું ત્યારે ત્યારે હું ગીતામાતાની પાસે દોડી જાઉં છું અને એમાંથી મારૂં સમાધાન ન થયું હોય એવું કદી બન્યું નથી.

સ્વામી વિવેકાનંદજી—'શ્રીમદ્‌ભગવદ્‌-ગીતા' એ ઉપનિષદ્‌રૂપી બગીચાઓમાંથી વીણી કાઢેલાં આધ્યાત્મિક સત્યોરૂપી પુષ્પોથી ગુંથેલી સુંદર છડી કિંવા કલગી છે.

ભગવાન જ્ઞાનેશ્વર:—ગીતામાં વેદોના ત્રણે કાંડ સ્પષ્ટ કરેલા છે તેથી તે મૂર્તિમાન વેદરૂપ હોઇને ઉદારતામાં તો વેદથીએ વધુ છે. × × જે કોઇ ગીતાગ્રંથ બીજાઓને આપે તેણે લોકો-ને માટે મોક્ષસુખનું સદાવ્રત ખોલેલું જાણવું. × × ગીતારૂપી માતા અને મનુષ્યોરૂપી બાળકો હવે છૂટાં પડેલાં ભટકે છે; માટે તેમનો મેળાપ કરાવવો, એ પણ સર્વ સજ્જનોનો મુખ્ય ધર્મ છે.

ભગવાન શંકરાચાર્ય—गेयं गीता नाम-सहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् । नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम्॥

ભાવાર્થ:—દુ:ખમાત્રની આત્યંતિક નિવૃત્તિ અને પરમ સુખની નિત્યપ્રાપ્તિ માટે ગાન તો માત્ર

ગીતાનું અને વિષ્ણુસહસ્રનામનું ગાવા યોગ્ય છે; **ધ્યાન તો** શ્રીપતિનું ધરવા યોગ્ય છે; **ચિત્ત** તો સાચા સજ્જનોના સંગમાં પરોવવું યોગ્ય છે અને **વિત્ત તો** દીન-દુઃખીઓને આપવું યોગ્ય છે.

મહર્ષિ વ્યાસ–गीता सुगीताकर्त्तव्या किमन्यैः शास्त्रविस्तरैः । या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥

ભાવાર્થઃ–સ્વયં વિષ્ણુ ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલા ગીતાશાસ્ત્રને ગાવા અને પાળવા જેવું પરમ કર્તવ્ય હોવા છતાં અન્ય શાસ્ત્રોની ગડમથલમાં પડવાની શી જરૂર છે?

गीता मे हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीता मे ज्ञानमत्युग्रं गीता मे ज्ञानमव्ययम् ॥
गीता मे चोत्तमं स्थानं गीता मे परमं पदम् ।
गीता मे परमं गुह्यं गीता मे परमो गुरुः ॥

અર્થાત્ ગીતા એ મારૂં હૃદય છે; ગીતા મારો ઉત્તમ સાર છે; ગીતા મારૂં અતિ ઉગ્ર જ્ઞાન છે; ગીતા મારૂં અવિનાશી જ્ઞાન છે; ગીતા મારૂં શ્રેષ્ઠ નિવાસસ્થાન છે; ગીતા મારૂં પરમ પદ છે; ગીતા મારૂં પરમરહસ્ય છે અને ગીતા મારો પરમ ગુરુ છે.” **ગીતાગાયક શ્રીકૃષ્ણ**

उत्तम चरित्रोनी असर

અરીસા વડે પોતાના ચહેરામાં ડાઘ જોતાં-જ મનુષ્ય તેને કાઢી નાખી કાંતિ વધારવા મથે છે; તેમ સારા ચરિત્રરૂપી આરસી વડે તે પોતાના ગુણદોષ સમજી લઇ દોષોને ટાળવા તથા સદ્ગુણોને વધારવા જાગ્રત થાય છે. અને ઉપદેશથી જે કામ ન થાય તે રૂડાં જીવનચરિત્ર પાર પાડે છે.

ઉત્તમ ચરિત્રો વાંચવાથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણામાં કૌવત, હિંમત, મહત્ત્વાકાંક્ષા અને શ્રદ્ધા જાગી ઉઠી રૂડાં અને મોટાઓનાં કામોમાં જોડાવા–ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ ચરિત્રોના સહવાસમાં આવવું અને ઉન્નત થવા પ્રેરાવું, એ તે તે ઉત્તમ આત્માઓ અથવા મંડળનો સહવાસ સેવવા બરાબર છે.

ઉત્તમ ચરિત્રો બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલું બધું ઉત્તમ બનાવી શકે; કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે; કેવી ઉચ્ચ અસરો ફેલાવી શકે અને મહત્તા મેળવવાનો માર્ગ સર્વ કોઇ માટે ઉઘાડો છે.

આ સંસ્થાના ઉત્તમ ગ્રંથો

સ્વર્ગનું વિમાન ૧ા= સ્વર્ગની કુંચી...૧ા=
સ્વર્ગનો ખજાનો ૧ા= સ્વર્ગનો પ્રકાશ ૧ા=
શ્રીસુબોધ રત્નાકર ૦ાા ઉપદેશસાર સંગ્રહ ૧)
ગીતાદિ પંચરત્ન-ગુ૦ ટીકા સાથે ૦ા, ૦ાા
ભગવદ્‌ગીતા-માત્ર સરલાર્થરૂપે ૦)-ાા પાકું ૦)=
ભગવદ્‌ગીતા-મૂળ તથા સરલાર્થ ૦)=,૦)≡,૦ા,૦ા=
" " શ્રીધરી ટીકા સહિત ૦ા-
ભગવદ્‌ગીતા મૂલમાત્ર-મધ્યમ ૦ા, સ્થૂલાક્ષર ૦ાા
પંચરત્નગીતા મૂળ ૦ા, મધ્યમ ૦ા=, સ્થૂલ ૦ાા
શ્રીવિષ્ણુસહસ્રનામ-ગુ૦ ટીકા સાથે ... ૦)-ાા
સુખી જીવનનાં સાધન... ... ... ૦ાા=
સુખસામર્થ્ય, સમૃદ્ધિ, વિ૦ ચમત્કાર ૧)
ભાગ્યના સ્રષ્ટાઓ-નવી આવૃત્તિ... ... ૧ા
બંકિમ નિબંધમાળા-ધર્મતત્ત્વ સાથે ... ૧ાા
આદર્શ દૃષ્ટાંતમાળા-બે ભાગમાં...૧)=,અને ૧ા
આગળ ધસો-નવી આવૃત્તિ ... ... ૧ાા
શુભસંગ્રહ-ભાગ ૧ લો ૦ા, બીજો ૨ા, ત્રીજો ૧ા
૪ થો ૧ા, ૫ મો ૧ા, ૬ ઠ્ઠો ૧ાા, ૭ મો ૧ા
આર્યોના સંસ્કાર અથવા હિંદની વિદ્યાકળા ૦ા
રાજસ્થાનનો ઈતિહાસ-બે મોટા ગ્રંથોમાં ૧૦)
આર્યભિષક્-આઠમી આવૃત્તિ ... ... ૩)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત ૦ા

३॥
२॥
।॥
१।
६)
३)
२॥
१।
।॥
१॥
।॥
०।
१)
२)
१॥
०।
०।
०।
)≡
।-